# કથીર અને કંચન



મિત્રાનંદવિજયજી મહારાજ


PANCHAL

નમો નમઃ શ્રી ગુરુ પ્રેમ સૂરયે

પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા

પુષ્પ-૧૦

# કથીર અને કંચન



: લેખક :

પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્યરત્ન
પૂ. પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવર સુશિષ્ય
પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદ વિજયજી મહારાજ

પદ્મ પ્રકાશન – બોરસદ

: પ્રકાશક :

(૧) પૂ. પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા
C/o શા. ચંપકલાલ ચતુરદાસ
કાશીપુરા, બોરસદ

★

(૨) શા. બીપીનચંદ્ર શાંતિલાલ
C/o ૨૭૦૮, જળકુકડી બીલ્ડીંગ
નીશાપોળનાકે, રીલીફરોડ
અમદાવાદ

★

(૩) શા. અમૃતલાલ નાગરદાસ
ન્યાયમંદિર, મરચીપોળ
રતનપોળ–અમદાવાદ

---

: પ્રાપ્તિસ્થાન :

(૧) સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, ૧ લે માળે
ઝવેરી બજાર, મુંબઈ ૨

(૨) સરસ્વતી પુસ્તકભંડાર
C/o પં. ભુરાલાલ કાળીદાસ
રતનપોળ, હાથીખાના
અમદાવાદ

(૩) નરેન્દ્ર એસ. શાહ, એમ. કોમ. એલ. એલ. બી.
દસ્તૂર મેનશન, ઓપોઝીટ ટ્રાઈયેંગલ ગાર્ડન,
મીરજાપુર ચાર રસ્તા, અમદાવાદ–૧

: મુદ્રક :

કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ. મંગલ મુદ્રણાલય
રતનપોળ, અમદાવાદ.

પરમપૂજ્ય સિદ્ધાંતમહોદધિ કર્મશાસ્ત્રરહસ્યવેદી
સુવિશાલગચ્છાધિપતિ-સંયમત્યાગતપોમૂર્તિ શાસન-
શિરતાજ પરમગુરુદેવ સ્વ. આચાર્યદેવ



શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ

# : વિષય દર્શન :


| વિષય | પેજ |
| --- | --- |
| ભોગ ત્યાગ અને પ્રતિજ્ઞાધર્મ. | ૧ |
| જીવનનું અમૃત. | ૧૦ |
| અહિંસાનો પયગામ. | ૧૬ |
| મંત્ર રસાયણ. | ૧૯ |
| ભક્તિ રસાયણ. | ૨૫ |
| પ્રભુભક્તિના સાધનો. | ૩૪ |
| દુઃખમય સંસાર. | ૩૫ |
| ધર્મનાયક શ્રી તીર્થંકરદેવ. | ૪૦ |
| જૈનશાસનનો મહામંગલકારી તપ. | ૬૧ |
| તીર્થયાત્રા. | ૮૧ |
| સફળતાના સોપાન. | ૯૧ |
| જ્ઞાનદીપ. | ૯૬ |
| ધર્મામૃત. | ૧૦૪ |
| વિનાશના ચાર માર્ગો. | ૧૧૪ |
| માધુકરી | ૧૨૪ |
| મનનમધુ | ૧૩૫ |
| શુભ–અશુભકર્મનાં ફળ | ૧૪૧ |

# પ્રકાશકીય

જૈનપુરી–અમદાવાદ શેખના પાડામાં વસતા ધર્માત્મા દલાલ કલ્યાણભાઈ મણિભાઇ રાવના ધર્મનિષ્ઠ સુપુત્રો મનુભાઇ,શૈલેશભાઈ, ચંદ્રકાંતભાઈ, અરવિંદભાઇ અને જિતેન્દ્રભાઈની ઇચ્છાથી તેઓના પૂ. પિતાશ્રીના પુણ્ય સ્મરણાર્થે ચિંતનસભર લેખોથી સમૃદ્ધ આ 'કથીર અને કંચન'નું પ્રકાશન કરવામાં આવ્યું છે. મનુભાઈ આદિ પોતાના પિતાશ્રીની શ્રાવકકુળને શોભે તેવી સુંદર જિનભક્તિ,ગુરુપર્યુપાસના અડગ ધર્મશ્રદ્ધા, ધર્મશ્રવણ મહાન પવિત્ર સાત ક્ષેત્રનું પોષણ,તેમજતીર્થયાત્રાદિધર્મકાર્યોના વારસાને તથા સાદાઇ સરળતા પરગજુ સ્વભાવ વગેરે સદ્‌ગુણોને જાળવે, પામે અને એમાં વૃદ્ધિ કરે એજ અભિલાષા

**લિ. પદ્મપ્રકાશનના કાર્યવાહકો**
**શા. રસિકલાલ રામચંદ**
**શા. વિનોદચંદ્ર શાંતિલાલ.**
**શા. ચંપકલાલ ચતુરદાસ.**
**શા. બીપીનચંદ્ર શાંતિલાલ.**

## દશવર્ષીય નવા મેમ્બરો

રૂ. ૫૧) શા. વાડીલાલ ચુનીલાલ
માંડવીની પોળ, **અમદાવાદ**


રૂ. ૫૧) શા. ભોગીલાલ કેશવજી
કણબીવાડ, ચાંચડની શેરી, ભાવનગર

---

સં. ૨૦૨૮ મૌનએકાદશી. આવૃત્તિ ૧, નકલ ૧૨૫૦

પરમપૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ

શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટધરરત્ન



પૂ. પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાન-વાચસ્પતિ

આચાર્ય દેવ

**શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ**

# પ્રવચન સુધા

**પરમપૂજય પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના જિનાજ્ઞાસારગર્ભિત પ્રવચનોમાંથી કર્મરોગઉપર અમૃત જેવી અદ્ભુત અસર કરતા વચનો ઘણા કલ્યાણાર્થી આત્માઓની માગણીથી અહિં રજુ કરાય છે.**

**સં૦ શા. રસિકલાલ રામચંદ**

(૧) જગતમાં ત્રણ દયાપાત્ર છે. સુખી, દુઃખી અને પાપી. તમને વધારે દયા કોની આવે? સુખીને તો તમે બધા હાથ જોડો છો. પાપીને તમે ગણતા નથી. તમને દયા દુઃખની આવે. જ્ઞાનીને સુખીની દયા આવે છે.

(૨) સંસાર કેવો? ક્વચિત્ સુખ બાકી મોટે ભાગે દુઃખ. સુખ પણ કેવું? મોટેભાગે દુઃખનું કારણ.

(૩) દુઃખમાં સુખની આશા અને સુખમાં પાગલતા એ સંસારી મોહાંધ જીવનું લક્ષણ છે. આવા જીવો ધર્મમાટે લાયક નથી.

(૪) 'મરીને કયાં જવું છે?' એનો વિચાર કર્યા વિના જીવન ની શરુઆત કરે એ ભણેલો પણ અભણ છે.

(૫) જે ભણેલાને મરણ યાદ ન હોય, પુણ્યપાપનો વિવેક ન હોય, પુણ્ય કરતા આનંદ ન હોય, પાપ કરતા કંપારી નહોય એ ભણેલાને જ્ઞાની કહેવાય કે અજ્ઞાની!

(૬) લક્ષ્મીની મૂર્છા ઉતરવા અને આરંભાદિકને ઘટાડવા શ્રાવક વારંવાર તીર્થયાત્રા કરે.

(૭) ધન અને ભોગની જેણે જગતમાં પ્રતિષ્ઠા ઉભી કરી એણે જગતને સત્યાનાશના માર્ગે વાળ્યું છે.

(૮) ધનથી ધર્મ નથી થતો પણ ધર્મીથી ધર્મ થાય છે. ધર્મી ધનને ધર્મનું સાધન બનાવે એથી ધન એ કાંઈ ધર્મનું સાધન ન કહેવાય ધન તો પરિગ્રહજ કહેવાય.

(૯) સંસાર ભૂંડો, મોક્ષ સારો અને ધર્મ મોક્ષ મેળવવા કરવાનો છે—આ ત્રણ વાતો કહેવા માટે જ સઘળા શાસ્ત્રો રચાયા છે.

(૧૦) આજે ભીખ માગવાનો પ્રવાહ ચાલ્યો છે. સારા સારા માણસો પાસે પૈસા હોવા છતાં સારા કામ માટે ભીખ માગવા નીકળે છે. માગતા પુરું ન થયું એટલે હવે નાટકો કરી મેળવતા થયા છે. લખપતિ બ્રાહ્મણ લોટ માગવા નીકળે તેમ આજના શ્રીમંતને માગવા નીકળતા શરમ નથી.

(૧૧) સર્વજ્ઞ સિવાય સંસારને કોઈ ઓળખાવી શકે નહિ. એ ન હોત તો તમે અને અમે બન્ને આંધળા જ હતા. બલિહારી એ શ્રીતિર્થંકરદેવોની કે જેમણે સંસારની ક્રૂરતા ઓળખાવી ઘોર અંધકારમાં પ્રકાશનો દીવો પ્રગટાવ્યો.

(૧૨) દુઃખ આવી પડે તો આનંદ પામતા શીખો! તાકાત હોય તો આવેલા સુખને છોડો!! ન છૂટે તો પાગલની માફક નહીં જ ભોગવવાનો નિર્ણય કરો!!! સુખ માટે ચાલે ત્યાંસુધી કોઈ ખરાબ કામ નહિ કરૂં તેવો નિશ્ચય કરો.

(૧૩) પુણ્યથી મળેલા સુખમાં લહેર કરવી એટલે પોતાના હાથે જ દુર્ગતિ ઊભી કરવી.

(૧૪) કોઈનું મારે ન જોઈએ મારું સૌના કામમાં આવે તેવી ભાવના એજ સાચી ઉદારતા.

(૧૫) સંસારમાં સુખી કોણ? પહેલા નંબરે સાધુ સુખી પછી દેશવિરતિધર શ્રાવક સુખી પછી સમકિતી સુખી અને તે પછી માર્ગાનુસારી સુખી.

(૧૬) અનીતિથી મળતું ન ઈચ્છે તે માર્ગાનુસારી
નીતિથી મળેલું સુખ પણ ભુંડું લાગે તે સમકિતી.
,, ,, ,, થોડું થોડું છોડવા માંડે એ શ્રાવક.
,, ,, ,, સંપૂર્ણ છોડે તે સાધુ.

(૧૭) દુઃખ આપનારા કર્મોની ઉદીરણા કરવી. સુખ આપનારા કર્મોને ફેંકી દેવા અને પાપ કરાવનાર કર્મો ઉપર ચોકી મૂકવી એનું નામ ધર્મ.

(૧૮) કર્મ આપણુને ધારે ત્યારે રોવરાવે અને ધારે ત્યારે હસાવે? કર્મ રોવરાવવા માગેને ન રોઈએ એવી શકિત મેળવવા માટે ધર્મ છે.

(૧૯) દુનીયાના સુખોના માગણ પાસે સુખ ઉભું રહે? અને એ ટેસથી માગે એની પાસે રહે? વાસુદેવો ટેસથી સુખ માગે છે. એ સુખ માગે ત્યારે સમક્તિ જાય પણ એ માગનારની ધર્મસાધના કેવી! ઉંચી. ધર્મથી સુખ મળે એમાં કોઈ વિરોધ ન કરી શકે પણ તમારા ધર્મથી સુખ મળશે કે કેમ એ સવાલ છે.

(૨૦) કષ્ટ વિના ધર્મ નથી. પણ ધર્મમાટે વેઠવું પડતું દુઃખ સંસારના સુખ માટે જીવોએ વેઠેલા દુઃખ કરતા અનંતમા ભાગેય નથી.

(૨૧) હમણાં આપણા બધાની ઈચ્છા શું ? 'દુઃખ ન જોઈએ.' કારણ આપણે કાંઈ પાપ કર્યા નથી, કરતા નથી એમજ ને ? આપણે રાગને દ્વેષને –ક્રોધ–માન–માયા–લોભને પાપ માનીયે ?

(૨૨)પ્ર૦ ધર્મ કરનારના પાપનું નિવારણ ધરમ કરે ને ?
ઉ. ગાઢ પાપનો ઉદય હોય તો ન ય કરે !

(૨૩) પ્ર૦રાગ કરવાથી તો અમને સુખનો અનુભવ થાય છે ?
ઉ. થાય. પુણ્યનો ઉદય છે માટે થાય. ઘણા રાગવાળા રુવે છે. એ સુખનો અનુભવ રાગ જન્ય નથી પુણ્યના ઉદયનું ફળ છે.

(૨૪)પ્ર૦ પ્રતિકૂળતા તો ધર્મીને પણ આવે છે ? ઉ. પાપનાં ઉદયે આવે પણ એને એની તકલીફ નથી. એ વેઠવા બેઠા છે, એને એમાં લહેર છે. દુઃખ કાઢવામાં બધી મુશ્કેલી છે. દુઃખ વેઠવામાં નથી.

(૨૫)આપણે ત્યાં કોઈ ધર્મ એવો નથી. જેનાથી નિર્જરા ન થાય, પુણ્યનો બંધ ન પડે. પણ સુખ માટે પુણ્યની ઈચ્છા અને એનાથી મળતું સુખ મહાભુંડું છે.

(૨૬)દુનિયાનું કોઈ પણ સુખ મળે પુણ્યથી મેળવવાની ઈચ્છા, મેળવવાની મહેનત એ પાપ.ભોગવાય પુણ્યથી ભોગવવાની ઈચ્છા પાપ. સચવાય પુણ્યથી સાચવવાની ઈચ્છા એ પાપ છે. પુણ્યથી મળેલું સુખ ફેંકી દેવા જેવું એમ બોલતા ખચકાય તે હકીકતમાં સાધુ નથી.

(૨૭)સુખની ઈચ્છાથી કરાયેલો, અમૃત જેવો ધર્મ પણ ઝેર બની જાય.

# અમારા ધર્મશીલ પૂ. પિતાશ્રી



## શા. કલ્યાણભાઈ મણીભાઈ રાવ

જન્મ: તા. ૨૩-૧-૧૯૦૩ મૃત્યુ: તા. ૧૫-૭-૭૧

જેઓશ્રીના લૌકિક લોકોત્તર અગણિત ઉપકારોની પુણ્યસ્મૃતિમાં આ '**કથીર અને કંચન**' ગ્રંથ તેઓશ્રીના પાવન કરકમલમાં અર્પણ કરી કંઈક કૃતાર્થતા અનુભવીયે છીયે.

# ભોગ......ત્યાગ અને પ્રતિજ્ઞાધર્મ:

ભોગની મીઠાશ આપણે ચાખી છે.

ભોગ આપણને ગમે છે.

રોજીંદો ભોગનો અભ્યાસ આપણને ભોગ તરફ ખેંચે છે. ભોગની વાસનામાં આપણે ગળાબુડ ડૂબ્યા છીએ. પણ શાલિભદ્ર જેવું ભોગનું વિશિષ્ટ પુણ્ય આપણી પાસે નથી. તેથી ભોગ માટે આપણે ફાંફાં મારીએ છીએ. અથાગ પ્રયત્નો બાદ મામુલી પુણ્યથી મામુલી ભોગ આપણને મળે છે. એ તુચ્છ ભોગોનો ક્ષણિક આનંદ માણી લઈને ભોગની ભૂખ ખૂબ વધારીએ છીએ. એ તુચ્છ ભોગમાં આસક્ત બની પુણ્ય ખતમ કરીએ છીએ અને આ જન્મમાંથી રવાના થઈ એવી ગતિ અને જાતિમાં જઈએ છીએ કે જ્યાં ભોગની ભૂખ આપણને પારાવાર પડે છે. જ્યારે ભોગ અને ભોગની સામગ્રી આપનાર પુણ્ય ત્યાં ખતમ થયેલું હોય છે.

આ છે આપણા ભોગ ભૂખ્યા જીવનની કરૂણ ઘટમાળ.

ત્યાગની મીઠાશ આપણે ચાખી નથી.

ત્યાગ આપણને ગમતો નથી.

ત્યાગનો અભ્યાસ આપણે પાડયો નથી.

પાપ, ભોગ, કે સુખનો ત્યાગ કરવા આપણે તૈયાર નથી. માટે જ જીવનમાં કોઈ પ્રતિજ્ઞા લેવાની વાત આવે ત્યાં પીછેહઠ કરીએ છીએ.

માણુસ ભોગની ભૂખ સંતોષવા, સુખની સામગ્રી મેળવવા

કે પોતાનું ઈષ્ટ–ધાર્યું સિદ્ધ કરવા કપરામાં કપરી મહેનત મજૂરી કરે છે. પરંતુ એને કોઈ વ્રતપાલનની, ધર્માનુષ્ઠાન સેવવાની કે પાપત્યાગની પ્રતિજ્ઞા લેવાનું કહે તો ભડકી ઊઠે છે. એક બે નહિ પણ સત્તર બહાના કાઢી છટકવા મથે છે. પ્રતિજ્ઞાના અઢળક પુણ્યલાભો અચૂક મળવાના છે, છતાં વર્તમાનમાં સુખ છોડવું પડે અને દુઃખ વેઠવું પડે એવું કાંઈ જ કરવા એ તૈયાર નથી.

ઘણા કહે છે કે 'નિયમ વિના પાળીશું' પણ એવું મનોબળ છે ક્યાં? ખરેખર તો એમાં નિયમનો ભંગ થવાના ડર કરતાં મનની નિર્બળતા જ કામ કરે છે. સંસારની હરકોઈ પ્રવૃત્તિમાં નિડરપણે આગળ ધપનાર માણસ નિયમના ભંગનો ડર બતાવે એ કેવળ બચાવ જ છે ને? પાપને પાપ સમજીને અથવા ધર્મને ધર્મ સમજીને પ્રતિજ્ઞા લીધા પછી પ્રતિજ્ઞાભંગનો ડર અડગપણે પ્રતિજ્ઞા પાળવામાં સહાયક બને છે.

વ્યાપાર કરતી વખતે ખોટ જશે તો? છોકરીને પરણાવતાં એને રંડાપો આવશે તો? બંગલો બાંધતાં, ધરતીકંપથી પડી જશે તો? લગ્ન કરતી વખતે સ્ત્રી મરી જશે ને લગ્નનો ખર્ચ માથે પડશે તો? સ્ટીમર કે પ્લેનમાં બેસતાં સ્ટીમર ડૂબી જશે તો પ્લેન તૂટી પડશે તો? રેલ્વેમાં બેસતાં અકસ્માત થશે તો? ઓપરેશન કરાવતાં મરી જઈશ તો આવો ડર માણસ કદી રાખતો નથી. નજર સામે વિપરીત પરિણામો જોવા છતાં, સાંભળવા છતાં લાભની આશાથી સાહસો ખેડે જાય છે.

ભગવાન મહાવીરદેવનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે કે 'જીવનમાં પાપ ન કરો તોય પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણપૂર્વક પાપોને તિલાંજલિ ન આપો, ત્યાં સુધી, પાપની જડ ઊખડતી નથી. સર્વથા પાપનો ત્યાગ થતો નથી. અવિરતિ નામનું પાપ ઊભું જ રહે છે. જરૂર પડે પાપ કરી લેવાની 'અપેક્ષા' મનમાંથી ખસતી નથી.

૧ * પ્રતિજ્ઞા વિના થતો પાપનો કે વસ્તુનો ત્યાગ એ ધર્મ સ્વરૂપ બનતો નથી.

૨ * પ્રતિજ્ઞા વિના ધર્માનુષ્ઠાનમાં સ્થિરતા કે રસ જામતો નથી.

૩ * પ્રતિજ્ઞા વિના મનની નિર્બળતા દૂર થતી નથી. મન સત્ત્વશાળી બનતું નથી.

૪ * આજે દેશના વડા પ્રધાનોને પણ સોગંદવિધિ કરવો પડે છે.

૫ * જે પરમ પુરુષોની ધીરતા સામે મેરુ લાજે તેવા શ્રી તીર્થંકર-ગણધરદેવો પણ પ્રતિજ્ઞાપૂર્વક પાપનો ત્યાગ કરે છે અને કર્મની કાતિલ જંજીરો તોડી આત્માને પરમાત્મ સ્વરૂપ બનાવવા ઘોરાતિઘોર અભિગ્રહો જાવજ્જીવ પાળે છે.

૬ * ઉપદેશપદમાં ભગવાન હરિભદ્રસૂરિ મહારાજા લખે છે કે-'મુમુક્ષુ આત્માઓ એક ક્ષણ પણ અભિગ્રહ વિનાનું જીવન જીવી શકતા નથી.'

૭ * આપણી શકિત અને સંયોગ મુજબ પ્રતિજ્ઞા-નિયમ લેવાનું શાસ્ત્રવિધાન છે. એ રીતે પ્રતિજ્ઞાના મંગલમાર્ગે ડગ

ભરવાથી પાપના દ્વાર બંધ થાય છે. કર્મનો ક્ષય ચાલુ થાય છે. મન–વચન કાયાની પુણ્યશકિતનો વિકાસ થાય છે. ભોગ વૃત્તિનાં ઉછાળા શમે છે. મનના સંકલ્પવિકલ્પોને બ્રેક લાગે-છે. આપણને અનુભવ છે કે પચ્ચક્ખાણ કરવાથી ભૂખની અસર જણાતી નથી. ખાવાપીવાના વિચારોના દ્વાર બંધ થાય છે.

૮ * બહારગામ જતાં પહેલાં તમે નોટિસ ન આપો તો મ્યુનિસિપાલિટિનું, ઈલેકટ્રીકનું તથા નળવગેરેનું બીલ ભરવું પડે છે. એ સાધનોનો ઉપયોગ નથી કર્યો તોય ભરવું પડે છે. ઘરનો કબજો ન સોંપો ત્યાં સુધી ઘરનું ભાડું ભરવું પડેછે. નાણાનું વ્યાજ ભરવું પડેછે. ભાગીદારીમાંથી છુટા ન થાવ ત્યાં સુધી વેપાર ધંધામાં નફો નુકશાની ભોગવવી પડે છે. તેમ પાપ ન કરો, વસ્તુનો ભોગવટો ન કરો, દોષ ન સેવો તોય પચ્ચક્ખાણ દ્વારા પાપ, ભોગને કે દોષને નોટીસ ન આપો અર્થાત્ એનો ત્યાગ ન કરો ત્યાંસુધી પાપ લાગે છે. ફરી યાદ રાખી લો કે એ 'અવિરતિ' નામનું પાપ છે. પાપની અપેક્ષારૂપ પાપ છે. એજ પાપની જડ છે. પાપનું મૂળ છે. મૂળ સાબૂત હોય ત્યાં સુધી ફરી ઝાડ ઊગવાની શકયતા છે. તેમ અવિરતિરૂપ મૂળીયું જીવતું હોય ત્યાં સુધી પાપનું વૃક્ષ ઉગ-વાનો સંભવ છે. માટે આ મોંઘેરા માનવ જન્મને પામીને પાપનું મૂળ ઉખેડી નાખવાનો પુરૂષાર્થ કરો.

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવના શાસનમાં પચ્ચક્ખાણ પૂર્વક પાપના ત્યાગમાં, ભોગના ત્યાગમાં, ભોગની અપેક્ષાના ત્યાગમાં, દોષોના ત્યાગમાં ધર્મ કહયો છે

'મળ્યાના અમીર, અને ન મળ્યા ફકીર,'
'ન મળી નારી, તેથી રહ્યા બ્રહ્મચારી.'

આવી ફકીરી કે બ્રહ્મચર્યને ધર્મ કહી શકાય નહિ. વસ્તુનો અભાવ કે ભોગવટાનો અભાવ જો ત્યાગ ગણાતો હોય, તો ભિખારી ધનમાલ મીલ્કતનો ત્યાગી ગણાવો જોઈએ. મીલમજૂરો આદિ ઘી દૂધ જોવા પામતા નથી, એને ઘી દૂધના તથા વિષયના ત્યાગી કહેવા જોઈએ. મૂંગા માણસોને મૌનધારી અથવા અસત્યના ત્યાગી કહેવા જોઇએ. ઠુંઠા માણસોને અહિંસક. પાંગળાઓને દિક્પરિમાણ વ્રત-વાળા, નપુંસકને બ્રહ્મચારી, ટાઈફોડ, સંગ્રહણી કે ડાયબીટીસના દર્દીઓને મેવા મીઠાઈના ત્યાગી, મુસાફરો એક ટંક ખાવા પામે છે એમને એકાસણું કરનારા, રીસાઈને ન ખાનારને તથા દેવતાઓને ઉપવાસવાળા, નાટક સિનેમા જોઈને સવારે ૧૦ વાગે ઊઠનારને પોરસીના પચ્ચક્ખાણવાળા કહેવા જોઈએ. પણ કોઈ બુદ્ધિમાન આ વાત કબૂલ નહિ રાખે.

રાજગૃહીના કઠિયારા પાસે કશું ન હતું પણ પ્રતિજ્ઞા પૂર્વક જીવનભર માટે પાપનો, ભોગની અપેક્ષાનો ત્યાગ કરી શ્રીસુધર્મગણધર પાસે સાધુપણું પામ્યા, તે અવસરે અગ્નિ, પાણી અને સ્ત્રીના સ્પર્શનો ત્યાગ કરનારને ત્રણ કોડ સોનૈયા મળવાના હતા. છતાં રાજગૃહી નગરમાંથી કોઈ બચ્ચો તૈયાર ન થયો. અહિં જ પ્રતિજ્ઞા ધર્મની કિંમત સમજાય છે.

**પ્રતિજ્ઞા પ્રકારો :**

**૧. સાત્વિક પ્રતિજ્ઞા ૨. વ્યવહારિક પ્રતિજ્ઞા**

૩. આસુરી પ્રતિજ્ઞા ૪. ગૌરભાવવાળી પ્રતિજ્ઞા

(૧) સાત્વિક પ્રતિજ્ઞાઓ આત્મા માટે ખૂબ જ હિતકારી બને છે. આવી પ્રતિજ્ઞાઓ સાક્ષાત્ યા પરંપરાએ વિરતિ ધર્મ સાથે સંબધ ધરાવે છે. આદરપૂર્વક આવી પ્રતિજ્ઞાઓનો સ્વીકાર અને પાલન અદ્‌ભુત લાભો આપે છે.

આત્માને શુદ્ધિના માર્ગે ન લઈ જનારી અને પરંપરાએ ત્યાગ વૈરાગ્યને નહિ પોષનારી એવી પ્રતિજ્ઞાઓ પરિણામે ભયંકર હોય છે, તેથી એની વિશિષ્ટ જ્ઞાની મહાપુરુષો કશી જ કિંમત આંકતા નથી.

પ્રતિજ્ઞા ધર્મનો મનની સાથે ગાઢ સંબંધ છે, નાનીશી પ્રતિજ્ઞા પણ મન વગરનો પ્રાણી લઈ શકતો નથી. મનવાળા પ્રાણી માટે પણ મનોબળ વિના પ્રતિજ્ઞાનો સ્વીકાર અશકય છે. એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના અનંતાનંત પ્રાણીઓ મન વગરના છે. ચોરાસીલાખ યોનિઓમાં દેવતા, નારકી તિર્યંચો અને મનુષ્યો સંજ્ઞી એટલે કે મનવાળા ગણાય છે, પણ તેમાં (૧) નારકીઓ પરાધીનપણે દુઃખથી રીબાતા હોવાથી તેઓ પ્રતિજ્ઞાના અધિકારી નથી (૨) દેવતાઓ નિરંતર દિવ્ય સુખમાં મશગુલ હોવાથી પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરી શકતા નથી. કાદવમાં ખૂચેલો હાથી કિનારો દેખાવા છતાં, બહાર નીકળવાની ઈચ્છા હોવા છતાં નીકળી શકતો નથી તેમ દેવતાઓ પણ સુખરૂપી કાદવમાં ગળાબુડ ડુબી ગયા છે, પ્રતિજ્ઞાના રહસ્ય અને તેના ઉત્તમ ફળો જાણવા છતાં તેના સ્વીકાર તેમજ પાલન માટે તેઓ

સર્વથા અસમર્થ હોય છે. (૩) તિર્યંચો પણ લગભગ વિવેકશૂન્ય હોવાથી પ્રાયઃ પ્રતિજ્ઞાને સારી રીતે સમજી, સ્વીકારીને તેનું પાલન કરી શકતા નથી. છતાં એકાન્ત નથી. કોઈક તિર્યંચ વિશેષ નિમિત્તપામી પ્રતિજ્ઞાઓમાં સફળતા મેળવે છે. છતાં તેઓ માટે એ રાજમાર્ગ તો નથી જ.

(૪) માત્ર મનુષ્યો જ સાત્ત્વિક પ્રતિજ્ઞાઓનું માહાત્મ્ય સમજવાના, એને ગ્રહણ કરવાના અને તેનું પાલન કરી આત્મશુદ્ધિ કરવાના અને તે દ્વારા જીવનને સર્વોચ્ચ સ્થિતિએ પહોંચાડવા માટે અધિકારી છે. માનવને સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ માટે અણમોલ તક છે. પણ આજે માનવ જડ વસ્તુઓના મોહમાં એવો ફસાયો છે, મુંઝાયો છે કે જેથી સાત્ત્વિક પ્રતિજ્ઞાઓનું માહાત્મ્ય એ સમજી શકતો નથી. જીવન ઘડતરમાં પ્રતિજ્ઞાઓ કેટલી મહત્ત્વની છે, તે પીછાણી શકતો નથી, માત્ર ક્ષણિક પદાર્થોની પ્રાપ્તિ માટે આંધળી દોટ મૂકી દોડી રહ્યો છે પણ ખરેખર તો એ એ ખાડા તરફ ખસી રહ્યો છે.

સંસારમાં સર્વકોઈનું એકાન્તે હિત કરનારી સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ છે એને સમજવાની, સ્વીકારવાની અને તેમાં અણી-શુદ્ધ પાર ઉતરવાની તક કોઈ વિરલ આત્માને પ્રાપ્ત થાય છે. સાત્વિક પ્રતિજ્ઞાઓ મનોમન લેવા કરતાં, દેવગુરુ અને સંઘની સમક્ષ લેવી જોઈએ. તે રીતે લીધેલી પ્રતિજ્ઞાઓ અધિ-કાધિક ફળ આપે છે. દઢ મનથી પાળી શકાય છે.

કર્તવ્યહીન માણસ, માણસ ગણાતો નથી મનુષ્યે તો પોતાના કર્તવ્ય તરફ ધ્યાન આપવું જ જોઈએ માત્ર વાતો કરવાથી, બીજાના મોઢા સામે જોઈને બેસી રહેવાથી, પ્રમાદથી કે પ્રતિકૂળ સંયોગોના બહાના કાઢવાથી કાર્ય સિદ્ધ થતું નથી.

આહારાદિ પાશવી સંજ્ઞાઓથી ભરચક પાશવી જીવનમાંથી દિવ્ય આધ્યાત્મિક જીવનમાં આવવા માટે વીતરાગદેવના દર્શન–પૂજાની, સમતા–સામાયિકની પાવન પ્રતિક્રમણની જિનવાણી શ્રવણની, સાત વ્યસનના ત્યાગની રાત્રિ-ભોજનના પરિહારની, અભક્ષ્યભક્ષણ–અપેયપાન– અગમ્ય-ગમનના નિષેધની, તીર્થયાત્રાની, મંગળકારી મહા–મંત્ર નવકારના જાપની, શ્રાવકધર્મની, સાધુધર્મની, દાન–શીલ અને તપ ધર્મની પ્રતિજ્ઞાઓની જરૂર છે. એ શાસ્ત્ર-વિહિત તમામ સાત્ત્વિક પ્રતિજ્ઞાઓ સમજવી જોઇએ, લેવી જોઈએ, અને સિંહની જેમ પાળવી જોઇએ. જે પ્રતિ-જ્ઞાઓ લેવાથી આપણને સહેજ પણ મુશ્કેલી ન હોય, અને લાભની સીમા ન હોય, જે પ્રતિજ્ઞાઓમાં અણજાણી આફતોમાંથી અચૂક બચી જવાતું હોય, જે પ્રતિજ્ઞાઓમાં પરમપુરુષ અરિહંતોની આજ્ઞાના પાલનનો મહાન લાભ મળતો હોય, શારીરિક, માનસિક અને આત્મિક સ્વસ્થતા અનુભવાતી હોય એવી પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરવામાં શા માટે મંદ ઉત્સાહવાળા બનવું જોઈએ ?

પ્રથમ પકડાયેલાં માછલાને નહિ મારવાની નાનીશી

પ્રતિજ્ઞા કરનાર હરિબળ મચ્છીમાર તે જ ભવમાં મોટી ઋદ્ધિ સમૃદ્ધિ પામી અનેક રમણીઓનો વલ્લભ થાય છે. માંસ ભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞા કરનાર **દામનક** ગરીબ હોવા છતાં અકસ્માત ધન, કન્યા, રાજસન્માન સર્વ કાંઈ પ્રાપ્ત કરે છે, **છ માસ** આયંબિલની તપશ્ચર્યા કરવાની પ્રતિજ્ઞા કરનાર **ધમ્મિલને** તેજ ભવમાં અનેક વિદ્યાધર રમણીઓ, સુખ, સૌભાગ્ય, બુદ્ધિ, બળ અને રાજસમૃદ્ધિ આવી મળે છે. **અનાથીમુનિ** અને **નમિ રાજર્ષિને** રોગ મટે તો સંયમ લેવાની દૃઢ પ્રતિજ્ઞા કરવાથી તત્કાળ અશાતા વેદનીય કર્મ ખપી જાય છે. અને અસહ્ય દાહજ્વર પણ શમી જાય છે. કારણ કે પ્રતિજ્ઞાથી આત્માના પાપ ખપવાની અને પુણ્યબંધની ક્રિયા તરત ચાલુ થઈ જાય છે. આપણે પ્રતિજ્ઞામાં થતી થોડી તકલીફને યાદ રાખીએ છીએ, પણ પરિણામે થતા મહાન લાભને જોઈ શકતા નથી. કુંભારના માથાની ટાલ જોવાની પ્રતિજ્ઞા કરનાર શ્રેષ્ઠિપુત્ર **કમલને** અઢળક સોના મહોરો મળી. પ્રતિજ્ઞાના પ્રભાવે **વંકચૂલ** ચોર ચાર ચાર વાર મરણાંત આપત્તિમાંથી બચ્યો. ગુર્જરેશ્વર **કુમારપાળે** ઉચ્ચ કોટિની પ્રતિજ્ઞાઓનું પાલન કરવામાં કદી પીઠ બતાવી નથી. સાત્વિક પ્રતિજ્ઞાઓના પાલન ખાતર જૈનાચાર્યોએ, જૈન રાજવીઓએ પ્રાણના પણ બલિદાન આપ્યા છે. સાત્વિક પ્રતિજ્ઞાઓ તો ખરેખર માનવીને જીવાડનારી સંજીવની છે.

## જીવનનું અમૃત :

સમાધિમય જીવન અને સમાધિપૂર્ણ મૃત્યુ એ એક મહાન સિદ્ધિ છે. એ જો પ્રાપ્ત ન થાય તો દેવોને પણ દુર્લભ ગણાતા આ માનવ જન્મની ફુટી કોડી જેટલી કે કડવી બદામ જેટલી પણ કિંમત ન આંકી શકાય.

એક કવિરાજ કહે છે:—

**मरणं मंगलं यत्र सफलं तत्र जीवनम् ।**

જેનું મૃત્યુ મંગલમય એનું જ જીવન સફળ. મંગળમય મૃત્યુ એટલે સમાધિમય મૃત્યુ. એ મનુષ્યના સફળ જીવનની પારાશીશી છે. પારલૌકિક જીવનની મંગલમયતાનું માપક યંત્ર પણ એ જ છે.

સમાધિ મરણે મરવું એ જૈન શાસનને પામેલા સર્વ સમ્યગ્દષ્ટિ જીવોનો પરમ મનોરથ હોય છે. તેમ છતાં કોઈ વિરલજીવો જ સમાધિમય જીવન અને સમાધિમય મૃત્યુની સિદ્ધિ મેળવી શકે છે.

'**युद्धस्य वार्ता रम्या**' આ ઉકિત અનુસાર યુદ્ધની વાત કરવી અને સાંભળવી ખૂબ ગમે પણ જો સાચે સાચ રણમેદાને ઝઝુમવાનો અવસર આવે તો એ ટેસથી વાતો કરનાર અને સાંભળનારના હાજા ગગડી જાય. સમાધિમરણની વાત પણ એવી જ છે. એ વાત કરવી અને સાંભળવી મીઠી લાગે પણ મરણની વેદના વખતે સમાધિ જાળવવી દુષ્કર બની

જાયછે. મૃત્યુ સમયે સમાધિ તો જ પ્રાપ્ત થઈ શકે જો જીવન ધર્મમય જીવાયું હોય.

અનાદિકાળથી આત્માઓ સંસારમાં જન્મ મરણ કરી રહ્યા છે. દુઃખ, અશાંતિ અને અસમાધિનું કારણ શું છે તે અજ્ઞાન જીવો સમજી શકતા નથી. તેથી જ વિષય કષાયની પરિણતિ કેળવી જીવન અને મૃત્યુ બન્નેને અસમાધિમય બનાવી મૂકે છે. આત્માની માલીકીમાં સુખ શાંતિ અને સમાધિના અખૂટ ભંડારો છે પણ કર્મસત્તાએ એના પર રીસીવર (અમલદાર) મૂકયો છે. તેથી આત્મા છતી આત્મસંપત્તીએ બેહાલ દશા અનુભવી રહ્યો છે. જન્મ મરણ રોગ, શોક, વિયોગ આદિની બેસીતમ પીડાનો ભોગ બન્યો છે. હવે આત્માએ આ દુર્લભ માનવભવમાં જાગૃત બની અઢળક આત્મસંપત્તિને પિછાની; આત્માનો વીટો પાવર વાપરી કર્મ સત્તાના રીસીવરને ફગાવી દીધા વિના છૂટકો નથી.

મૃત્યુ સમયે સમતા અને સમાધિને બદલે કલેશ, સંતાપ, હાયવોય અને મૃત્યુનો ડર જ હોય તો પરલોક અચૂક બગડે. ભવોની પરંપરા બગડે. દીર્ઘકાળ સુધી દુર્ગતિના દુઃખોમાં આત્મા રીબાયા જ કરે. સમાધિભાવને મહાપુરુષોએ મહોત્સવ કહ્યો. મૃત્યુના અનંત દુઃખ વખતે સુંદર સમાધિ ભાવને પ્રાપ્ત કરવા જીવનભર સુવિશુદ્ધ ધર્મની આરાધના અનિવાર્ય બની જાય છે. જગતના તમામ પદાર્થો ચિત્તને અસમાધિ ભાવ તરફ ખેંચી જાય છે.

ચિત્તને પરમ સમાધિ આપવાનું અને જાલિમ કર્મસત્તાને હઠાવવાનું મંગલ કાર્ય એક માત્ર ધર્મ જ કરે છે પણ ક્ષણિક સુખના મોહમાં મશગૂલ જીવને ધર્મની આ મંગલમયતા સમજાતી નથી. એવા જીવનું મૃત્યુ મહોત્સવરૂપ ક્યાંથી બની શકે ?

જ્ઞાની અજ્ઞાની સહુ કોઇને જીવનમાં સંક્લેશ–અશાંતિના પ્રસંગો ઉપસ્થિત થાય છે. તેવા સમયે સમાધિ અખંડ રહે તે માટે તેમજ જીવનની જાજમ સંકેલતી વખતે અંતિમ આરાધનાના શકય સર્વ પ્રયત્નો આવશ્યક છે. હવા, પાણી, ખોરાક, કે જીવનની બીજી જરૂરીઆતો કરતા પણ આવશ્યક છે.તે પ્રયત્નરૂપે ઉપકારી મહાપુરૂષોએ ઉત્તમવિચારો, ભાવનાઓ અને સ્વાધ્યાયયોગની અમૂલ્ય ભેટ આપણી સામે ધરી છે એ વિચારો ભાવનાઓ અને સ્વાધ્યાયયોગ ચિત્તને સંકલેશ મુકત કરી સુંદર સમાધિ અર્પે છે. વિષય કષાયની પરિણતિને ખાળવા, કર્મસત્તાને હઠાવવા, ધર્મને પરમમંગલ સમજવા અને અખૂટ, અતૂટ સમાધિ ભાવને પ્રાપ્ત કરવા ધર્મશાસ્ત્રોનો સ્વાધ્યાય અત્યુપયોગી સામગ્રી પૂરી પાડે છે હંમેશ થોડા પણ સ્વાધ્યાયનો, વાંચન, મનન અને તત્ત્વચિંતનનો કાર્યક્રમ ફીક્સ રાખવો જોઈએ. સ્વાધ્યાયનો રસ ચાખ્યો નથી ત્યાંસુધી જ આપણું મન બેચેની વ્યાકુળતા અને વ્યગ્રતા અનુભવે છે. મનના એ ત્રિદોષને ટાળવા માટે સ્વાધ્યાય રામબાણ ઔષધ છે. એ સ્વાધ્યાય પાંચ પ્રકારે છે.

(૧) **વાંચના :** શાસ્ત્રો ભણવા ભણાવવા. ગુરૂમહારાજ પાસે સમ્યગ્જ્ઞાન લેવું.

(૨) **પૃચ્છના :** વાંચતા ભણતા જીવાદિ તત્વો વિષે શંકા પડે તો ગુરૂમહારાજને કે અધિક જ્ઞાનીને વિનયપૂર્વક પૂછીને સમાધાન મેળવવું.

(૩) **પરાવર્તન :** ભણી ગયેલા સૂત્રાદિનું પુનરાવર્તન કરવું (રીવીઝન કરવું તે)

(૪) **અનુપ્રેક્ષા :** પોતે ભણી ગયેલા વિવિધ સૂત્રો, વિષયોના જ્ઞાનનું રહસ્ય પામવા એના પર ઉંડુ ચિંતન મનન કરવું.

(૫) **ધર્મકથા :** ધર્મકથા કરવી. ધર્મોપદેશ આપવો. ધાર્મિક ચર્ચા, વાર્તાલાપ કરવો.

આ પાંચે પ્રકારના સ્વાધ્યાયથી થતા મહાન લાભો આપણે પ્રભુ મહાવીરદેવ તથા તેઓશ્રીના પ્રથમ શિષ્ય શ્રી ગૌતમ ગણધરના વાર્તાલાપ–સંવાદ ઉપરથી જાણી લઈએ.

**શ્રી ગૌતમ ગણધર :** ભગવન્! સ્વાધ્યાયથી શું શું લાભ થાય છે?

**પ્રભુ મહાવીર દેવ :** ગૌતમ! સ્વાધ્યાયથી જ્ઞાન ગુણને રોકનાર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

**શ્રી ગૌતમ ગણધર :** પ્રભુ! વાંચના સ્વાધ્યાયથી જીવને શું લાભ થાય છે?

**પ્રભુ મહાવીર દેવ :** ગૌતમ! વાંચના સ્વાધ્યાયથી જ્ઞાનાવરણકર્મની નિર્જરા–દેશથી ક્ષય થાય છે એથી ધર્મ-

તીર્થનું આલંબન પ્રાપ્ત થાય છે. એથી મહાકર્મ નિર્જરા અને એથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

**શ્રી ગૌતમ ગણધર :** પ્રભુ! પૃચ્છાસ્વાધ્યાય–પ્રશ્નો પૂછવાથી શું લાભ થાય છે?

**પ્રભુ મહાવીર દેવ :** ગૌતમ! પૃચ્છા સ્વાધ્યાયથી તત્વનો નિર્ણય થવાથી સૂત્ર અને અર્થ સ્પષ્ટ થાય છે. સૂત્રાર્થનું રહસ્ય પ્રાપ્ત થાય છે. એથી કાંક્ષા મોહનીય કર્મ નાશ પામે છે. એટલે કે દર્શનમોહનીયના ઉદયે સમકિતના અતિચાર રૂપ અન્યાન્ય દર્શનની થતી કાંક્ષા-અભિલાષાનો નાશ થાય છે.

**શ્રી ગૌતમ ગણધર :** પ્રભુ! પરાવર્તના સ્વાધ્યાયથી જીવને શું લાભ થાય છે?

**પ્રભુ મહાવીર દેવ :** ગૌતમ! સૂત્રાર્થનું પરાવર્તન કરવાથી વ્યંજનલબ્ધિ ઉત્પન્ન થાય છે. (જ્ઞાનાચાર પૈકીના વ્યંજનાચારના પાલનથી પ્રાપ્ત થતી ઉચ્ચાર શુદ્ધિ તે વ્યંજનલબ્ધિ હોવી જોઈએ.)

**શ્રી ગૌતમ ગણધર :** પ્રભુ! અનુપ્રેક્ષા સ્વાધ્યાયથી જીવ શું લાભ મેળવે છે!

**પ્રભુ મહાવીર દેવ :** ગૌતમ! જીવ આયુષ્ય સિવાયના સાત કર્મો મજબૂત બંધવાળા હોય તો શિથિલ બંધવાળા કરે, દીર્ઘકાળની સ્થિતિવાળા હોય તો અલ્પ સ્થિતિવાળા કરે, તીવ્ર રસવાળા હોય તો મંદ રસવાળા કરે, અધિક પ્રદેશવાળા હોય તો ઓછા પ્રદેશવાળા કરે.

આયુષ્ય કર્મ બાંધે અથવા ન પણ બાંધે, અશાતા વેદનીય કર્મ ન બાંધે અને અંતે ચાર ગતિરૂપ આ અનાદિ સંસારથી તરી જાય.

**શ્રી ગૌતમ ગણધર :** પ્રભુ ! ધર્મકથા સ્વાધ્યાયથી જીવ શું લાભ મેળવે છે ?

**પ્રભુ મહાવીર દેવ :** ગૌતમ ! ધર્મકથાથી જીવ જૈનશાસનની પ્રભાવના કરે છે. અને ભાવિમાં કલ્યાણ થાય એવા શુભ કર્મ ઉપાર્જે છે. આ ધર્મકથા સ્વાધ્યાયથી અજ્ઞાન અને રૌદ્રધ્યાનનો નાશ થાય છે. તેમજ ક્યારેય સંકલેશ–અશાંતિ થતી નથી.

બન્ને મહાપુરૂષોના આ સંવાદથી આપણને સચોટ પણે લાગે છે કે પાંચે પ્રકારનો સ્વાધ્યાય સાચે જ જીવનનું અમૃત છે. અહિંનશ આ અમૃતનું સેવન કરી આપણે વિષય કષાયનો રસ નીચોવી ચિત્તને સમાધિમય બનાવીએ.

---

**પદ્મ સૌરભ કિં. ૧–૨૫**

આ પ્રકાશન મુક્તિની મંગલસાધનાના માર્ગે પ્રયાણ કરનાર મુમુક્ષુ આત્માઓને માર્ગમાં સહાયક બને તેવું ભવ્ય પાથેય પીરસે છે. વિનય, વૈરાગ્ય, સંતોષ જ્ઞાન, તપ, પર્યુષણ, પ્રસંગરંગ, મનનમધુ, ધર્મામૃત તેમજ નમસ્કાર મહામંત્ર ઉપરના ૯ મનનીય લેખો સ્વાધ્યાયની અપૂર્વ રસલ્હાણ કરાવે તેવા છે. આરાધક વર્ગને આરાધનામાં જાગૃતિનો સંદેશ સુણાવી જાય છે.

# અહિંસાનો પયગામ

આપણા ધર્મતીર્થંકરોએ, ઋષિમહર્ષિઓએ અથાગ પ્રયત્ને લાખો કરોડો વર્ષોથી અહિંસા ધર્મના ઉંડા પાયા નાખ્યા છે. એ પાયામાં આજે સુરંગો ચંપાઈ રહી છે. એ પાયા હચમચી રહ્યા છે.

ધન વૈભવમાં, રંગરાગમાં, ભોગવિલાસમાં, સુખ માની હિંસાના માર્ગે દોડતા માનવો સામે એ મહાપુરૂષોએ પડકાર કર્યો છે 'થોભી જાઓ!' સુખ કે શાંતિ વૈભવમાં, વિલાસમાં કે રંગરાગમાં નથી, માટે નર્યા વૈભવને વિસ્તારવામાં, વિલાસને વિકસાવવામાં, રંગરાગને રચવામાં હિંસાના ઘોર માર્ગે જશો તો અવનીતિની ઉંડી ગર્તામાં પટકાશો.

સર્વના સર્વપ્રકારના સુખ માટે, શાંતિ માટે મહાપુરૂષોએ વિશ્વને ઉચ્ચ વિચારો આપ્યાં. એમાંથી અહિંસા, સત્ય, દાન વગેરે સદાચારો ઉદ્ભવ્યા અને વ્યાપક રીતે એ વિચાર અને આચારમય જીવન આર્યપ્રજા જીવતી આવી. પારસી, ખ્રીસ્તી, મુસ્લિમ ધર્મોએ પણ આ વિચારોને અપનાવ્યા. આજે પણ બાઈબલ–કુરાન વગેરેમાં અહિંસા, સત્ય દાનનો જ પયગામ છે.

વિજ્ઞાનની શોધોએ માનવનું એ વિચાર ધન લૂંટયું એથી માનવ 'વૈભવમાં, વિલાસમાં અને રંગરાગમાં જ સુખ છે' એ પાશવ વિચારનો ભોગ બન્યો. એના આચારમાં અનીતિએ સ્થાન લીધું. હિંસા–ઘોર હિંસાએ સ્થાન લીધું. આજ આપણે હિંસાનો પ્રચાર કરી શકીએ છીએ. સરકાર

સામે પડકાર ફેંકી શકીએ છીએ એમાં પ્રજાનો સાથ મળે છે. લોકમાનસમાંથી અહિંસાનું મૂલ્ય સાવ ભૂલાયું નથી પણ આજની નવી શૈક્ષણિક પદ્ધતિમાં એકડે એકથી હિંસાના આંક–ઘડીયા ભણાવાય છે. એવી પ્રજા આગળ, એ નવી પ્રજાના હિંસાત્મક યોજનાઓના બ્યુગલો આગળ આપણા હંસાવિરોધની કે 'અહિંસા પરમો ધર્મ'ની પીપુડીનો અવાજ પહોંચશે કે કેમ?

પૂર્વકાળમાં **'મા મને ભૂ પા'** ભણાવતું, પછી સુધારો થયો. **'મા મને ચા પા'** અને હવે **'મા મને ઈંડાનો રસ પા'** ના પાઠો આવવાને વાર નહિ હોય. આજની સ્કૂલ, કોલેજોમાં દેડકા, વંદા, અળસિયાં, કુતરાં, વાંદરા, માછલીઓ વગેરે નિર્દોષ પ્રાણીઓ ઉપર ક્રૂર અખતરા થાય છે અને ઠેઠ ત્યારથી બુઠ્ઠા થયેલા હૈયાવાળા માનવસમાજમાં હિંસાવિરોધનું શું મૂલ્ય? જ્યાં માનસિક હિંસા પણ મહાપાપ મનાતું હતું. કોઈનું દિલ દુભવવું એ પણ હિંસા ગણાતી હતી તે દેશની પ્રજા ઉઘાડે છોગે હિંસાના હિચકારા કૃત્યો કરતાં અચકાતી નથી. દેશની ઉન્નતિના નામે રાજ્ય પણ હિંસાને આશ્રય આપી રહ્યું છે. જ્યાં વાડ ચીભડાં ગળે ત્યાં ફરિયાદ કોને કરવી?' હવે આપણે શું કરવું? રોદણાં રડવાથી કાંઈ વળે તેમ છે? આપણું કર્તવ્ય એજ છે કે મહાપુરૂષોએ આત્મકલ્યાણ માટે, સુખ માટે, શાંતિ માટે પ્રજાને લાખો વર્ષ પૂર્વે જે વિચારો આપ્યા, આચારો ચીંધ્યા, તેના પોલાદી પાયાની એક કાંકરી ન ખસે તે માટે આપણે સૌએ આપણા અંગત

જીવનથી જ પહેલ કરી એ વિચારો અને એ આચારો મક્કમપણે જીવવાની ટેક રાખવી.

જેવો હું તેવા બીજા જીવો. માત્ર માનવો જ નહિ. પ્રાણી માત્ર જેમ મને સુખ પ્રિય છે દુઃખ અપ્રિય છે. તેમ પ્રાણી માત્રને સુખ જ પ્રિય છે દુઃખ અપ્રિય છે. આ વિચારમાં અહિંસાનો, સત્યનો, દાનનો સઘળા ય સદાચારોનો પાયો છે. જેમ જેમ ઉપરોક્ત વિચાર દૃઢ બનતો જાય છે તેમ તેમ વ્યકિત, સમાજ, દેશ અને વિશ્વ અહિંસામય, સત્યમય...... બનતું જાય છે.

જેમ હું ભૂખ્યો, તરસ્યો કે વસ્ત્ર વિના રહી શકતો નથી તેમ બીજા જીવોને ભૂખ, તરસ, ટાઢ વગેરેની પીડા નહિ થતી હોય? માટે ભૂખ્યાને અન્ન આપો, તરસ્યાને પાણી આપો, વસ્ત્ર વિનાનાને વસ્ત્ર આપો. ભયભીતને અભય આપો. આ વિચાર જન્મે છે.

આ જ વિચારમાથી અનુકંપાદાન જન્મે છે.

આ જ વિચાર જેમ જેમ સૂક્ષ્મ સૂક્ષ્મતાનું મૌલિક રૂપ ધારણ કરે છે તેમ એમાંથી સુપાત્રદાન, મહાદાન અને ઉચ્ચકોટિનું અભયદાન જન્મે છે.

એક નાનામાં નાના જીવના પ્રાણની રક્ષા ખાતર મહાપુરૂષોએ દેહના બલીદાન આપ્યા છે. એની પાછળ જે વિચારનું પરિબળ હતું, તે જ વિચારને પૂરજોશમાં આપણે વહેવડાવીએ.

સદાચાર કે દુરાચારનું ઉદ્ભવ સ્થાન સદ્વિચાર અને અસદ્વિચાર સિવાય બીજું કાંઈ નથી.

## મંત્ર રસાયણ :

વિશ્વોદ્ધારક પ્રભુ મહાવીરદેવ અને તેઓશ્રીના વિનય-ભંડાર શિષ્યરત્ન ગૌતમ ગણધરનો એક અતિ મહત્વનો વાર્તાલાપ આ લેખમાં રજુ થાય છે.

'**શ્રીમહાનિશીથસૂત્ર**' એક મહિમાવંતું આગમશાસ્ત્ર છે. ગૂઢ અને ગંભીર રહસ્યોથી ભરેલું છે. એ આગમશાસ્ત્ર નાશ પામશે ત્યારે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું તેજ સાત દિવસ સુધી ઝાંખું પડશે.

શ્રી નમસ્કાર મહામંત્ર અને તેના વિધિયુક્ત જાપની યોગ્યતા માટે શ્રીઉપધાનતપની કેવી અગત્યતા છે તે અનંતઉપકારી પ્રભુ મહાવીરદેવ અને લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધર ભગવંતના લોકોત્તર વાર્તાલાપમાંથી બહુ સરસ રીતે અને સત્તાવાર આપણને જાણવા મળે છે. **સમજ વગર ઉપધાનતપની ટીકા કરનારાઓ માટે આ શાસ્ત્રવચનો દીવાદાંડી રૂપ છે** અને શ્રી ઉપધાન તપનું કઠોર અનુષ્ઠાન જેને માટે છે તે શ્રીનવકારમંત્રના સ્વાધ્યાય જાપ અને ધ્યાનના મહત્વને પ્રકાશિત કરતી સર્ચલાઈટ સમાન છે

જુઓ—અનંતજ્ઞાની પ્રભુ મહાવીરદેવ શું ફરમાવે છે ? **હે ગૌતમ !** ઉપધાનતપની આરાધના વિના જે કોઈ સુપ્રશસ્ત એવું સમ્યગ્જ્ઞાન ભણે છે—ભણાવે છે અને ઉપધાનતપની આરાધના વિના ભણનાર—ભણાવનારની અનુમોદના કરે છે તે મહાભાગ્યહીન પાપી જીવો સુપ્રશસ્ત-જ્ઞાનની મોટી આશાતના કરે છે !

**પ્રશ્ન : હે ભગવન્! જો એમ છે તો શું પંચ મંગલનું (નવકારનું) ઉપધાન કરવું જોઈએ?**

**ઉત્તર :–હે ગૌતમ! પ્રથમ જ્ઞાન થાય છે તે પછી દયાના ભાવ જાગે છે**

(અહીં જીવ અજીવ વગેરે તત્વોનું જ્ઞાન થયા પછી દયાની લાગણી જાગૃત થાય છે એમ સમજવું.)

*** દયાથી જગતમાં રહેલા સર્વ જીવ–પ્રાણ–ભૂત અને સત્વ પ્રત્યે આત્મસમદર્શીપણું આવે છે. અર્થાત્ જગતના સર્વ જીવો મારા આત્મા સમાન છે એવી બુદ્ધિ સ્થિર થાય છે. મારા આત્માને જેમ સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, તેમ જગતના સર્વ જીવો, પ્રાણીઓ, ભૂતો અને સત્વોને પણ સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. એવી આત્મતુલ્યતાની દૃષ્ટિ દયાથી પ્રાપ્ત થાય છે.**

(શાસ્ત્રકારોએ પંચેન્દ્રિયને **જીવ** કહ્યા છે વિકલેન્દ્રિયને **પ્રાણ** કહ્યા છે વનસ્પતિકાયનો **ભૂત** શબ્દથી ઉલ્લેખ કર્યો છે અને બાકી રહેલી જીવ રાશિને **સત્વ** તરીકે સંબોધી છે.)

*** જગતનાં સર્વ જીવો–પ્રાણ–ભૂત–સત્વો પ્રત્યે આત્મસમાન ભાવ પ્રકટ થવાથી તે જીવોને સ્પર્શ કરવા રૂપ તે સંઘટ્ટન, સંતાપ પમાડવા રૂપ પરિતાપ, વિશેષ પીડા રૂપ કિલામણા અને અંગોપાંગના નાશરૂપ–હેરાન કરવા રૂપ ઉપદ્રાવણ વગેરે દ્વારા દુઃખ આપવાનો કે ભય પમાડવાનો ત્યાગ થાય છે * સર્વ જીવોને દુઃખ ઉત્પન્ન**

કરવાનો અને ભય પમાડવાનો ત્યાગ કરવાથી અનાશ્રવ થાય છે–આશ્રવ અટકી જાય છે * અનાશ્રવ થવાથી આશ્રવના દ્વાર બંધ છે એટલે કે સંવર થાય છે. * સંવરથી ઈન્દ્રિયોનો નિગ્રહ (દમ) અને કષાયોનો ઉપશમ (શમ) થાય છે * દમ અને શમથી શત્રુમિત્ર પ્રત્યે સમભાવ પ્રગટે છે. * શત્રુ–મિત્ર પ્રત્યે સમભાવ આવવાથી રાગ–દ્વેષ થતા નથી. અર્થાત્ મધ્યસ્થ ભાવ આવે છે. * મધ્યસ્થ ભાવના યોગે ક્રોધ–માન–માયા–લોભ થતા નથી.

(અહિં અનંતાનુબંધી ક્રોધાદિ કષાયોનો અભાવ થાય છે એમ સમજવું)

* આ અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ જવાથી અકષાયપણું પ્રગટે છે. અકષાયભાવના યોગે સમ્યકત્વ ગુણ પ્રાપ્ત થાય છે એથી જીવાદિ પદાર્થોનું વિશિષ્ટ રીતે જ્ઞાન થાય છે એટલે કે અનુભવ જ્ઞાન થાય છે.

(પૂર્વે શાસ્ત્ર દ્વારા જીવ-અજીવ વગેરેના ભેદ પ્રભેદ વગેરે બાબતોનું સામાન્ય રીતે જ્ઞાન થયું હતું. આ ભૂમિકામાં સમ્યકત્વથી સંસ્કારિત થયેલી બુદ્ધિની પ્રતિભા દ્વારા ઉત્પન્ન થયેલું પ્રાતિભ-અનુભવ જ્ઞાન થાય છે એમ સમજવું)

* જીવાદિનું પ્રતિભ–અનુભવ જ્ઞાન થવાથી સર્વત્ર વૈષયિક પદાર્થોમાં નિસંગ–(અનાસક્ત) ભાવ પ્રગટે છે * વષયિક પદાર્થો પ્રત્યેના નિર્મમભાવથી અજ્ઞાન–મોહ અને મિથ્યાત્વનો ક્ષય થાય છે.

(અહીં સૂક્ષ્મ વિવેકના બાધક અજ્ઞાનાદિનો નાશ થાય એમ સમજવું.

* અજ્ઞાન મોહ અને મિથ્યાત્વના ક્ષયથી વિવેક ગુણ પ્રગટે છે.

(વિવેક પણ એક પ્રકારનું જ્ઞાન જ છે. જેમાં સંશય કે વિપર્યયનો એક લેશ પણ ન હોય.)

* આવા વિશદ વિવેકથી હેય ઉપાદેય વસ્તુઓની વિચારણામાં એકાંતે લક્ષ બંધાય છે. હેય–ઉપાદેય વસ્તુની વિચારણામાં ચિત્ત એકાગ્ર બને છે. * હેય–ઉપાદેયની વિચારણામાં ચિત્ત એકાગ્ર થવાથી અહિતનો ત્યાગ અને હિતકારી આચરણમાં અત્યંત ઉદ્યમ થાય છે. * તેથી પરમાર્થ–પવિત્ર અને ઉત્તમ એવા ક્ષમાદિ દસ પ્રકારના અહિંસા લક્ષણ ધર્મનું આચરણ કરવામાં તેમ જ કરાવવામાં જ ચિત્ત આસક્ત–લીન બને છે. તેથી સર્વોત્તમ ક્ષમા, સર્વોત્તમ મૃદુતા, સર્વોત્તમ સરળતા, બાહ્ય અભ્યંતર બાર પ્રકારનો અત્યંત ઘોર, વીર, ઉગ્ર અને કષ્ટમય તપ આચરવામાં સર્વશ્રેષ્ઠ રમણતા આવે છે.

સર્વોત્તમ એવા સત્તર પ્રકારના પરિપૂર્ણ સંયમાનુષ્ઠાનના પાલનમાં જ લક્ષ બંધાય છે સર્વોત્તમ કોટિના સત્યનું ભાષણ–ઉચ્ચારણ થાય છે કે જેમાં છ કાયના જીવોનું હિત સમાયેલું છે (સત્ય તેને જ કહી શકાય કે જેનાથી છ એ કાયના જીવોનું પરમહિત–રક્ષણ થતું હોય.) અને શક્તિ ગોપવ્યા વિના કાયિક બળ માનસિક વીર્ય–ઉત્સાહ, આત્મિક પુરૂષાર્થ તેમ જ પરાક્રમ ફોરવીને સર્વોત્તમ સ્વાધ્યાય, ધ્યાનરૂપ નિર્મળ જળથી પાપ કર્મરૂપ મળનો લેપ ધોવાય છે.

પૂર્વે જ્ઞાનનો ઉલ્લેખ કર્યો છે. આ સામાન્ય વિશેષ જ્ઞાન પ્રથમ કક્ષાના સમજવા. અહીં સર્વોત્તમ કોટીનો સ્વાધ્યાય અને ધ્યાન સમજવાના છે. દસ પ્રકારના યતિધર્મમાંનો આ આઠમો શૌચ ધર્મ છે.)

સર્વોત્તમ અકિંચનપણું—અપરિગ્રહતા પ્રાપ્ત થાય છે.

સર્વોત્તમ પરમપવિત્ર અન્યોન્ય સર્વ મલિન ભાવોથી અસ્પૃષ્ટ (બ્રહ્મચર્યના પાલનથી દેહને સુંદર બનાવવાની ઈચ્છા વગેરે વગેરે) હોવાના કારણે (સુવિશુદ્ધ, સર્વ દોષથી રહિત એવી નવગુપ્તિથી શોભતું, અઢાર પ્રકારના પરિહાર-ત્યાજ્યસ્થાનોના ત્યાગથી મનોહર અને દુર્ધર એવા બ્રહ્મચર્યવ્રતનું ધારણ થાય છે.

હે ગૌતમ! એકાંતિક-આત્યંતિક-પરમ-શાશ્વત-ધ્રુવ નિરંતર અને સર્વોત્તમ સુખના ઈચ્છનારે સૌથી પહેલા આદર પૂર્વક સામાયિકથી માંડીને લોકબિંદુસાર સુધીનું દ્વાદશાંગ શ્રુત કાલગ્રહણ, આયંબિલતપ વગેરે શાસ્ત્રોક્ત વિધિ અને ઉપધાન પૂર્વક હિંસાદિ પાપસ્થાનકોનું ત્રિવિધે ત્રિવિધે પચ્ચક્ખાણ કરીને સ્વર-બિંદુ-માત્રા-વ્યંજન-પદ અને અક્ષરોથી અન્યૂન-પરિપૂર્ણ, પદોને છૂટા પાડીને, ઉદાત્તાદિ પ્રકારો વડે સુસ્પષ્ટ વર્ણોચ્ચારના ક્રમપૂર્વક પૂર્વાનુપૂર્વી અને અનાનુપૂર્વી વડે અત્યંત શુદ્ધરીતે જ્ઞાન દાતા ગુરૂ ભગવંતનો અપલાપ કર્યા વિના એકાગ્રતા પૂર્વક ભણવું-જાણવું જોઈએ.

હે ગૌતમ! તે દ્વાદશાંગ શ્રુતજ્ઞાન અનંત-અપાર અને સુવિસ્તૃત એવા છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રની જેમ કષ્ટથી

અવગાહન કરી શકાય એવું છે. તેમજ સર્વ સુખોનું પરમ કારણ–શ્રેષ્ઠ કારણ છે. કોઈ પણ આત્મા ઈષ્ટ દેવતાને નમસ્કાર કર્યા વિના સકલ સુખના કારણ રૂપ તે શ્રુતજ્ઞાનનો પાર પામી શકતો નથી. શ્રુતજ્ઞાનનો પાર પામવા માટે ઈષ્ટદેવતાના નમસ્કારની સહાય લેવી જ પડે છે.

હે ગૌતમ! પંચમંગલ નમસ્કાર એ જ ઇષ્ટ દેવતાને નમસ્કાર છે પણ બીજો નથી. તેથી અવશ્ય પંચમંગલનું વિનયોપધાન કરવું જ જોઈએ.

શાસ્ત્રસાગરનો પાર પામવાનું કાર્ય એક ભગીરથ કાર્ય છે. કોરી બુદ્ધિના બળથી એ કાર્યની સિદ્ધિ થતી નથી. કોરી બુદ્ધિથી વિદ્વત્તા આવશે વાદ વિવાદનું પાંડિત્ય ઝળકશે પણ આત્મજ્ઞાનની દિવ્ય જ્યોત પ્રગટાવવા પરમતત્ત્વની સહાય જોઈ શે. ઈષ્ટદેવને નમ્યા વિના કદી કોઈ શાસ્ત્રના રહસ્યને પામી શક્યું નથી, નમસ્કાર મહામંત્રમાં ઈષ્ટદેવ અરિહંતને નમસ્કાર છે. એ નમસ્કાર મહામંત્રના જાપ–ધ્યાનથી શાસ્ત્રના અગમ અગોચર ભાવોનો પ્રકાશ પથરાય છે એ નમસ્કાર મહામંત્ર ગણવાની પાત્રતા ઉપધાનતપનું વહન કરવાથી પ્રાપ્ત થાય છે. શ્રી ઉપધાનતપની ટીકા કરનારો વર્ગ ભગવાન મહાવીરદેવના વચનો કાને ધરે અને જાણે અજાણે થતાં શાસનદ્રોહથી બચે.

# ભક્તિ રસાયણ :

## શું આપું પરમેશ્વર ?

ઓ પરમાત્મા ! મારે તને કંઈક આપવું છે. તેં મને ઘણું આપ્યું છે. અમૂલ્ય આપ્યું છે. અનુપમ આપ્યું છે. બીજું કોઈ જ ન આપી શકે તેવું આપ્યું છે. તેં અખૂટ વાત્સલ્ય આપ્યું. અમાપ કરૂણા વરસાવી. મોક્ષનો મહામાર્ગ આપ્યો. પાત્રતા આપી. પવિત્રતા આપી. પુણ્ય આપ્યું. ત્યાગ આપ્યો. વૈરાગ્ય આપ્યો. સમ્યગ્દૃષ્ટિ આપી.

તેં આપ્યા જ કર્યું છે. એના બદલામાં મેં હજી તને કાંઈ જ આપ્યું નથી.

શું આપું પરમેશ્વર આપને ? આ રંક પાસે શું છે આપવા જેવું ! આપ રત્નજડિત સિંહાસન પર બેસો છો. સુવર્ણના કમળ પર ચાલો છો. ત્રણ ભુવનની રીદ્ધિ આપના ચરણ ચૂમે છે.

હે પરમવૈભવના સ્વામી ! શું નથી આપની પાસે કે જે આપીને હું કૃતાર્થ થાઉં ?

હા, કૃપાનાથ ! યાદ આવ્યું મને ! એક એવી ચીજ, મહત્વની ચીજ છે જે આપની પાસે નથી. મારી પાસે છે. બસ ! એ આપી દઉં અને કૃતજ્ઞ બનું.

પ્રભુ ! આપની પાસે એક મન નથી મારી પાસે એ છે. આપના અનંત-અગણિત ઉપકારોનો બદલો

વાળવા આ મોંઘેરા માનવ જન્મમાં સમર્થ બન્યો છું, લાયક બન્યો છું તો મારું મન આપના ચરણે સુપ્રત કરી, લીન બનાવી હું કૃતાર્થ થાઉં છું.

હે શરણ્ય ! કૃપા કરી સ્વીકારો મારા મનને !

**કામ સુભટ ગયો હારી...........**

હે વીતરાગ ! આશ્ચર્યની વાત છે કે આપનાથી કામ સુભટ-મોહ સુભટ હારી ગયો. સારુંય વિશ્વ જે કામની-રતિપતિની આજ્ઞાને આધીન છે. શું સુર કે શું અસુર ? શું શંકર કે શું બ્રહ્મા ? શું વિષ્ણુ કે શું કૃષ્ણ ? જગત જેમને ભગવાન માનીને પૂજે છે તે સહુને કામે પોતાના દાસ બનાવ્યા. પણ,

હે અરિહંત ! કમાલ કરી તમે. એ વિશ્વ વિજેતા કામને, શૂરા કામસુભટને આપે ચકચૂર કરી નાખ્યો. હતાશ-પરાસ્ત કરી નાંખ્યો.

હા, વાત સાચી છે. પાણીથી આગ બુઝાઈ જાય છે, પણ મહાસાગરમાં જ્યારે વડવાનલ પ્રગટે છે ત્યારે એ વડવાનલ પાણીને સ્વાહા કરી જાય છે. આપે પણ એ જ રીત અજમાવી લાગે છે.

ઈષ્ટ વિષયની રતિ અને અનિષ્ટ વિષયની અરતિ, રૂપ પાણીને આપે બાળીને ભસ્મ કર્યું !

ઓ આત્મપ્રભુ ! માટે જ તું મહાવિરાગી ! તું જ એક વીતરાગી ! પ્રભુ જ એક મહાબ્રહ્મચારી છો.

સબરસ—ભક્તિ રસ.

ભોજન બધી રીતે લહેજતદાર બન્યું હોય પણ એમાં માત્ર એક મીઠું (સબરસ) ન નાખ્યું હોય તો ભાવે ખરૂં ? ના, તદ્દન નિરસ લાગે, કોળીયો મોંમાં મૂકતાં જ થું થું થઈ જાય.

એમ જીવનમાં બધું મેળવ્યું પણ શ્રી અરિહંતદેવની ભક્તિનો રસ ન ભળ્યો તો જીવનનો રસ અનુભવાય ખરો ? એ દેવાધિદેવની ભક્તિનો સબરસ ભેળવો અને પછી જુવો—જીવન રસમય બને છે કે નહિ ? જીવનમાંથી નિરસતા દૂર ભાગે છે કે નહિ ?

અરિહંતપરમાત્માની ભક્તિની ગૌરવગાથા ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાઈ છે પાપી ગણાતા રાવણે અરિહંતની ભક્તિથી અરિહંતપદ પ્રાપ્ત કર્યું. જંગલમાં એકલી અટૂલી પડી ગયેલી મહાસતી દમયંતીએ સાત સાત વર્ષ જંગલની ગુફામાં પ્રભુભકિતની ધૂન મચાવીને શીલની સુરક્ષાનું બળ મેળવ્યું. દેવેન્દ્રો, નરેન્દ્રો, મહર્ષિઓ અને યોગીજનોએ અનુપમ ભકિત કરી છે વીતરાગ અરિહંતની. અજબ શકિત છે અરિહંતની ભકિતમાં. મંત્રોચ્ચાર થતો જાય ને સર્પનું ઝેર ઉતરવા માંડે તેમ પ્રભુભકિતમાં તાકાત છે આત્મામાંથી પાપના ઝેર નીચોવી નાંખવાની. રોગીને જેટલી ઔષધની જરૂર એથી અધિક જરૂર કર્મરોગથી ભયંકર રીતે પીડાતા આપણને ભકિત—રસાયણની છે.

આકાશને જેમ કોઈ છેડો નથી તેમ અરિહંતની ભકિતના લાભોનો કોઈ અંત નથી. સીમા નથી.

**મંગળ મળજો !**

ઓ આ રંકના ઉદ્ધારક જિનદેવ! બીજા દેવોનો મહિમા હશે જગતમાં પણ તારા મહિમાની કોઈ વાત થાય એવી નથી. અચિન્ત્ય છે એ મહિમા. ન કલ્પી શકાય એવો જ તો ! !

પ્રભુ ! એ ન પૂછશો કે કેવો અચિન્ત્ય ! શું આ હું સમજયા વિના જ કહું છું પ્રભુ !

લાખો કલ્પવૃક્ષો જે ન આપી શકે તે આપના ચરણોની સેવા આપી જાય છે. લાખો કલ્પવૃક્ષો આપી આપીને શું આપે તે હું કલ્પી શકું છું. પણ દેવાધિદેવ! આપના ચરણોની સેવા શું શું આપે તે હું કલ્પી શકતો નથી.

તારક ! આપના ચરણોની સેવા વગર માગે આપવાનું બધું જ આપી દેશે. પરંતુ મારે માગવાનો હક છે તેટલું તો માંગી લઉં !

વિભુ ! વિઘ્નભર્યા સંસારમાં જકડાયો છું માટે એટલું માંગું છું કે આપની કૃપાથી મને મંગળની પ્રાપ્તિ થજો.

| | | | |
|---|---|---|---|
| મને | અરિહંત | મંગળ | મળજો. |
| ,, | સિદ્ધ | ,, | ,, |
| ,, | સાધુ | ,, | ,, |
| ,, | જિનધર્મ | ,, | ,, |

## રત્નાકર અને વીતરાગ

ઓ રત્નાકર ! તારી પાસે રત્નોનો અખૂટ ખજાનો છે. એમાંથી એકાદ રત્ન મને આપે તો તારે શી ખોટ પડવાની હતી?

અરે માનવ ! આજ સુધી ઘણા માનવો મારી ગોદમાં પડેલા રત્નો લઈ ગયા છે. મેં ક્યાં કદી કોઈ ને ના પાડી છે ? પૂર્વકાળના માનવ મરજીવાઓએ મારી ગોદમાં પડેલા રત્નો લેવા માટે મહાસાત્વિકતા વાપરી છે, ઘણા સાહસો ખેડયા છે. તારે પણ તે સાત્વિકતા અને સાહસ કરવા પડશે.

એ રીતે તું એકાદું રત્ન મેળવીશ તો તારી ઘણી વિપત્તિનો અંત આવશે.

## ઓ વિશ્વવંદ્ય વીતરાગ !

તારા ખજાનામાં અનંત ગુણરત્નો ભર્યા છે. એમાંથી માત્ર એક જ ગુણરત્ન માંગું છું. દેવ ! એમાં તું શું આટલો બધો વિચાર કરે છે ?

અરે ભકત ! (ત્રીજી વ્યકિત) પ્રભુનો ભંડાર તો સહુ કોઈ માટે ખુલ્લો જ છે.

એમાંનું એક જ ગુણરત્ન તને મળી જાય તો તું ન્યાલ થઇ જાય.

અરે ભકત ! પ્રભુ તો વીતરાગ છે. તેઓની આપવાની રીત ન્યારી છે. એ રીતે તું લઈ લે. એ માટે તારે ભારે પરાક્રમ કરવું પડશે. સાગરના તળીયેથી રત્નો

મેળવનાર મરજીવા કરતાં ય તારે વધારે સાહસ ખેડવું પડશે.

તેં સંઘરેલા દુનિયાના ધન કાંકરાનો ભાર ફેંકી દેવો પડશે તો જ પ્રભુના જીવન સાગરમાં તું ડૂબકી મારી શકીશ અને એમાંથી ઝળહળતા ગુણરત્નો મેળવી શકીશ પ્રભુના જીવન સાગરમાં ડુબકી મારીશ કે તુરત જ એ રત્નો તને દેખાશે. એની મોહકતા એવી છે કે જોયા પછી તું એ રત્નો લીધા વિના રહી નહી શકે.

પણ ઓ ભકત ! આ દુનિયાની માયા મૂકી વીતરાગના જીવન સાગરમાં ડુબકી મારવાનું પૌરુષ છે તારામાં ? એ પૌરુષ તારામાં પ્રગટશે ખરૂં ?

ઝંખના.........

ઓ દેવ !

તારામાં લાડીલા ભકતોનો અનુભવ છે કે ' હૃદય સાગરમાં જયારે ભકિતની ભરતી ચઢે છે ત્યારે અંગે અંગમાં પ્રકંપ છૂટે છે; રોમે રોમમાં ઉલ્લાસની ઉર્મિ ઉઠે છે. અને પ્રાણ પંખેરા આત્માનંદના ઉચ્ચ શિખરો પર વિહરે છે.

ભકિતભરી હૃદયલાગણી બુદ્ધિના ગજથી શે માપી શકાય ? પણ એ ભકિત ભકત અને ભગવાન વચ્ચેની ભેદરેખાને ભેદતી દેખાય છે.

નાથ ! ભકતોની એ ભકિત આપને એ ભકતોના હૃદય સિંહાસન પર વિરાજમાન કરે છે. આપની ભકિતના ભિખારી એ ભકતોના જીવન સફળ દેખાય છે.

૬૩૧

દેવાધિદેવ! હું પણ તારા અત્યેની આવી જ કોઇ ભક્તિથી મારા જીવનને સફળ કરવા ઝંખુ છું.

"મન મોહ્યું પ્રભુ તુજ ધ્યાનમાં.......''

હે દેવાધિદેવ! યુગયુગાંતરોથી કંચન અને કામીનીના ધ્યાનમાં નિષ્ણાત બનેલુ મારુ મન હવે તારા ધ્યાનમાં મુગ્ધ બન્યું છે. મ.રા એ મનને હવે તારી જ એક મોહિથી લાગી છે.

સંસારની દડમજલમાં અનંત અનંત કાળ વિત્યો. ત્યાં મેં મોહને દારૂ ખૂબ પીધો. પીધા જ કર્યો એનો નશો ચઢયો. એ નશામાં પાણીના પૂરની જેમ કાળનો અનંત પ્રવાહ કયાં વહી ગયો. તેની મને ખબર ન પડી.

એકેન્દ્રિય,બેઈન્દ્રિય,તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયના ભવોમાં અસંખ્ય–અનંતકાળ મેં ઘોર અજ્ઞાન–અંધકારમાં પસાર કર્યો પણ હવે એવો કોઈ સુંદર પુણ્યોદય પ્રગટયો છે કે હું પંચેન્દ્રિયપણું પામ્યો. તેમાંય નિર્મળ મન સાથે ધ્યાનયોગમાં તારી પ્રાપ્તિ થઈ.

અને ઓ વીતરાગ! તારા તત્ત્વસુધારસનુ પાન મળ્યું એથી તો અંતરની–અંતરની મોહમૂઢતા અને ભ્રમણાએ તરત વિદાય લીધી.

ખરેખર! હે નાથ! તારી કૃપાદૃષ્ટિ મારા ઉપર થઈ લાગે છે. કારણ મારામાં બહિરાત્મદશાના ત્યાગનુ ખમીર પ્રગટયું,હું અંતરાત્મદશા પામ્યો. નશ્વર કાયાને જ આત્મા માની લેવાની ભયંકર ભૂલ સુધરી. કાયાનો આળપંપાળ મૂકી હું આત્મા–ભિમુખ બન્યો.

મારા અંતરાત્માએ તારા પરમાત્મસ્વરૂપનું દર્શન કર્યું. તારી અજબ જ્ઞાનદશા નિહાળી.તારા એ સોહામણા જ્ઞાનયોગની મને લગની લાગી.આત્માને જલકમલની જેમ સંસારમાં નિર્લેપ રાખવાની તાકાત તારા એ અદ્ભૂત જ્ઞાનયોગમાં છે.

ઓ કૈવલ્યલક્ષ્મીના કંત! ઓ કૃપાનિધિ! જગત આખું ઘૂમી વળ્યો. પણ તારા જેવો જ્ઞાનદિવાકર, ગુણરત્નાકર બીજો ન મળ્યો.

હે અશરણશરણ! હે નિરાગી! હે નિરંજન! હે પવિત્ર પરમાતમ! તારા ચરણોમાં નમી એક જ માગું છું–નય અને પ્રમાણથી યુક્ત તારી ભવનિસ્તારિણી આજ્ઞા મળજો. તારા વચનની આરાધના મળજો.

ધર્મનું મૂળ તારું વચન છે. અને એની આરાધના એ જ ધર્મ છે.

---

### ભાગ્યના ખેલ          કિં. ૧–૨૫

૧. રતનના અજવાળાં ૨. ભવસાગરના તરનારા અને ત્યાગધર્મનાં તાળાં આ ત્રણ રસમય વાર્તાઓનું આ પુસ્તક હાથમાં લીધા પછી મૂકવું ગમતું નથી.

### પદ્મ પરિમલ          કિં. ૧–૫૦

પૂ. ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવર શ્રીએ સાધુ ભગવંતો પર લખેલા પત્રોનો સંચય આ પુસ્તકમાં છે. પુસ્તકના શબ્દે શબ્દે ચૈતન્ય ભરેલું છે. પ્રમાદને ભગાડવાનું સામર્થ્ય રહેલું છે. આરાધનાની ભવ્ય પ્રેરણાનો શ્રોત વહે છે આ પત્રસંચયમાં.

# પ્રભુભક્તિના સાધનો :

**(૧) સત્વસંશુદ્ધિ:** સત્વસંશુદ્ધિ એટલે અંતઃકરણની શુદ્ધિ અથવા સત્વગુણની વૃદ્ધિ. લોકો પ્રભુ પ્રત્યે પ્રેમભકિત પ્રગટ કરવાની ખૂબ ઇચ્છા રાખે છે પણ સત્વસંશુદ્ધિ-હૃદય શુદ્ધિના અભાવે સફળ થઈ શકતા નથી.આ સત્વસંશુદ્ધિ-વૃદ્ધિ પ્રત્યેક આધ્યાત્મિક સાધનનો મૂળભૂત પાયો છે. હૃદય શુદ્ધિરૂપ ભૂમિને તૈયાર કરી એમાં પ્રભુના નામ સ્મરણનું બી નાંખવામાં આવે તો ભકિતના અંકુરાં ફૂટે. પ્રભુભકિતનો રસાસ્વાદ લેવાની ઇચ્છાવાળા ભકત માટે પ્રભુના નામનું સ્મરણ અત્યંત જરૂરી છે. આશિર્વાદ રૂપ છે. નામ સ્મરણ પણ રસપૂર્વક થવું જોઇએ. ક્રમે ક્રમે મનની સ્થિરતા, એકાગ્રતા પ્રાપ્ત થાય તો જ પ્રભુભકિત જાગૃત થયાનું ફળ મેળવી શકીએ.

**(૨) પ્રાર્થના–સ્તવના:** સ્તવના માત્ર જીભ કે હોઠની ન હોવી જોઈએ. યાંત્રિક કે ટેવવશ બનીને કરાતી ન હોવી જોઈ એ. હૃદયની ભાષાથી, હૃદયની લાગણી–ભકિતરૂપે વ્યકત કરાતી હોવી જોઈએ. પ્રભુ સાથેના આત્માના અનુસંધાનનો પુલ બની શકે એવી પ્રાર્થના–સ્તવના કાંઈ એક બે દિવસમાં ન બની શકે. એના પ્રાકટય માટે દિવસો, મહિનાઓ, વર્ષોના આર્તનાદ જોઈએ. પૂર્વના અનેક મહાન ભકતોના કેટલાય સ્તોત્રો, સ્તવનો, પદોમાં હૃદયના ઉંડા ઉદ્‌ગારોનું દર્શન થાય છે. એમણે વર્ષો સુધી પરમાત્મા

સાથે પેટ ભરીને વાતો કરી છે. પ્રભુ આગળ દિલને વહેતું કર્યું છે. પ્રભુ સાથે અતૂટ સંબંધ બાંધ્યો છે.

(૩) **સત્સંગ:** દેવ–ગુરૂના સંપર્કથી, પ્રભુભકત અને તત્વદર્શી મહાપુરૂષોના સમાગમથી, સતૂશાસ્ત્રોના વાચન–મનન–ચિંતનથી **ભકિત રસના થર જામે છે.** સુસંસ્કારોનું ઘડતર થાય છે, વિવેક અને વૈરાગ્ય જેવા તેજસ્વી નેત્રો ખૂલે છે. સંસારની વિનશ્વરતાનો વિચાર દઢ બને છે. વિષયોમાં મન આસકત હોય ત્યાંસુધી પ્રભુ પ્રત્યે પ્રેમ કયાંથી પ્રગટે ? વૈરાગ્ય ને પ્રગટાવવામાં વિવેક મુખ્ય ભાગ ભજવે છે. વિવેક એટલે સત્યાસત્ય અને શુભાશુભનો સમ્યક્ વિચાર–પૃથકકરણ. આ વૈરાગ્ય અને વિવેક ઉચ્ચ ભૂમિકાની પ્રભુભકિતના પથ દર્શક છે.

વિષયોને અને વિષયોના રસને પણ છોડવા માટે આ બધા સાધનોનો સંયુકત આધાર લેવાથી ખૂબ સારો આત્મવિકાસ થશે. આ ત્રણેમાં આત્મવિકાસની જુદી જુદી અનેક પ્રક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે.

---

## દીવાદાંડી ભા. ૧ કિં. ૧–૫૦

ભવસાગરની મુસાફરીમાં ભવ્યાત્માઓને સાચે જ આ પુસ્તક દીવાદાંડીની ગરજ સારે તેવું છે. ખડકોર્થી પથરાયેલા સાગરમાં કુશળ નાવિકને પણ મુંઝવણો ઊભી થાય છે ત્યાં માર્ગદર્શન દીવાદાંડીને આભારી છે, આ પુસ્તકે પણ અનેકોના જીવનનાવને સલામત માર્ગે વાળ્યું છે.

# દુઃખમય સંસાર :

સંસારની ચારે ગતિની દુઃખમયતાનો વિચાર કરતાં સમજાય છે કે, દેવગતિ (વૈષયિક) સુખ બહુલ ગણાય, છતાં ત્યાંય ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માયા અને લોભના દુઃખનો પાર નથી. નરકગતિ દુઃખ બહુલ છે તિર્યંચ-ગતિ અજ્ઞાન–બહુલ છે અને અજ્ઞાન એ જ મોટામાં મોટું દુઃખ છે. મનુષ્યગતિમાં સુખ–દુઃખ–અજ્ઞાનની બહુલતા નથી એના ખાતા સરભર રહે છે, તેથી ધર્મ આરાધવા માટેના અનુકૂળ સંયોગો ગણાય. બહુ દુઃખી, બહુ સુખી કે બહુ અજ્ઞાની વિશિષ્ટ ધર્મની આરાધના શું કરી શકે ? છતાં મનુષ્યગતિમાંય દુઃખ ઓછાં નથી.

**મનુષ્યગતિમાં દુઃખો:–** કર્મભૂમિ, અકર્મભૂમિમાં ઉત્પન્ન થતાં મનુષ્યોને પરમાર્થથી કશું જ સુખ નથી. જુઓ:– પહેલું ગર્ભાવાસનું દુઃખ. જેમ ચોરને જેલમાં પુરે તેમ અશુચિમય, અંધકારમય, બંધીયાર એવી ગર્ભની કોટડીમાં કર્મસત્તા ધકેલે છે. ત્યાં જતાં–ઉત્પન્ન થતાંની સાથે જ પિતાનું વીર્ય અને માતાના રૂધિરનાં બિભત્સ ખોરાકનો જીવ આહાર કરે છે. અને એના દ્વારા શરીર રચવા માંડે છે. જીવને ગર્ભમાં ઉંધા મસ્તકે જ લટકતા રહેવું પડે છે.

પૂર્વભવની વૈક્રિય લબ્ધિવાળો જીવ કોઈ રાજાની રાણીના પેટે ગર્ભપણે ઉત્પન્ન થઈ ને પ્રૌઢતાને પામેલો,

દુશ્મનનું લશ્કર ચઢી આવેલું સાંભળીને ગર્ભમાં રહ્યો રહ્યો જીવ પ્રદેશોને બહાર કાઢી વૈક્રિય લબ્ધિથી હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરે સૈન્ય વિકુર્વાને લઢાઇ કરી રૌદ્ર ધ્યાનના અધ્યવસાયવાળો ગર્ભમાં જ મૃત્યુ પામી નરકમાં જાય છે.

ઘોર નરકાવાસ જેવા ગર્ભવાસમાં જીવ જેવું દુઃખ પામે છે. ભોગવે છે. તેવું દુઃખ રોગ, શોક, જરા, દરિદ્રતા કે મરણનું નથી. તપાવીને અગ્નિના વર્ણ જેવી લાલચોળ ધગધગતી સોયો બત્રીસ વર્ષના નીરોગી કાયાવાળા જુવાન માણસને એક સામટી ભોકવામાં આવે અને જે પીડા થાય તેથી આઠગણી વેદના ગર્ભમાં રહેલા જીવને હોય છે. એક ક્ષણનો પણ ત્યાં તેને આરામ નથી. પિત્ત, ચરબી, માસ, લોહી, શુક્ર, વિષ્ટા, મૂત્ર આ બધા અપવિત્રમાં અપવિત્ર પદાર્થોમાં જીવ કૃમિ-કરમીયાની જેમ ખદખદે છે.

કોઈ બહુ પાપી જીવ અશુચિમય ગર્ભાવાસમાં ઉત્કૃષ્ટથી બાર વર્ષ રહે છે. બારે વર્ષે મરીને એવા કોઈ વિચિત્ર કર્મના યોગે માતાના ગર્ભમાં રહેલા પોતાના કલેવરમાં (મૃત શરીરમાં) ઉત્પન્ન થઇ બીજા બાર વર્ષ રહે છે.

ગર્ભવાસના દુઃખ કરતાં એમાંથી બહાર નીકળતી વખતનું દુઃખ અનંત ગણું હોય છે. જંતરડામાંથી તાર ખેંચાય એમ ખેંચાતો ખેંચાતો બહાર આવે છે. કોઈ જીવ પગથી બહાર નીકળે તો કોઈ માથા બાજુથી બહાર નીકળે છે. તે સિવાય બીજી રીતે આડો પડીને બહાર

આવે તો એ મરી જાય છે. અને માતાને પણ પાર વગરનું કષ્ટ થાય છે. કેટલીય માતાઓ પ્રસૂતિ વખતે જ યમધામમાં પહોંચી જાય છે.

**બાલ્યાવસ્થામાં દુઃખઃ–** ભૂખ–તરસ કે રોગની વેદનાઓ થવા છતાં કહી શકે નહીં. ફક્ત રૂદન કર્યા કરે. શ્લેષ્મથી ખરડાયેલો, મળમૂત્રથી લેપાયેલો, ધૂળથી ભરાયેલા શરીરવાળો જીવ બાળપણમાં શું સુખ અનુભવી શકે? અજ્ઞાન-દોષથી અગ્નિમાં હાથ ઘાલે,સર્પ ચાકુ છરી કે એવી ઘાતક ચીજો પકડવા દોડે, ન ખાવા–પીવા લાયક ચીજો ખાય, પીએ, રઝળે, રાડો પાડે, કુવા, તલાવાદિમાં ડુબી જાય. વગેરે અનેક દુઃખો અને પાપોથી બાળપણું વિતાવે.

**યૌવનની યાતનાઓઃ–**યૌવનના ઉંબરે પગ મૂકતાની સાથે ધન કમાવાની તૃષ્ણા મુંઝવે. મહા મુશ્કેલીએ કંઈક ધન ભેગું કરે ત્યારે એને સાચવવાની મુંઝવણમાં પડે. ધનનો લાભ થતો જાય, એમ લોભ વધતો જાય. એ લોભ રાત દિવસ મનને સતાવ્યા કરે. બેચેન બનાવે. પરદેશ ગમન–તાપ–ટાઢ, પરદ્રવ્ય હરણ, વૈર, કલહ અને અનીતિ–અન્યાયનો ભોગ બને. યૌવનનું આ બેસીતમ દુઃખ કોણ વર્ણવી શકે? દરિદ્રતાથી પીડાયેલા જીવો સંકલ્પ–વિકલ્પથી બેસુમાર દુઃખી બને છે. મારા ઘરમાં ધન નથી. બીજા લોકો કેટલી લહેર કરે છે. બૈરી આ લાવો ને તે લાવો કરે છે. શું લાવી આપું? ક્યાંથી લાવું? મારા શ્રીમંત સગાઓ, મારૂં બધું પડાવી બેઠા છે. મારૂં

આપેલું પાછું આપતા નથી. બીજાઓ મારો પરાભવ કરે છે. મને તરછોડી કાઢે છે. ઘરમાં ઘી નથી. તેલ નથી. લાકડા ખૂટયા છે. મીઠું થઈ રહ્યું છે સ્ત્રી માંદી પડી છે. કુંવારી છોકરી મોટી થતી જાય છે. છોકરો હજી નાનો છે. હજી કમાણો કરી શકે એવો નથી ~~દવા~~ લાવવાના પૈસા નથી. સ્ત્રી બહુ હઠીલી છે. કજીયાળી છે. ઘેર મહેમાન આવ્યા છે. ઘર જુનું થયું છે. દુકાન જિર્ણ થઈ છે. વરસાદનું પાણી પડે છે. ઘરમાં મારૂં કોઇ માનતું નથી. શેઠ પણ આકરા સ્વભાવવાળો છે. આ દેશમાં રહેવા જેવું નથી. સમુદ્રપાર જાઉં. વિદ્યામંત્ર....કાંઇક સાધું. કોઈ દેવતાને પૂજું ? શું કરૂં ? આ ગરીબાઈ કેમ ટળશે ? લેણદારો લેણું માંગે છે.' આવી અનેક મહાચિંતારૂપી તાવથી મુંઝાયેલો મહાદુઃખ અનુભવે છે.

કેટલાકો યુવાનીમાં કમળ જેવા કોમળ તળીયાવાળા, લાલ નખવાળા, લક્ષણયુક્ત, કાચબા જેવા ઉંચા પગ વડે શોભતા તથા સારી રીતે ગોઠવાયેલ ગૂઢ ઘુંટણવાળા, હરણના જેવી જાંઘવાળા, હાથીની સૂંઢ જેવી સાથળ વાળા, સિંહના જેવી કેડવાળા, ગંગા નદીના દક્ષિણાવર્ત જેવી નાભીવાળા, ઉત્તમ વજ્રના જેવા મધ્ય ભાગવાળા, ઉન્નત કક્ષાવાળા, મત્સ્ય જેવા સુસંગત પેટવાળા, શિલાતલ જેવા વક્ષસ્થળવાળા, ભુંગળ જેવા ભુજદંડવાળા, જેવીઉત્તમ વૃષભ ખાંધવાળા, શંખ જેવી અને ચાર આંગળની ગ્રીવા (ડોક) વાળા, વાઘના હડપચીવાળા, પરવાળા જેવા હોઠવાળા, ચંદ્ર જેવા

ગાલવાળા, કુંદપુષ્પ જેવા ઉજળા દાંતવાળા, પક્ષિરાજ ગરૂડની ચાંચ જેવી સીધી–સરખી નાસિકાવાળા, પદ્મદળ સમાન નેત્રવાળા, કામદેવના ધનુષ્ય જેવી ભમરવાળા, કામદેવના હિંચકા સમાન કાનવાળા, અર્ધચંદ્ર સમાન ભાલસ્થલવાળા, કાજલ જેવા કાળા અને મૃદુ કેશવાળા. વર્ષાના મેઘ સરખા સ્વરવાળા, સુવર્ણ જેવા તેજસ્વી દેહવાળા, હાથના તળિયામાં શંખ, ચંદ્ર; સૂર્યાદિ લક્ષણોવાળા, વજ્રઋષભનારાચસંઘયણવાળા, સમચતુરસ્રસંસ્થાનવાળા લાવણ્ય અને રૂપના ભંડાર, જોવા માત્રથી લોકને આનંદ ઉપજાવનારા હોય છે. છતાં યુવાવસ્થાના પ્રારંભમાં જ કોઢ, ક્ષય, ભગંદર, વગેરે અનેક રોગના ભોગ બની જાય છે. રોગોની રોજની હેરાન ગતિ ચાલુ જ હોય છે. જોનારને અતિ શોચનીય લાગે છે. ખાવા–પીવાની સામગ્રી હોવા છતાં ખાઈ શકે નહિ. ફક્ત જોઈ જોઈ ને રોયા કરે. જીવન સદાને માટે અકારૂં લાગે. **આમ યૌવનને રોગો મસળી નાખે છે.** ત્યાં જરા રાક્ષસી પોતાના વિકરાળ પરિવાર સાથે ધસી આવે છે. એ જબરી શકિત ધરાવે છે. અને તરત જ પહેલાં કાળા ભ્રમર જેવા વાળને માલતીના ફૂલ જેવા ઉજળા બનાવી દે છે, વિલાસના પૂરમાં મહાલતા યુવાનનું અભિમાન ઓગાળી દે છે, શરીરે કરચળી પડવા માંડે છે, આંખમાંથી પાણી ટપકવા માંડે છે, મોઢામાંથી લાળ ગળવા માંડે છે, સ્ત્રીઓ મશ્કરી કરતી હોય છે, દાંત પડી જવાથી બોખો થાય છે, આંખે ઝાંખ પડે છે, શરીરે વા આવે છે, સગો દિકરો સગી સ્ત્રી

પણ પરાભવ કરે છે. સાથળ થથરે છે. આંખોનું તેજ ઘટી જાય છે. અંધાપો આવે છે, કાનમાં બહેરાશ આવે છે, શરીર વાથી તૂટે છે–ધ્રુજે છે, કફ અને શ્લેષ્મ વધુ પ્રમાણુમાં થાય છે. વૃદ્ધનું વચન કોઈ માનતુ, ગણુકારતું નથી, વૃદ્ધની સૌ મશ્કરી કરે, ટીખલ કરે, ઘરના ખૂણામાં ખાટલામાં, માંચડામાં ખોં ખોં કરતા પડયા રહેવું પડે, દુકાને જાય તો છોકરો ઘસીને ના પાડી દે કે તમારે દુકાને આવીને ટક ટક કરવી નહીં. સ્ત્રી, છોકરા, છોકરીઓ, વહુઓ એવો પરભાવ કરે કે પેલો ડોસો મનમાં ને મનમાં સમસમી જાય અને અંતે અશરણુપણે દીન મુખે મરણુને શરણુ બને છે.

આ રીતે ચારે ગતિમાં સંસારી જીવ ધર્મહીનપણે કાલ વ્યતીત કરી રહ્યો છે, દુઃખમાંથી છૂટવા મૂઢતાના કારણે તે પાપનો માર્ગ અપનાવે છે અને અનંત કાલ સુધી પરિભ્રમણ કર્યા જ કરે છે. વિવેકી આત્માએ પાપનો માર્ગ છોડી ધર્મની આરાધના દ્વારા આ ચાર ગતિરૂપ દુઃખમય સંસારનો પાર પામવા સદા ઉજમાળ બનવું જોઇએ.

## ધર્મનાયક શ્રીતીર્થંકરદેવ :

શક્રસ્તવ ( નમુત્થુણં સ્તોત્ર )થી ઈન્દ્ર મહારાજે કરેલી શ્રીતીર્થંકરદેવની ભવ્ય સ્તવનામાં ‘ધમ્મનાયગાણુ” પદથી તીર્થંકદેવને ધર્મના સ્વામી કહ્યા તે જેવી તેવી વાત નથી.

આ ધમ્મનાયગાણં વિશેષણ શ્રીતીર્થંકરદેવની ઘણી મોટી વિશેષતા બતાવે છે.

ધર્મના સ્વામી એટલે ધર્મ જેમને વશ થયો છે. ધર્મ જેમને સ્વાધીન છે. ધર્મના જેઓ માલિક છે.

લલિતવિસ્તરાગ્રંથમાં તે ગ્રંથરત્નના રચયિતા ભગવાન હરિભદ્રસૂરીશ્વરજીએ ચાર કારણો આપી ધર્મના સ્વામીપણાને સચોટ રીતે પૂરવાર કરી આપ્યું છે.

લલિતવિસ્તરા ગ્રંથ એટલે 'શક્રસ્તવ'ના ગંભીર રહસ્યોને પ્રગટ કરતો વિવેચનગ્રંથ.

## શ્રીતીર્થંકરદેવ ધર્મના નાયક શાથી?

૧લું કારણ–'**ધર્મનો વશીકરણ ભાવ**' અર્થાત્ તીર્થંકરભગવંતે ધર્મનું વશીકરણ કર્યું છે. ધર્મ પોતાને સ્વાધીન કર્યો છે. સારાય વિશ્વનું કલ્યાણ કરવા સમર્થ એવા ધર્મ ઉપર તીર્થંકરદેવનું પ્રભુત્વ શાથી? આ પ્રશ્ન સહેજે થાય તેથી આ વાતને સિદ્ધ કરવા શાસ્ત્રકાર ચાર અવાંતર કારણો બતાવે છે.

(૧) શ્રીતીર્થંકર ભગવાને ધર્મની પ્રાપ્તિ વિધિ પૂર્વક કરી છે. (૨) વિધિ પૂર્વક પ્રાપ્ત કરેલા ધર્મનું પાલન નિરતિચારપણે કર્યું છે. (૩) એ ધર્મ વિશિષ્ટ ક્ષયોપશમવાળા ભવ્ય જીવોને, તે જીવોની યોગ્યતા મુજબ આપ્યો છે. અને (૪) ધર્મનું પ્રદાન કરવામાં પ્રભુ સર્વજ્ઞ હોવાથી તેઓને શાસ્ત્રવચનની અપેક્ષા રાખવાની રહેતી

નથી. આ ચાર કારણોથી 'ધર્મનો વશીકરણ ભાવ' સુંદર રીતે સાબિત થાય છે.

**શ્રીતીર્થંકરદેવ ધર્મના નાયક શાથી ?**

રજું કારણ 'ઉત્તમ ધર્મની પ્રાપ્તિ' શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રાપ્ત કરેલો ધર્મ ઉત્તમકોટિનો છે. અર્થાત્ ત્રિકોટી પરિશુદ્ધ ધર્મ પ્રાપ્ત કર્યો છે. કષ ચ્છેદ અને તાપની પરીક્ષામાં પાસ થયેલું સોનું જેમ પરિશુદ્ધ ગણાય છે તેમ કષ ચ્છેદ અને તાપ–આ ત્રણ રીતે પરિશુદ્ધ થયેલો ધર્મ ઉત્તમકોટીનો ગણાય છે.

ધર્મનાયકપણાના આ બીજા કારણને વધુ સ્પષ્ટ કરવા શાસ્ત્રકાર ચાર અવાંતર કારણો બતાવે છે (૧) જગદ્ગુરુ શ્રીતીર્થંકરદેવને સર્વશ્રેષ્ઠ અને અણમોલ એવા ક્ષાયિક ધર્મની પ્રાપ્તિ થઈ છે. એટલે હવે કદી એ ધર્મ-રત્ન વિનાશ પામશે નહિ. તેમજ બીજા જીવો કરતા તે તારકોના ક્ષાયિક ધર્મની વિશેષતા–પ્રકૃષ્ટતા તીર્થંકરપણાના કારણે છે (૨) પરમાત્મા બીજા ભવ્યજીવોને કલ્યાણ સંપાદન કરી આપે છે. એ હકીકતનું રહસ્ય સમજવા જેવું છે. આત્મા જ્યારે ઉત્તમ કોટિના ક્ષાયિક ધર્મનું કેન્દ્રસ્થાન બની જાય છે, ત્યારે એ મહા ગુણવાન વિભૂતિના હાથે સહજ રીતે પરોપકાર અને પરકલ્યાણ થયા કરે છે. જે આત્માઓને આવા ઉત્તમ ધર્મની પ્રાપ્તિ તો શું પણ એની છાયા સરખીય નથી તેઓ પરોપકાર કે પરકલ્યાણને સમજવા પણ શક્તિમાન છે? ના, નથી જ.

તો પછી એવાઓથી પરનું કલ્યાણ થવાની વાત ક્યાં રહી? આજે પરોપકારના ઝંડાધારીઓ ઘણા નીકળી પડયા છે. પરંતુ સર્વજ્ઞકથિત ધર્મની પ્રાપ્તિ કે તેની છાયા વિના તેઓ પરોપકારને બદલે સ્વપરની વિટંબણા કરી રહ્યા છે.

(૩) શ્રીતીર્થંકરપરમાત્માની પરોપકારની પ્રવૃતિહીન આત્માઓને પણ કલ્યાણકર હોય છે. એ તારકો પશુઓના પ્રતિબોધ માટે પણ અથાગ પરિશ્રમ વેઠે છે.

આ અવસર્પિણીકાળના વીસમા તીર્થંપતિ શ્રીમુનિસુવ્રતસ્વામીની પરોપકારની પ્રવૃત્તિ અશ્વ જેઓ પશુને પણ પ્રતિબોધ કરનારી થઈ હતી. તેઓ પ્રતિષ્ઠાનપુરથી ખાસ અશ્વના ગતિબોધ માટે એકજ રાત્રિમાં ૬૦ યોજનનો વિહાર કરીને ભરૂચ પધાર્યા હતા.

## અશ્વ પ્રતિબોધનો પ્રસંગ

મગધ નામનો દેશ. જેવો વિશાલ તેવોજ સમૃદ્ધ. મગધદેશના અલંકાર સમી રાજગૃહ નામની નગરી. એ નગરી ધનકુબેરોના વસવાટથી અલંકૃત હતી. વિદ્વાનોના વસવાટથી સૌભાગ્યવતી હતી. દેવવિમાન શા જિનમંદિરો અને એના ગગનચુંબી શિખરો રાજગૃહીની ગૌરવગાથા સમા હતા. ભૂપાલ સુમિત્રનું રાજવીનું તેજ દુશ્મનોના મદને ઓગાળી રહ્યું હતું મહારાણી પદ્માવતીદેવીનું અનુપમ શીલ અને લાવણ્ય લક્ષ્મીદેવીનું ક્રીડાસ્થાન બની ગયું હતું સ્વાતિ નક્ષત્રમાંછીપમાં જેમ પાણીદાર મોતી પાકે તેમ મહાદેવીના

ઉદરથી પુત્રરત્નનો જન્મ થયો. સુમિત્ર મહારાજાના કુળરૂપી કમળવનસમા કુળમાં રાજહંસ જેવા પુત્રથી દીર્ઘકાળથી નાથ વિહોણું ભૂમંડલ, જાણે સનાથ બન્યું. સમગ્ર રાજગૃહ આનંદ અને ઉલ્લાસમાં ગરકાવ બની ગયું.

શું દેવો કે શું દેવેન્દ્રો, શું માનવો કે શું પશુપક્ષીઓ સમગ્ર વિશ્વ માટે અજ્ઞાનની કાજળ ઘેરી રાત્રિને અંતે જાણે દિવ્યપ્રભાત પ્રગટયું !

મહારાજા સુમિત્ર અને મહાદેવી પદ્માવતીનો આ પુત્રરત્ન તે જ આપણા વીસમા તીર્થપતિ મુનિસુવ્રત સ્વામી ત્રણ ત્રણ જ્ઞાનથી યુક્ત પ્રભુ બાલ્યકાળથી મહાપ્રૌઢ લાગતા હતા બાલ્યવય વિતાવીને પ્રભુ યૌવનને આંગણે આવી ઉભા.

યૌવન એટલે કામદેવનું ક્રીડાગૃહ. ત્યાં ભલભલા યુવાનો દિવાના બની જાય છે. પણ પ્રભુ તો જન્મથી મહાવિરાગી હતા. સુમિત્રમહારાજાએ રાજ્યભાર પ્રભુને સોંપ્યો. ઝગમગતા વૈરાગ્ય સાથે પ્રભુ રાજ્યનું પાલન કરી રહ્યો છે.

ગગનમાં વિજ ઝબુકે તેમ એકવાર પ્રભુના રાજ્ય દરબારમાં નવ લોકાંતિક દેવો આવ્યા. તેજનો અંબાર વેરતા એ દેવોએ પ્રભુને દીક્ષા અવસરના વધામણાં આપ્યા. તરત જ પ્રભુએ સાંવત્સરિક મહાદાન આપ્યું. ત્યાં ચોસઠ ઈન્દ્રો અને અસંખ્ય દેવો દીક્ષા કલ્યાણક ઉજવવા દોડી આવ્યા. સહુએ પ્રભુનું અદ્‌ભૂતપૂજન-અર્ચન કર્યું. રાજપાટનો ત્યાગ કરી પ્રભુએ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

* પ્રવ્રજ્યા એટલે મુક્તિનો મંગલમાર્ગ.
* પ્રવ્રજ્યા એટલે સંસારકારાગૃહમાંથી મુક્તિ.

પવનની જેમ અસ્ખલિત ગતિએ પ્રભુ પોતાની ચરણ-રજથી પૃથ્વીતલને પાવન કરી રહ્યા છે. કર્મક્ષયની સાધના કરતાં—કરતાં શુક્લધ્યાન રૂપી કુહાડાની તીક્ષ્ણ ધારાથી મોહના વિષવૃક્ષને કાપી નાખી પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. વિશ્વના સર્વ પદાર્થોની ત્રણે કાળની સઘળી અવસ્થાઓને પ્રકાશિત કરવાનું મહાસામર્થ્ય હોય છે. એ જ્ઞાનમાં પ્રભુને કેવલજ્ઞાન થયેલું જાણી ઈન્દ્રો પરિવાર સાથે મૃત્યુલોકમાં દોડી આવ્યા અને સમવસરણની રચના વગેરે દ્વારા રમણીય પૂજાભક્તિ કરી. ઈન્દ્રોના હૈયામાં જાણે ભક્તિનો સાગર ઉમટયો છે. બધાજ દેવેન્દ્રો યથાક્રમે પોતપોતાના સ્થાને બેસી ભગવંતની પર્યુપાસનામાં લાગી ગયા.

પ્રભુ ભવ્ય આત્માઓ રૂપી મત્ત મયુરોને ઉલ્લસિત કરવા જાણે જલધર ન હોય? અને ક્રોધ, માન આદિ કષાયોરૂપ ગ્રીષ્મકાળના બળતા તાપથી સળગી રહેલા પ્રાણીમાત્રને શીતલચંદનના વિલેપન કરતા મહા ધન્વન્તરી ન હોય એવા લાગતા હતા! ઝળકતી અંજનવર્ણી સુકોમળ કાયાને ધારણ કરનારા એ ત્રિભુવનપતિ વિદ્યુલ્લતા સમા તેજસ્વી ભામંડલથી શોભતા હતા. ઈન્દ્રધનુષ જેવા વિસ્ફુરિત ધર્મચક્રના ધારક હતા. સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર પોતાના સુકોમળ હાથે બગપંક્તિ શા ધવળ ચામરોથી પરમાત્માને વીંઝી રહ્યા હતાં.

એ વિશ્વવંદ્ય વિભૂતિએ શું દરિદ્ર કે શું શ્રીમંત, શું રંક કે શું રાજા, શું નર કે શું અમર, શું પશુ કે પક્ષી સંસારના દુઃખીયા જીવોને શિવસુખનો રસાસ્વાદ કરાવતી વિષય વિષની ઓળખ આપતી, અને અનંત કલ્યાણને નિકટ ખેંચી લાવતી ધર્મદેશના આપી. દેશનાની અખંડ અમી-ધારાથી પ્રાણીમાત્રની આત્મભૂમિને પ્રશાંત બનાવી દીધી. વિષય કષાયના ભભુકતા હુતાશનને બુઝવી નાખ્યો. ત્યાર પછી ધર્મતીર્થની સ્થાપનાનો મંગળવિધિ થયો. શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ. વીસમા તીર્થપતિનું ધર્મશાસન પ્રવર્તમાન થયું.

ત્યારપછી તેજસ્વી સૂર્યની જેમ ભવ્યકુમુદોના વનખંડોનું વિબોધન કરતા ભુવનગુરુએ એકવાર ભરૂચ નગર તરફ વિહાર કર્યો. એક જ રાત્રિમાં ૬૦ યોજન ચાલીને પ્રભુ ભરૂચના ઈશાન ખૂણે આવેલા કોરિંટક નામના ઉપવનમાં સમવસર્યા.

જિતશત્રુ રાજાએ સેવકોના મુખે જગદ્ગુરુનું શુભા-ગમન સાંભળ્યું. પ્રમોદપૂર્ણ ચિત્તવાળો રાજા તરત જ અશ્વ-રત્ન પર આરૂઢ થઈ પ્રભુના ચરણવંદન માટે કોરિંટક ઉપવનમાં આવ્યો. આબાલવૃદ્ધ સહુ કોઈ નગરજનો પણ રાજા સાથે ઉપવનમાં આવ્યા છે, સહુને વીતરાગના દર્શન વંદનનો થનગનાટ જાગ્યો છે.

શ્રીજિનેશ્વરદેવના ચરણયુગલ લોકોત્તર સર્વસંપત્તિનું અનન્ય ધામ બની ગયા હતા પુલકિત હૃદયે પરમાત્માને

પ્રણામ કરી, અંજલિ જોડી રાજા ભગવત્પાદારવિંદમાં ભ્રમર થઈને બેઠો. પરમાત્માની અમૃતવાણીનું સંભ્રમપૂર્વક એકચિત્તે શ્રવણ કર્યું.

પરમગુરુ મુનિસુવ્રતસ્વામીના પ્રથમ ગણધરદેવ સ્વયં જ્ઞાની હતા. છતાં ભવ્યજીવોના પ્રતિબોધ માટે તેમણે ભગવંતને પ્રશ્ન કર્યો—કરૂણાનિધિ પ્રભુ ! દેવ મનુષ્ય અને તિર્યંચોથી ભરચક આ પર્ષદામાં આપની દિવ્ય ધર્મદેશના સાંભળી કેટલા આત્માઓએ પહેલી જ વાર સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કર્યું અને સંસારને પરિમિત બનાવ્યો ?

અનંતજ્ઞાની નાથે વેધક અને બોધક વચનોથી જ્યારે પ્રત્યુત્તર આપ્યો ત્યારે પ્રભુના દાંત જાણે કુંદપુષ્પની કાંતિની અને શ્વેતવર્ણની હરિફાઈ કરી રહ્યા હતા. પ્રભુએ કહ્યું સૌમ્ય ! સાંભળ. નરપતિ જિતશત્રુના અશ્વરત્ને અભેદ્યગ્રંથીને મહાપુરુષાર્થથી ભેદીને ભવચક્રમાં પહેલીજ વાર સમ્યકત્વરત્ન પ્રાપ્ત કર્યું છે. તે સિવાય આ વિશાળ પર્ષદામાંથી કોઈ જીવે નવું સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું નથી. આ સાંભળતાં જ જિતશત્રુ રાજાને ભારે આશ્ચર્ય થયું. ઓ હો ! મારા અશ્વરત્નને બોધિરત્નની પ્રાપ્તિ ! એણે પરમાત્માને વિનયભાવે પૂછયું—દેવાધિદેવ ! મોહની પ્રબલતાને કારણે માનવોને પણ રાગદ્વેષ છોડવાનો આવો ભવ્ય પુરુષાર્થ દુષ્કર છે અને અવિવેક ભર્યા પશુ જીવનમાં તો અદ્‌ભૂત આત્મ-મંથન સિવાય અતિદુ:શકય છે આ અશ્વરત્ને પૂર્વજન્મમાં

એવું શું આત્મમંથન અથવા ધર્મપુરુષાર્થ કર્યો હતો કે જેના પ્રતાપે આપની વાણી સાંભળતાંજ એણે બોધિરત્નની પ્રાપ્તિ કરી !

તારકદેવ ! આપને બીજી એક વાત જણાવી દઉં કે આપના પાદવંદન માટે હું આ અશ્વરત્ન પર આરૂઢ થઈને ચાલ્યો. અને જ્યારે ત્રણલોકના તિલક સદેશ આપના સમવસરણને નીહાળ્યું ત્યારે મેં ઘોડા પરથી ઉતરી પગે ચાલવા માંડ્યું. એ દરમ્યાન સકલજંતુઓના ચિત્તને પરમ આનંદ આપતી મેઘના ગર્જારવ જેવા ગંભીર ઘોષવાળી અને ભવસાગરમાં નૌકા સમી આપ કૃપાનાથની દિવ્ય ધર્મદેશનાનો મધુરધ્વનિ કાને પડતાં જ આનંદથી આ અશ્વરત્નની ચક્ષુ આર્દ્ર બની ગઈ. બન્ને કાન સ્તબ્ધ થઈ ગયા. એની રોમરાજી વિકશ્વર થઈ ગઈ અને ક્ષણવાર અશ્વરત્ન સ્તબ્ધ થઈ ગયો. આગળ ચાલતાં એ આપની દેશના સાંભળવામાં તલ્લીન બની ગયો હોય એમ લાગતું હતું. અમે સમવસરણની નજીક આવ્યા ત્યાં તો અપૂર્વ પ્રમોદરસને અનુભવતા આ અશ્વરત્ને આગળના બે ઢીંચણ ભૂમિ પર સ્થાપ્યા ! અને આપને નમીને એ જાણે સઘળા પાપોથી મુક્ત થયેલો પોતાની સુવિશુદ્ધ મનોભાવનાને સૂચવી રહ્યો હતો.

પ્રભુ અશ્વરત્નની પૂર્વે ક્યારેય નહિ જોયેલી ચેષ્ટાઓથી આશ્ચર્યમુગ્ધ થઈ આપના ચરણોમાં હું આવ્યો હતો. આ ઘટના પછળનું રહસ્ય જાણવા મારૂં મન ખૂબજ ઉત્કંઠ બન્યું છે. કૃપા કરી એનું રહસ્ય પ્રકાશો !

ભગવાન શીતલવાણીથી બોલ્યા. સૌમ્ય ! સાંભળ. આ ! પૃથ્વીતલ ઉપર પદ્મિનીખેટ નામનું નગર છે. નગરની શોભા અને સમૃદ્ધિ અપાર છે. ત્યાંની પ્રજાવ્યસની છે. એ પ્રજાને બીજુ નહિ પણ પરમાર્થનું ભારે વ્યસન લાગ્યું છે એ પ્રજા લોભી છે કારણ કે એને સદ્‌વિદ્યાનો ખૂબ લોભ લાગ્યો છે. એ પ્રજા આળસુ પણ એવીજ છે કારણ કે પાપની પ્રવૃત્તિમાં પ્રમાદ સેવનારી છે. કરોડપતિઓના આવાસ મંદિરે કોટિધ્વજ લહેરાય છે. એ ચંચળ ધજાઓ લક્ષ્મીની ચંચળતાને સૂચવી રહી છે.

એ નગરમાં જિનધર્મ નામનો શ્રેષ્ઠિપુંગવ વસે. એને ત્યાં ધનના અખૂટ ભંડારો. શેઠને જૈનધર્મ ઉપર અટલ શ્રદ્ધા. એના શ્વાસે શ્વાસે ધર્મપ્રેમ ધબકતો. નવતત્વનો એ ઉંડો અભ્યાસી અને જિનધર્મનું સુંદર આરાધન કરનાર પરમશ્રાવક હતો.

એ નગરમાં બીજા સાગરદત્ત નામના શેઠ વસતા હતા. શેઠ શિષ્ટજનોમાં માનનીય અને દીન અનાથોના બેલી હતા. શેઠને ત્યાં ધનદોલતના ભંડાર ભર્યા હતા. તેઓ દાનધર્મના ખૂબ પ્રેમી હતા. જિનદાસ શેઠ સાથે એમને ગાઢ મિત્રતા હતી. સાગરદત્ત શૈવધર્મી હતા પણ મિત્ર સાથે રોજ જિનમંદિરે જતા અને પંચમહાવ્રતના અડગ આરાધક જૈન સાધુઓની પર્યુપાસના કરતા. જીવનની એક સુવર્ણપળે આ મહાશ્રમણો પાસે ધર્મશ્રવણ કરતા સાગરદત્ત શેઠે તેમના મુખે એક ગાથા સાંભળી કે—

जो कारवेइ पडिमं जिणाण जियरागदोसमोहाणं ।
सो पावइ अन्नभवे भवमहणं धम्मवररयणं ॥१॥

અર્થ : જે પુણ્યાત્મા રાગ-દ્વેષ-મોહ વગેરે આંતરશત્રુઓ ઉપર સર્વથા વિજય પ્રાપ્ત કરનાર શ્રીજિનેશ્વર ભગવંતનું બિંબ ભરાવે છે તે જન્માતરમાં સંસારસાગરનું મથન કરી નાખનાર ધર્મરત્નને પ્રાપ્ત કરે છે.

આ ગાથા સાંભળીને સાગરદત્તને મનોરથ જાગ્યો કે 'હું જિનેશ્વર ભગવાનનું બિંબ ભરાવું' એણે તરત જ પોતાના પરમમિત્ર જિનધર્મને આ મનોરથ જણાવ્યો. જિનધર્મશ્રાવકે સાગરદત્તની ભવનાશિની ભાવનાને વધાવી લીધી. પ્રોત્સાહન આપી વધુ દૃઢ બનાવી. સાગરદત્તે સુવર્ણમય પ્રતિમા ભરાવીને મહામહોત્સવ પૂર્વક એની પ્રતિષ્ઠા કરાવી. પોતાની ભાવના સફળ થવાથી એણે અપૂર્વ આનંદ અનુભવ્યો.

આ પહેલા સાગરદત્તશેઠે એ નગરની બહાર એક મહાદેવનું મંદિર બંધાવ્યું હતું. મહાદેવના લિંગને ઘીથી પૂરવાના દિવસે ત્યાં બાજુના મઠમાં રહેલા સંન્યાસીઓ મઠમાંથી ઘીના ઘડા બહાર કાઢી રહ્યા છે. ઘણા વખતથી એકજ ઠેકાણે પડી રહેલા એ ઘીના ઘડાઓ નીચે ઘણી ઘીમેલો જામી ગઇ હતી. ઘડાઓ ઉપાડતાની સાથે જ ઘીમેલો ટપોટપ નીચે પડવા લાગી. મંદિરથી મઠ સુધીનો રસ્તો ઘીમેલોથી ભરચક ભરાઇ ગયો. સંન્યાસીઓ નિર્દયપણે ઘીમેલો ચાંપતાં ચાંપતાં ઘીના ઘડા શિવમંદિરમાં લઇ જાય

છે. સાગરદત્ત શેઠ એ કચડાતી ઘીમેલોને પોતાના ખેસના છેડાથી હળવે રહીને રસ્તાની એક બાજુએ ખસેડે છે. સાગરદત્તની જીવદયાની આ પ્રવૃત્તિ એક જટાધારી સંન્યાસીને ન ગમી. અણગમામાંથી ક્રોધ ભભુકી ઉઠયો. ક્રોધમાં બેભાન બનેલા સંન્યાસીએ ઘીમેલો ઉપર પગ પછાડી ઘીમેલોને કચડી નાખી અને શ્વેતામ્બરોની જેમ તું પણ દયાનો ઢીંગલો થઈ ગયો લાગે છે, એમ કહીને સાગરદત્તની મશ્કરી ઉડાવી.

જડાધારી મિથ્યાત્વથી અંધ બન્યો છે. વાસ્તવમાં તો એણે સાગરદત્તની નહિ પણ ધર્મનું મૂળ અહિંસાની મશ્કરી કરી છે.

કર્મસત્તા જટાધારી સામે હસે છે, અને જાણે હવે હું તને અસંખ્ય અનંતકાળ સુધી કચડીશ એમ કહી રહી છે.

અજ્ઞાન જીવો પાપના આવેશ વખતે ખૂબ અસાવધ બને છે. કર્તવ્યાકર્ત્તવ્યનું ભાન ભૂલી જાય છે. તે વખતે સાચી સલાહ આપનાર દુશ્મન જેવો લાગે છે.

જૈનશાસનની બલિહારી છે. સહુ પહેલા આત્મામાં એ જ્ઞાનનો પ્રકાશ પાથરે છે એથી ધર્મની સાચી ભૂખ જાગે છે. ધર્મની સાચી ભૂખ લાગ્યા પછી ધર્માનુષ્ઠાનમાં કયાંય વિવેકની ખામી રહેતી નથી.

જટાધારીની જડતાથી સાગરદત્તને ભારે ખેદ થયો. એનો આત્મા ઘીમેલોની હિંસાથી ખળભળી ઉઠયો. એણે

સંન્યાસીઓના ગુરુ પાસે આનો ન્યાય માગ્યો પણ 'જસા ગુરુ વૈસા ચેલા દોનું નરકમેં ઠેલં ઠેલા ' એ ન્યાયે સાગરદત્તને કશો ન્યાય મળ્યો નહિ. સાગરદત્તે જોયું કે આ મૂર્ખચક્રવતીઓના દિલમાં દયાનો છાંટો નથી. એમના ધર્માનુષ્ઠાનો પણ અપવિત્ર છે. આત્મા, પુણ્ય, પાપ, મોક્ષ વગેરે કશું જ આ લોકો સમજતા નથી. સાગરદત્તે અનિચ્છાએ એ દિવસનું શિવમંદિરનું કાર્ય પતાવ્યું. પોતાના ધર્મસ્થાનમાં જાણી બુઝીને થયેલી કરૂણ હિંસા જોવા છતાં અને નિર્ગ્રંથ સાધુઓ પાસે ધર્મ સાંભળવા છતાં રાગદ્વેષની અનાદિની ગ્રંથી એ ભેદી શકયો નહિ.

આ બનાવ બન્યા પછી કોણ જાણે એના જીવનનાં કેમ અંધારપટ છવાઇ ગયો કે જેથી એ કર્તવ્ય મૂઢ બની આરંભ સમારંભમાં પડી ગયો. સારીરીતે ધન મેળવવામાં સાચવવમાં અને ભોગવવામાં એ મશગુલ બની ગયો. સ્રીપુત્રાદિના રાગે એને ઠીક ઠીક ઘેરી લીધો. ધનના લોભેસાર્થ સાથે દેશાવર ખેડવા લાગ્યો. રાતદિવસ વેપારની, ધનની, નફા નુકશાનીની ચિંતામાં એ ડુબી ગયો. આ અર્તધ્યાનમાં એણે તિર્યંચગતિનું આયુષ્ય બાંધ્યું.

ભગવાન મુનિસુવ્રતસ્વામી કહે છે–હે રાજન્ ! એ સાગરદત્ત મૃત્યુ પામી અહિં તારા આ અશ્વરત્ન તરીકે ઉત્પન્ન થયો છે. પૂર્વજન્મમાં અરિહંતની પ્રતિમા ભરાવી વાવેલા બોધિબીજમાંથી મારી દેશના સાંભળી સમ્યકત્વ રૂપ અંકુરની ઉત્પત્તિ થઈ. એનો આત્મા મોક્ષસુખ માટે

લાયક–પાત્ર બન્યો. આ અશ્વરત્નના પ્રતિબોધ માટે જ હું એક રાત્રિમાં ૬૦ યોજનનો બિહાર કરી અહિં આવ્યો છું.

પ્રભુના શ્રીમુખે અશ્વરત્નનો પૂર્વભવ સાંભળી રાજાની ઉત્કંઠા શમી અને ત્યારથી ભૃગુકચ્છ ( ભરૂચ ) **અશ્વાવબોધતીર્થ** તરીકે પ્રસિદ્ધ થયું.

આ રીતે શ્રીતીર્થંકરદેવો અજ્ઞાન અને અવિવેકી ગણાતા પશુ જેવા હીન આત્માઓ ઉપર પણ મહાન ઉપકાર કરે છે. એ કારણે જ તે તારકોને પ્રાપ્ત થયેલો ધર્મ ઉત્તમકોટિનો સાબીત થાય છે. અને તેથી તેઓ 'ધર્મનાયક' પણ સિદ્ધ થાય છે.

**(૪) તીર્થંકરપરમાત્માનું તથાભવ્યત્વ અન્ય ભવ્યાત્માઓ કરતા વિશિષ્ટ પ્રકારનું હોય છે,** તથાભવ્યત્વ એટલે તે તે જીવની મુક્તિ ગમનની આગવી યોગ્યતા. શ્રી તીર્થંકરદેવોના આત્માઓમાં બીજા મોક્ષગામી જીવો કરતા વિશિષ્ટ પ્રકારની યોગ્યતા હોય છે. અને એ જ કારણે એમને પ્રાપ્ત થતો ક્ષાયિકધર્મ, પરાર્થ સંપાદન, અને હીન આત્માઓ ઉપર થતો મહાન ઉપકાર વગેરે વગેરે પ્રવૃત્તિઓ અતિઉદારભાવવાળી હોય છે. લોકોત્તર હોય છે. ભાવદયાના સાગર એ તારકોની પ્રવૃત્તિની તોલે કોઇની પ્રવૃત્તિ આવી શકે તેમ નથી. આમાં પ્રબલ કારણ તે તારકોનું વિશિષ્ટ તથાભવ્યત્વ છે.

## શ્રી તીર્થંકરદેવ ધર્મના નાયક શાથી ?

૩ જું કારણઃ– **ધર્મના ફળનો ઉપભોગ કરનાર**

છે.' શ્રી તીર્થંકરદેવ ધર્મના ફળ તરીકે આ લોકમાં પ્રાપ્ત થતા અનુપમ સૌંદર્ય-લાવણ્ય આદિના ભોકતા છે.

આ ત્રીજા કારણને વધુ સ્પષ્ટ કરતા ચાર અવાંતર કારણો આ પ્રમાણે છે.

**(૧) ધર્મના ફળ સ્વરૂપ અનુપમ રૂપ-લાવણ્ય વગેરે સૌંદર્યના ધારક છે.**

વિશ્વમાં સુંદર રૂપ, લાવણ્ય વગેરેની પ્રાપ્તિ એ ધર્મ-સેવનનું જ ફળ છે. ભગવાન શ્રીજિનેશ્વરદેવોને અનુપમ રૂપ, અનુપમ બળ, અનુપમ યશ અનુપમ સૌંદર્યાદિ ધર્મના ફળ તરીકે પ્રાપ્ત થયા હતા. શ્રી તીર્થંકર પરમાત્માના અદ્‌ભુત રૂપ લાવણ્યાદિનું વર્ણન કરવાની શકિત કેવળ-જ્ઞાનીમાં ય નથી. છતાં તેનું આછું વર્ણન શાસ્ત્રમાં આ પ્રમાણે આવે છે.

## શ્રી તીર્થંકરદેવનું અનુપમ રૂપ

ચારે નિકાયના સમગ્ર દેવતાઓ દૈવતાઈ શકિતથી દિવ્યરૂપ વિકુર્વી શ્રીજિનેશ્વરદેવના પગના અંગુઠા આગળ મૂકે, એની સાથે સરખાવે તો એ તેજસ્વી અંગુઠા આગળ દેવોએ વિકુર્વેલું પેલું રૂપ બળીને ખાખ થયેલા કોળસા જેવું નિસ્તેજ લાગે.

શ્રીઆવશ્યક નિર્યુક્તિકાર ફરમાવે છે કે-

મૃત્યુલોકના સામાન્ય રાજા કરતા માંડલિક રાજાનું રૂપ અનેકગણું, એના કરતાં બલરામનું અનંત ગણું,

એથી વાસુદેવનું અનંત ગણું, એથી ચક્રવર્તીનું અનંત ગણું, એથી વ્યંતર દેવનું અનંત ગણું, એથી જ્યોતીષ-દેવનું અનંત ગણું, એમ આગળ વધતા ભવનપતિ, સૌધર્મ, ઇશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણુત, આરણ, અચ્યુત વગેરે દેવલોકના દેવતાઓનું રૂપ અનંત અનંત ગુણ અધિક હોય છે. એથી નવગ્રવેયકનું અનંત ગુણ અધિક એથી અનુત્તરવાસી દેવોનું અનંત ગુણ અધિક એથી આહારક શરીરીનું અનંત ગણું એથી ગણધરદેવોનું અનંત ગણું અને એથી પણ અનંત ગણું રૂપ શ્રીતીર્થંકરપરમાત્માનું હોય છે.

ભગવાનજિનેશ્વરદેવના રૂપ–તેજની કલ્પના તો કરો કે એ અનંત તેજ કેવું હશે!

## શ્રી તીર્થંકરદેવનું અનુપમ બળ

પ્રબલ પુણ્યથી શ્રી તીર્થંકરદેવમાં પ્રકૃષ્ટ બળ હોય છે. બાર યોદ્ધાનું બળ એક આખલામાં, દસ આખલાનું એક ઘોડામાં, બાર ઘોડાનું એક પાડામાં, પંદર પાડાનું એક હાથીમાં. પાંચસો હાથીનું એક સિંહમાં, બે હજાર સિંહનું બળ એક અષ્ટાપદમાં, દસ લાખ અષ્ટાપદનું બળ એક બળદેવમાં, બે બળદેવનું બળ એક વાસુદેવમાં, બે વાસુદેવનું બળ એક ચક્રવર્તીમાં, દસ લાખ ચક્રવર્તીનું બળ એક નાગેન્દ્રમાં, એક ક્રોડ નાગેન્દ્રનું બળ એક ઇન્દ્રમાં અને અનંત ઇન્દ્રો જેટલું બળ શ્રી તીર્થંકર પરમાત્માની ટચલી આંગળીમાં હોય છે.

વીર્યાંતરાયના ક્ષયોપશમની વિશેષતાથી સંસારમાં રહેલા આત્માઓનાં બળનો અતિશય વર્ણવતા શાસ્ત્રકાર કહે છે—

એક બાજુ સોળ હજાર રાજાઓ હાથી, ઘોડા, રથ અને પાયદળ વગેરે સમગ્ર સૈન્ય સાથે કુવાના કિનારે ઉભા રહી સાંકળથી બંધાયેલા વાસુદેવને ખેંચે તો એ ખેંચાય નહિ. પરંતુ વાસુદેવ એક બાજુ જમણા હાથે ભોજન કરી રહ્યો હોય ને ડાબા હાથે બેદરકારીથી પણ સાંકળ ખેંચે તો એ બધા રાજાઓ વાસુદેવના હાથમાંથી સાંકળ મૂકાવી શકતા નથી.

બત્રીશ હજાર રાજાઓ પોતાના સર્વબલથી સજ્જ થઈને કુવાના કિનારે રહેલા અને સાંકળથી બંધાયેલા ચક્રવર્તીને ખેંચે તો તે ખેંચાય નહિ. પણ ચક્રવર્તી પોતાના ડાબા હાથે તે સાંકળને ખેંચે તો બધાય ભોંય ભેગા થઈ જાય.

વાસુદેવના બળ કરતા ડબલ બળ ચક્રવર્તીને હોય છે એના કરતા અપરિમિત બલવાળા શ્રી તીર્થંકરદેવ હોય છે કારણ કે વીર્યાંતરાયકર્મના સંપૂર્ણ ક્ષયથી તે પ્રાપ્ત થયેલું હોય છે.

દેવો જેવું સુરૂપ અને સુકોમળ શરીર મનુષ્યોને મળતું નથી. પણ તપ વગેરેની આરાધનાથી મનુષ્યોને દેવો કરતા અધિક શક્તિવાળું શરીર મળી શકે છે. તપથી

જે લબ્ધિઓ અને સિદ્ધિઓ મનુષ્ય મેળવી શકે છે તે દેવતાઓને મળવી સંભવિત નથી.

## શ્રી તીર્થંકરદેવનો અનુપમ યશ

ચારગતિરૂપ ભીષણ સંસારમાં ચોમેરથી સંતાપ આપી રહેલા અને અનાદિ કાળથી પીડી રહેલા રાગ-દ્વેષ, કામ ક્રોધ, વિષય–કષાયાદિ આંતર શત્રુઓ સાથે ધર્મ ધ્યાનનો સંગ્રામ ખેલી તીર્થંકરોએ જે મહાન જિત મેળવી એનો યશ અનંતકાળસુધી દિગંત વ્યાપી બન્યો રહે છે.

## (૨) દેવેન્દ્રોએ કરેલી અષ્ટ મહાપ્રાતિહાર્યાદિની મહાપૂજા શોભાના અધિકારી છે’

શ્રી તીર્થંકરદેવ સિવાય અન્ય કોઈને આ મહાશોભા પ્રાપ્ત થઈ નથી. થતી નથી અને થશે પણ નહિ. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ ઠેઠ નિર્વાણ સુધી અષ્ટમહાપ્રાતિહાર્યની શોભા શ્રીતીર્થંકરભગવંતોની સાથે જ હોય છે. આ શોભા પણ ધર્મના ફળસ્વરૂપે પ્રાપ્ત થયેલી હોય છે.

## અષ્ટ મહાપ્રાતિહાર્ય

(૨) **અશોક વૃક્ષ:** તે તે તીર્થંકરદેવના શરીરથી બારગણું ઉંચું, એક યોજનથી કંઈક અધિક પહોળું અને દેવ નિર્મિત હોય છે.

(૨) **સૂરપુષ્પ વૃષ્ટિ :** સમવસરણની ભૂમિમાં દેવતાઓ પાંચવર્ણના અને નીચા ડીંટાવાળા પુષ્પોની વૃષ્ટિ કરે છે.

(૩) **દિવ્ય ધ્વનિ** : પ્રભુની વાણીમાં દેવતાઓ વડે પૂરવામાં આવતો સંગીતનો સૂર.

(૪) **ચામર** : ચંદ્રના કિરણોથી પણ ઉજ્વલ ચામર.

(૫) **આસન** : સ્ફટિક રત્નમય સિંહાસન કે જેના ઉપર બિરાજમાન થઈ પ્રભુ દેશના આપે છે.

(૬) **ભામંડલ** : સૂર્યમંડલની પ્રભાથી પણ અધિક તેજસ્વી ભામંડલ પ્રભુનાં મસ્તક પાછળ હોય છે.

(૭) **દેવદુંદુભિ** : કાનને ખૂબ પ્રિય એવો દુંદુભિ નામના દેવ વાજિંત્રનો ગંભીર ધ્વનિ આકાશમાં થાય છે. જાણે પ્રભુ પધાર્યા છે એની જગતમાં જાહેરાત કરે છે.

(૮) **છત્રત્રય** : મસ્તક ઉપર ત્રણ છત્રની શોભા હોય છે.

**(૩) 'સઘળી પુણ્ય પ્રકૃતિઓના ઉદયથી પ્રાપ્ત થતી ઉદાર રીદ્ધિનો અનુભવ કરનારા છે.'**

સર્વશ્રેષ્ઠ તીર્થંકરનામ કર્મના અથવા તેની સાથે સર્વ પુણ્ય પ્રકૃતિઓના વિપાકોદયથી પ્રાપ્ત થતી સમવસરણ, ચોત્રીશ અતિશય, પાંત્રીશવાણીના ગુણ, નવસુવર્ણકમલની રચના વગેરે રીદ્ધિનો અનુભવ તીર્થંકરદેવોને જ હોય છે. જઘન્યથી ક્રોડ દેવોની સેવામાં સતત હાજરી વગેરે સમૃદ્ધિ લોકોત્તર વિશિષ્ટ પુણ્યનું સૂચન કરે છે.

(૪) 'દેવ-દેવેન્દ્રોમાં સમવસરણાદિની રચના માટે અલૌકિક દૈવી શક્તિ વિદ્યમાન હોવા છતાં શ્રી તીર્થંકર-દેવોની ગેરહાજરીમાં સ્વતંત્ર રીતે તેઓ રચના કરી

શકતા નથી. જ્યારે શ્રીજિનેશ્વરદેવોને કેવલજ્ઞાન થાય ત્યારે જ તેમના આધિપત્યપણામાં દેવો સમવસરણાદિની રચના કરી શકે છે.

## શ્રીતીર્થંકરદેવ ધર્મના નાયક શાથી ?

**૪ થું કારણ: ધર્મનો અથવા તેના ફળનો નાશ થતો નથી,** શ્રી જિનેશ્વર ભગવંતના ધર્મનો અથવા ધર્મના ફળ તરીકે આ લોકમાં જે રીદ્ધિ વગેરે પ્રાપ્ત થાય છે. તેનો વિનાશ-વિઘાત થતો નથી. આ હકીકતને સ્પષ્ટ કરવા ચાર અવાંતર કારણો આપે છે.

**(૧) ધર્મનું ફળ આપનાર પુણ્યબીજ અવન્ધ્યછે.** અથાત્ નિષ્ફળતા વિનાનું છે. અવશ્ય ફળ આપનારું છે. અમોઘ છે. નિરાશંસભાવે કરેલી ઉચ્ચતમ ધર્મ સાધનાથી ઉપાર્જેલું એ પુણ્ય સાનુંબંધ છે. નિકાચિત એટલે કે નિરુપક્રમ છે અને એ પુણ્યબીજ એના આધારભૂત શ્રીતીર્થંકરપરમાત્માના આત્માથી પુષ્ટ થયેલું છે. ભગવંતના આત્માની વિશિષ્ટ યોગ્યતા અને વિશિષ્ટ ધર્મપુરુષાર્થથી ઠેઠ સુધી એકસરખું વિશિષ્ટ ફળ આપે એવું તે તારકોનું પુણ્ય છે.

(૨) શ્રીતીર્થંકરપરમાત્માના પુણ્યથી ચઢીયાતું પુણ્ય જગતમાં બીજા કોઈનું ય નથી. "જો એમનાં કરતાં અધિક પુણ્ય હોય તો જ એમનાં કરતાં અધિક ફળની પ્રાપ્તિ સંભવે અને તો જ શ્રી તીર્થંકરદેવના પુણ્ય ફળમાં વિઘાતની આપત્તિ આવે પરંતુ તેવા સર્વોત્કૃષ્ટ પુણ્યનો અધિકાર-પ્રાપ્તિ બીજાને હોતી નથી.

(૩) પાપનો ક્ષય થયો હોવાથી ધર્મ કે ધર્મ-ફળનો વિઘાત થતો નથી.

પાપથી કલંકિત અથવા પાપનું સહભાવી પુણ્ય ખામીવાળું, અધુરું હોય છે. અને તેનો વિઘાત થવાનો સંભવ છે.શ્રીતીર્થંકર ભગવંતના આત્માઓએ પાપનો સમૂળ ક્ષય કર્યો હોય છે. પાપની જડો બાળીને ભસ્મ કરી છે. તે મહાપુરુષના પુણ્યમાં ખામી કે વિઘાતનો સંભવ નથી.

(૪) વગર કારણે વિઘાતનો સંભવ નથી. કારણ વગર ધર્મફળનો વિઘાત થાય નહિ. ધર્મફળના વિઘાતમાં કારણભૂત પાપ જ રહ્યા નથી તો વિઘાત ક્યાંથી થાય ? કારણ વિના કદી કાર્ય થતું નથી. કારણ વગર કાર્ય થતું હોય તો અમુક સમયે જ કેમ થાય છે ? હંમેશ કેમ થતું નથી. ? અમુક ચોક્કસ સમયે જ કાર્ય થાય છે એ સૂચવે છે કે એમાં કોઈ કારણ રહેલું છે. પ્રસ્તુતમાં શ્રી તીર્થંકર પરમાત્માને ધર્મફળના ઉપભોગમાં વિઘાત કરે એવું કોઈ કારણ–પાપ રહ્યું નથી તેથી વિઘાત થતો નથી.

---

મહાસાગરનાં મોતી : કિં.૧–૭૫

શ્રુતસાગરના અગાધજલમાં ડુબકી મારનાર કોઈ વિરલ મરજીવાને મળતા મહામુલા આઠ મોતીની આછી રૂપરેખા આમાં અપાઈ છે. અષ્ટ પ્રવચન માતા રૂપ બેનમૂન આઠ મોતીના સ્વરૂપ સાથે બીજી પણ કેટલીક માર્મિક લેખન-સામગ્રીથી સભર આ પુસ્તક છે.

# જૈનશાસનનો મહામંગલકારી તપધર્મ:

અનંતઉપકારી જિનેશ્વરભગવંતોએ મોક્ષના અસંખ્ય યોગો–માર્ગો બતાવ્યા છે. તેમાં તપયોગ પણ મહત્ત્વનો યોગ છે. અનંત આત્માઓને તપધર્મથી આ લોકમાં ધન, આરોગ્ય, સુખ સૌભાગ્યાદિ અગણિત લાભોની પ્રાપ્તિ થઈ છે. પરલોકમાં તેઓ મહાસુખી થયા છે અને અંતે અનંત અવ્યાબાધ સુખના ધામ મોક્ષને વર્યા છે. આયંબીલના વધતા ક્રમે કરવામાં આવતો શ્રી વર્ધમાન તપ સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે. આ તપનું સેવન આત્માને વિરાગી બનાવી. ત્યાગધર્મની સચોટ કેળવણી આપે છે. આત્મશાંતિ, વિકારો અને વાસનાઓનું દમન એ આ તપનું ખાસ પ્રયોજન છે. દુઃખ દારિદ્રય અને દૌર્ભાગ્ય દૂર કરી. સંસારની અનેક આપત્તિઓ અને સંકટોમાંથી સમાધિપૂર્વક પસાર થવાનું ધૈર્ય વર્ધમાન તપના આરાધનથી મળી શકે છે. જૈનશાસનના કોઈ પણ યોગની સુવિશુદ્ધ આરાધના પુણ્યાનુબંધીપુણ્યનો બંધ કરાવે છે. તપધર્મ જેમ કર્મનિર્જરાનું અજોડ સાધન છે તેમ પુણ્યાનુબંધીપુણ્ય બંધનો પણ હેતુ છે. આરાધક આત્માઓને સંસાર અટવી પાર કરવામાં આ પુણ્યાનુબંધીપુણ્ય ભોમીયાની ગરજ સારે છે.

આ તપનું વિધિપૂર્વક આરાધના કરવાથી શ્રીતીર્થંકર નામકર્મ બંધાય છે. લાગલાગટ આરાધવામાં આવે તો પણ ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસે આ તપની

પૂર્ણાહૂતિ થાય છે. આટલો દીર્ઘતપ પ્રાયઃ બીજો કોઈ જાણવામાં નથી. કોઈ વિરલ આત્માઓ જ આ તપ સંપૂર્ણ કરી શકે. પૂર્વકાળમાં રોજીંદા જીવનમાં ત્યાગ અને તપ સહજ રીતે વણાયેલા હતા જ્યારે આજે ભોગ–વિલાસનો વાયુ સુસવાટા બંધ વાઈ રહ્યો છે. ઉદ્ભટ ભોગ સામગ્રીથી માનવનાં મન આળાં અને અપવિત્ર બની રહ્યાં છે. ધાતુઓના ઉત્તેજક મરચા અને મસાલાથી ભરપૂર તામસી ખાન-પાનથી શરીર રોગ ગ્રસ્ત થઈ રહ્યા છે. ઇન્દ્રિઓના વિકારોમાં દિનપ્રતિદિન ભરતી આવી રહી છે. ભોગ સામગ્રીની ગુલામી સહુને આકુળ–વ્યાકુળ કરી રહી છે. પરમાર્થ વિસરાઈ રહ્યો છે. પરદુઃખભંજનની ભાવના લુપ્ત થઈ રહી છે. આવા અનેક અનિષ્ટોના સર્જક અને અગણિત સુકૃતોના લોપક આ વિષમ યુગમાં શ્રીવર્ધમાનતપ વિગેરે નિર્મળ તપોધર્મની સાધના સિવાય આત્મકલ્યાણ સુલભ નથી. ખરેખર શ્રીવર્ધમાનતપને જીવનમાં મહાસાત્વિકતા લાવનારી સંજીવની કહીએ તો અતિશયોક્તિ નથી.

**સમ્યક્ તપના વિશિષ્ટ લાભો :**

> **चक्रे तीर्थंकरैः स्वयं निजगदे तैरेव तीर्थंकरैः**
> **श्रीहेतुर्भवहारिदारितरुजः सन्निर्जराकारणम् ।**
> **सद्यो विघ्नहरं हृषोकदमनं मांगल्यमिष्टार्थकृत्**
> **देवाकर्षणमारदर्पदलनं तस्माद्विधेयं तपः ॥ १ ॥**

અર્થ : સંપત્તિનો હેતુ, સંસારનો નાશ કરનાર, રોગોને હઠાવનાર નિર્જરાના પરમ સાધનરૂપ, વિઘ્નોનો શીઘ્ર નાશ કરનાર, દુર્દાન્ત ઈન્દ્રિયોને કાબુમાં લાવનાર, શ્રેષ્ઠ મંગલ

સ્વરૂપ, ઇષ્ટ સાધી આપનાર દેવોને પણ આકર્ષનાર અને કામનાં ઉન્માદનું દમન કરનાર સમ્યક્ તપને શ્રીતીર્થંકર દેવોએ પોતે કર્યો છે અને તે શ્રીતીર્થંકરોએ ભવ્યજીવોને ઉપદેશ્યો છે. માટે સમ્યક્તપ ભવ્યાત્માઓએ સતત આચરવા યોગ્ય છે.

## શ્રીતીર્થંકરોએ પણ કર્મક્ષય માટે તપ આચર્યોહતો:

'જાણંતા ત્રિહુ જ્ઞાને સંયુત તે ભવ મુક્તિ જિણંદ.
જેહ આદરે કર્મ ખપાવે તે તપ શિવતરૂ કંદરે ભવિકા૦

શ્રીતીર્થંકરદેવો નિર્મળ મતિ–શ્રુત–અને અવધિ એ ત્રણ જ્ઞાન સાથે જ દેવભવમાંથી આવી માતાની કુક્ષીમાં અવતરે છે. જેમના જન્માભિષેકનો ઉત્સવ દેવતાઓ અને ઈન્દ્રો ઉજવે છે. જેઓનું જીવન મહાવૈરાગ્યથી ઝગમગતું હોય છે. ચારિત્ર અંગીકાર કરતાની સાથે ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેજ ભવમાં ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામવાના હોય છે. અને અઘાતી કર્મ નષ્ટ થએ મુક્તિએ પહોંચવાના હોય છે. તે શ્રીજીનેશ્વરદેવો પણ છદ્મસ્થ અવસ્થામાં કર્મના ક્ષય માટે ઘોર તપનું આચરણ કરે છે. આ અવસર્પીણીના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાને વર્ષીતપ કર્યો હતો અને મહાવીરપ્રભુએ પણ દીક્ષા દિવસથી માંડીને સાડા બાર વર્ષ સુધી સતત ઘોર તપ કર્યો હતો. ૧ છ માસી, ૧ પાંચ દિવસ ન્યૂન છ માસી, ૯ ચૌમાસી, ૨ ત્રણ માસી, ૨ અઢીમાસી ૬ દોમાસી, ૨ દોઢમાસી, ૧૨ માસખમણ, ૭૨ પાસ ખમણ, ૨૨૯ છઠ, ૧૨ અઠ્ઠમ, બે

દિવસની ભદ્ર પ્રતિમા, ચાર દિવસની મહાભદ્ર પ્રતિમા અને બાર દિવસની સર્વતોભદ્ર પ્રતિમા વગેરે ઘોર તપ પ્રભુમહાવીર દેવે કર્યો. સાડાબાર વર્ષમાં પારણાના દિવસો માત્ર ૩૪૯ ગયા. પ્રભુએ બધો તપ પાણી વિનાનો ચોવીહાર કર્યો હતો. તે ભવમાં નિશ્ચિત મુક્તિએ જનાર શ્રી તીર્થંકરદેવ જેવાને પણ કર્મક્ષય માટે ઘોર તપની જરૂર પડે છે તો આપણા માટે અનંતાનંત કર્મોનો ભાર ઉતારવા તપ એ કેટલી મહત્વની અને સતત આચરવા યોગ્ય સાધના ગણાય? મહાવીર પ્રભુ ઉપર્યુક્ત તપ સાથે લગભગ કાર્યોત્સર્ગ ધ્યાને રહેતા હતા. પલાંઠી વાળીને ક્ષણવાર નીચે જમીન પર બેઠા નથી. નિદ્રા પણ અલ્પકાળ આવી ગયેલી તેટલી જ અને સાથે ઘોર ઉપસર્ગો અને પરીષહો પણ અપૂર્વ ઉપશમભાવે સહન કરતા હતા.

## જગતના જીવોને કર્મક્ષય માટે એજ તપનો ઉપદેશઃ

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે,
નિકાચિતપણે બાંધીયા તેહ બાળે'

સંસારમાં રહેલા અનંતાનંત જીવો જન્મ જરા મરણ રોગ શોક દારિદ્રય વગેરે અનંત દુઃખોથી પીડાય છે. એ દુઃખનો સર્વથા નાશ કર્મક્ષય વિના નથી. કર્મક્ષય માટે વિષય કષાયથી અલિપ્ત બન્યા વિના ચાલે તેમ નથી. વિષય કષાયથી અલિપ્ત બનવા માટે મન અને ઈન્દ્રિયોને મળતું અયોગ્ય પોષણ અટકી જવું જોઈએ અને ઈન્દ્રિયો તેમજ મનના અયોગ્ય પોષણને અટકાવવા બાર

પ્રકારના તપ સિવાય અન્ય કોઈ વધુ સુંદર ઉપાય જિનેશ્વર દેવોએ જગતમાં જોયો નથી. તેથી કલ્યાણના અર્થી જીવોને કર્મક્ષય માટે સમ્યક્તપની આરાધનાનો ઉપદેશ કર્યો છે. મનગમતા વિષયોથી ટેવાયેલી જીભ બીજી ઇન્દ્રિયોને વિષયો પ્રત્યે જોરથી આકર્ષે છે. એ રીતે આકર્ષાએલી ઇન્દ્રિયો વિષયસુખમાં લંપટ બને છે અને આત્માને પણ લંપટ બનાવે છે. વિષયસુખનો લાલચુ આત્મા ઈષ્ટ વિષયોને મેળવવા સાચવવા અને એનો યથેચ્છ ઉપભોગ કરવા માટે ડગલેને પગલે કષાયોની સહાય લે છે. અને વિષયકષાયથી રંગાએલો આત્મા અનેક પાપો સેવી ઘોર કર્મ બાંધે છે. અને એ કર્મોના ફલરૂપે દુઃખ આવીને ઉભુ રહે જ છે. આ રીતે દુઃખનું મૂળ કારણ રસના ઈન્દ્રિય છે તેને કાબુમાં રાખવા માટે તપ જ અંકુશનું કામ આપે છે.

## સંપત્તિનું કારણ તપ :

શ્રી જીનેશ્વરદેવોએ કર્મક્ષય માટે અમોઘ સાધન તરીકે ભવ્ય આત્માઓને ઉપદેશેલા બાર પ્રકારના તપના આજ્ઞાનુસાર આચરણથી મોક્ષની અવિચલ સમૃદ્ધિ મળે એ નિર્વિવાદ વાત છે. પણ એ તપના ફળ તરીકે આ લોક અને પરલોક સંબંધી પૌદ્ગલિક તેમજ આત્મિક સઘળા વૈભવો વગર માગ્યે આવી મળે છે. મહાસતી ચંદનબાળાને અઠ્ઠમતપના પ્રભાવે આ જન્મમાંજ પ્રભુ મહાવીરદેવના કઠોર અભિગ્રહની પૂર્ણાહૂતિ રૂપ પારણાનો લાભ મળ્યો.

મુંડાયેલા મસ્તકે વાળ આવી ગયા. પગની બેડીના નૂપુર થયા સાડા બાર ક્રોડ ધનની વૃષ્ટિ થઈ. બાહુબલીજીને પૂર્વના ત્રીજા ભવમાં કરેલી ૫૦૦–૫૦૦ સાધુઓની વૈયાવચ્ચ (તપ) ના યોગે બાહુબલીના ભવમાં અદ્ભૂત બળ મળ્યું. નંદિષેણ મુનિએ છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા પૂર્વક ગ્લાન (માંદા) સાધુઓની અભિગ્રહ સાથે વયાવચ્ચ કરી તેથી ભવાંતરમાં અદ્ભૂત રૂપ, લાવણ્ય, ૭૨૦૦ હજાર રૂપવતી સ્ત્રીઓ અને વિપુલ રીદ્ધિ પ્રાપ્ત થઈ હતી. સનતકુમાર ચક્રવર્ત્તીને ચક્રવર્તીના ભોગોમાં ટેવાયેલી સુકોમળ કાયામાં ભયંકર સોળ રોગ ફાટી નીકળ્યા. છ ખંડનું સામ્રાજ્ય છોડી સંયમ લીધા બાદ એ મહાત્માએ કાયાની માયા મૂકી ઘોરતપનું શરણું લીધું. ઉગ્ર તપના યોગે અનેક લબ્ધિઓ પ્રગટ થઈ. લબ્ધિના પ્રભાવે પોતાના થુંક માત્રથી કોઢ રોગવાળી હાથની આંગળીને પણ સુવર્ણ જેવી ચળકતી અને શોભતી કરી બતાવી હતી. જંઘાચારણ તથા વિદ્યાચારણ મુનિઓ તપોબળથી આકાશગામીની વગેરે વિદ્યાઓ તથા વૈક્રિય વગેરે લબ્ધિઓ પ્રાપ્ત કરે છે. ઉત્તમકોટીના તપ અને ધ્યાનાદિ યોગની સાધનાથી તપસ્વીઓના શરીરના મળમૂત્ર પણ રોગ વિનાશક ઔષધરૂપ બને છે. પત્થરને પણ સુવર્ણ અથવા રત્ન બનાવી દે છે. એ વાતને સ્પષ્ટ ખ્યાલ આપતું પંચમકાળમાં થએલા મહાન પ્રભાવક પૂ આચાર્યદેવ પાદલિપ્ત સૂરિ મહારાજનું દષ્ટાંત જુઓ– નાગાર્જુન નામના યોગીએ કોટિવેધ સુવર્ણસિદ્ધિરસ એક ઠીકરામાં ભરી પોતાના

શિષ્ય લાખણુસિંહ દ્વારા પ્રભાવક આચાર્યમહારાજ પાદલિપ્ત સૂરિ મહારાજના ચરણે ભક્તિથી ભેટ ધર્યો. રસ કોટિવેધ હોવાના કારણે ઘણો જ દુર્લભ ગણાય. છતાં પોતાની કાયાની પણ મમતા જેમણે ઉતારી દીધી છે. તે આચાર્ય મહારાજે કોટિવેધ રસ ફેંકી દઈને એ ભાજનમાં પોતાનો પેશાબ ભરી આપ્યો. આચાર્ય મહારાજનો પેશાબ લઈ લાખણુસિંહ નાગાર્જુન પાસે જાય છે અને વાત કરે છે. એ વાત સાંભળતા જ નાગાર્જુન ભારે ગુસ્સામાં આવી ગયો. ક્રોધથી ધમધમી ગયેલા તેણે પેશાબવાળું એ ઠીકરૂં ત્યાં પડેલી પાષણની તેમજ લોઢાની શીલાઓ ઉપર પટકી દીધું. જે શીલાઓ ઉપર ઠીકરામાંથી પેશાબના બિંદુઓ પડયા તે શીલાઓ સુવર્ણની બની ગઈ. આ દશ્ય જોતાની સાથે જ નાગાર્જુનની આંખો થીજી ગઈ. એ ઉઠયો. દોડયો અને પાદલિપ્ત સૂરિ મહારાજના ચરણોમાં જઈને આળોટયો. અને તેમની અદ્‌ભૂત તપ શક્તિની ભારોભાર અનુમોદના કરવા લાગ્યો.

## સંસારનો સર્વથા નાશ કરનાર તપ :

દુઃખમય, દુઃખફલક અને દુઃખની પરંપરા ચલાવનાર દારૂણ સંસારનો અંત સમ્પક્‌તપની આરાધના વિના અશકય છે. આજ સુધી સિદ્ધ થયેલા અને સિદ્ધ થવાની સાધના કરી રહેલા આત્માઓને દુષ્ટ વાસનાઓનો અંત લાવવામાં ઉચ્છૃંખલ ઇન્દ્રિઓને અંકુશમાં લેવામાં, કષાયનો નિગ્રહ કરવામાં, આહારાદિ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવવામાં,

કઠોર પાપના ક્ષયમાં અને અંતે સર્વથા કર્મનો ક્ષય કરવામાં બારે પ્રકારનો તપની અજોડ સહાય છે. જે તપ અનાદિ કર્મ પ્રવાહનો છેદ કરી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરાવે છે. યોગોના નિરોધ દ્વારા અણાહારીપણું પ્રાપ્ત કરાવી ભાવસ્થિરતાને મેળવી આપે છે. જેનાથી અંતર્મુહૂર્તમાંજ તત્વસિદ્ધિ થાય છે. જે સર્વસંવરપણું અને સ્વાભાવિક આત્મસત્તાને પ્રાપ્ત કરાવે છે. એ તપગુણનો ભાવપૂર્વક આદર કરવો જોઈએ.

તપની સાધના વિના દુઃખનો નાશ, ચિત્તની શાંતિ અને પ્રસન્નતા, સાત્વિકતા અને શૂરવીરતા આવતી નથી. સંયમથી નવા અશુભકર્મોનો બંધ અટકી જાય છે. જ્યારે પૂર્વના અનેક ભવોમાં બાંધેલા ચીકણાં પાપોને બાળીને ભસ્મ કરનાર તપ છે. માટે જ કહેવાય છે કે તપનો મહિમા અચિન્ત્ય છે. તપથી સિદ્ધ ન થાય એવી જગતમાં કોઈ વસ્તુ નથી. દૃઢપ્રહારી જેવા હત્યારાઓએ, ચોર અને ડાકુઓએ પણ પાપથી પાછા વળી તપના જોરદાર પુરૂષાર્થથી તે જ ભવમાં સંસારનો અંત આણ્યો હતો.

## તીવ્રકોટીના રોગોને હટાવનાર તપ :

**ભોગે રોગ ભયમ્ :-** મોટે ભાગે રોગનું કારણ હોય તો ભોગ છે. તપની સાધનામાં પહેલો કાપ ભોગ અને ભોગની મીઠાશ ઉપર પડે છે. માટે જ તપની સાધનાથી તીવ્ર રોગોની પીડાઓ શમી જાય છે અને શરીર શુદ્ધિ પણ થઈ જાય છે. પ્રકટપ્રભાવી શ્રી સિદ્ધચક્રની આરાધના સાથે

કરેલા આયંબિલતપથી શ્રીપાલરાજાનો દુષ્ટ કોઢનો રોગ શમી ગયો હતો. ખાસ કરીને આયંબિલતપમાં પથ્ય આહારનો નિયમ ખૂબ સારી રીતે સચવાય છે. તેથી એ તપ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારના રોગો ઉપર રામબાણુ ઔષધનું કામ કરે છે. આજના વૈજ્ઞાનિકો શરીર શુદ્ધિ માટે મહિનામાં બે ઉપવાસની આવશ્યકતા માને છે. આત્મ રોગના ચિકિત્સક જ્ઞાનીઓએ તો પાક્ષિક પ્રાયશ્ચિત રૂપે ચતુર્દશીએ ઉપવાસનો તપ કરવાનું વિધાન કર્યું જ છે. જેમાં શરીરનું સહજ રીતે આરોગ્ય જળવાય છે. શરીરની દવાઓ કદાચ રોગ કાઢે કે ન કાઢે પણ તપરૂપ ભાવ ઔષધમાં દ્રવ્ય રોગ તેમજ ભાવરોગ બન્નેને કાઢવાની અજબ તાકાત છે. આત્મા અને શરીર બન્નેને પરવશ રોગીષ્ટ, અપવિત્ર, ગંધાતું બનાવનારા વ્યસનો ઉપર તપથી કાપ મૂકાય છે.

### વિઘ્ન નિવારક તપ :

તપથી કુગ્રહોની પીડા નષ્ટ થાય છે. દુર્નિમિત્તો ક્ષય પામે છે અને ઉપદ્રવોનું નિવારણ પણ થાય છે. દ્વારિકા નગરીનો નાશ દ્વૈપાયન ઋષિથી થશે એવી જાણ બાવીસમાં તીર્થંપતિ શ્રીનેમનાથપ્રભુ પાસેથી કૃષ્ણ મહારાજને થયેલી. તેથી દ્વારિકામાં સર્વત્ર આયંબીલાદિ તપનું સેવન, જિનમંદિરમાં સ્નાત્રાદિ ભક્તિ ખૂબ થવા લાગી. એના પ્રભાવે બાર વર્ષ સુધી ઉપદ્રવ અટકી ગયો પણ જ્યાં તપમંગલમાં મંદતા આવી કે તરત દ્વારિકાનો દાહ થયો.

ભલભલા વિઘ્નો હઠાવવાની, રોકવાની તાકાત તપમાં છે.

**ઈન્દ્રિયોનું દમન કરનાર તપ :**

અનાદિ કાળથી આપણી પાંચે ઈન્દ્રિઓ ઈષ્ટ વિષયોમાં ઠરવાના સ્વભાવવાળી છે. અને અનિષ્ટ વિષયોથી ભાગતી ફરે છે. ઈન્દ્રિયોને શાસ્ત્રકારોએ ચોરોની, ધૂર્તોની, ચપલ અશ્વોની, ચારિત્રરૂપી કાષ્ટને કોરી ખાનારા ઘુણ નામના કીડાઓની ઉપમા આપી છે. ઈન્દ્રિયચોરોએ આપણું ચારિત્રધન સર્વસ્વ લૂંટી લીધું છે. ઈન્દ્રિય અશ્વોએ આપણને અનંતવાર દુર્ગતિના ખાડામાં પટકયા છે. ઈન્દ્રિય ધૂર્તોએ આપણને ભરમાવી લલચાવીને અનંતવાર આપણું કાસળ કાઢી નાખ્યું છે અનંત દુઃખદાયી ઈન્દ્રિયચોનું સામ્રાજય જગતમાં પ્રાણી માત્ર ઉપર અવિરતપણે ચાલે છે. તપ એ સ્વ તથા પરની ઈન્દ્રિયોનું દમન કરનાર છે. ઋષભદેવપ્રભુની પુત્રી સુંદરીનું ભવ્ય રૂપ જોઈ ભરત ચક્રવર્તી મોહમૂઢ બન્યા. સુંદરીને ચારિત્ર લેવાની ના પાડી. સાઠ હજાર વર્ષ સુધી છ ખંડનું રાજ્ય જીતવા ગયા તે દરમ્યાન સુંદરી સતીએ આયંબીલનો સતત તીવ્ર તપ કરી પોતાનું રૂપ ઝાખું બનાવી દીધું. દિગ્વિજય કરીને આવેલા ભરતચક્રીને સુંદરીનું રૂપ જોતા રાગનું ચઢેલું ઝેર ઉતરી ગયું. પરિણામે સુંદરીએ પ્રભુ પાસે આત્મઉદ્ધારક ચારિત્ર સ્વીકાર્યું અને મુકિત સાધી.

વસંતપુરના સિંહસેન રાજાની સિંહલારાણીની સુકો-

મળ પુત્રી **સુકુમાલિકા** વૈરાગ્ય પામી યૌવન વયમાં સાધ્વી બની. અપ્સરાઓ ઝાંખી પડી જાય એવું એનું રૂપ હતું. કંઈક રાજાઓ, રાજકુમારો અને યુવકો દીવા પાછળ પતંગીઆની જેમ અને ફૂલની પાછળ ભમરાની જેમ તે સાધ્વીની પાછળ ફરવા લાગ્યા અને ભોગની માગણી કરી ઉપદ્રવ કરવા લાગ્યા. પોતાનું શીલ જોખમાય નહિ, રૂપની ચોરી કરનારાઓના રાગનો નશો ઉતરી જાય, એ હેતુથી સુકુમાલિકાએ માસખમણ વગેરે દુષ્કર તપ કરી માંસલ કાયાને નિસ્તેજ અને હાડપીંજર બનાવી દીધી. તેથી કામી પુરુષો ભાગી ગયા. ઇન્દ્રિયોની ગુલામી જેમને ખૂબ સતાવતી હોય તેમણે તપનો અભ્યાસ પાડવો જરૂરી છે. નહિતર ઇન્દ્રિઓરૂપી ધૂતારાઓ લલચાવીને ઠગીને દુર્ગતિના એવા ભયાનક સ્થળે લઈ જાય છે. કે જ્યાં આત્માને એક ક્ષણ કાઢવી એ ક્રોડ ક્રોડ વર્ષ જેવી લાગે છે.

## મંગલમય અને ઇષ્ટસિદ્ધિકારક તપ :

પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ ફરમાવે છે. કે "**સર્વ મંગલમાં પહેલું મંગલ વરણીયે જે ગ્રંથે**" તપ એ બલવત્તર વિઘ્નોનો નાશ કરી ઇષ્ટ અર્થની સિદ્ધ કરી આપનાર મહામંગલ છે. શ્રી જીનેશ્વર-દેવો સંયમ સ્વીકારતાં મંગલમય તપનું આચરણ કરે છે. ચક્રવર્તીઓ પણ માગધ વરદામ પ્રભાસ તીર્થો અને ગંગા સિંધુનદીના અધિષ્ઠાયક દેવોને અઠ્ઠમ તપથી વશ કરે છે.

તપ ગુણ બીજા અનેક ગુણોની જન્મભૂમિ છે. વિકૃષ્ટ (૩ થી વધુ ઉપવાસથી) તપસ્વીઓની સેવામાં દેવતાઓ હાજર રહે છે. ઈન્દ્રિયોના વિકારોને દાબવાનું પ્રબલ સાધન તપ છે. તપના સાધકોને પ્રાયઃ વિકારો પીડતા નથી. હંમેશા મનમાં પવિત્ર વિચારો રમ્યા કરે છે એથી મોક્ષાર્થી પ્રત્યેક સાધક આત્માએ સમ્યક્તપ શક્તિ ગોપવ્યા વિના કરવો જરૂરી છે.

## આગમમાં બતાવેલું તપનું મહાફલ

**पच्चक्खाणेणं भंते जीवे किं जणयइ? पच्चक्खाणेणं जीवे आसवदाराइं निरुंभइ, पच्चक्खाणेणं इच्छानिरोहं जणयइ इच्छानिरोहं जणए णं जीवे सव्वदव्वेसु विणीयतिण्हे सीइभूए विहरइ ॥**

**ભાવાર્થઃ-** હે ભગવન્! પચ્ચક્ખાણથી જીવ શું પ્રાપ્ત કરે છે? હે વત્સ! પચ્ચક્ખાણથી જીવ પાપના દ્વારોને બંધ કરે છે. ઈચ્છાઓને રોકે છે અને ઈચ્છાઓને રોકનારો એ જીવ સંતોષી અને શાંત બની જાય છે.

**તવેણં ભંતે જીવે કિં જણયઈ? તવેણં વોદાણં જણયઈ.** ઉ. સૂત્ર, અધ્ય૦ ૨૯

**ભાવાર્થઃ-** હે ભગવન્! તપથી જીવ શું કરે છે? હે શિષ્ય! તપથી જીવ પુરાણા કર્મની નિર્જરા કરે છે. આત્મા પરથી જુના કર્મોને ખંખેરી નાખે છે.

**તપસ્વી શાસન પ્રભાવક :**

જૈનશાસનમાં તપનો મહિમા ઘણો ગાવામાં આવ્યો છે. તપનું સ્થાન ઘણું ઉંચું છે. આત્મિક સાધનામાં પ્રગતિ

પ્રગતિ માટે તપ એ પરમ સાધન છે. અહિંસા ધર્મનું યથાર્થ પાલન સંયમ વિના શકય નથી. તેમ તપની આરાધના વિના સંયમનું શુદ્ધ પાલન થઈ શકતું નથી. અલંકાર વિનાનો દેહ જેમ શોભતો નથી. તેમ તપ વિનાનું સંયમ શોભતું નથી. તપ એ સંયમને શોભાવનાર અલંકાર છે. જિનાજ્ઞાને અનુસરીને તપ કરનાર આત્મા જેમ પોતાનું કલ્યાણ સાધે છે. તેમ **શાસનની પણ સુંદર પ્રભાવના કરી શકે છે.** તેથી આઠ પ્રકારના પ્રભાવકોમાં તપસ્વીને પણ પાંચમા પ્રભાવક ગણવામાં આવ્યા છે. પાંચમા પ્રભાવકનું વર્ણન કરતાં પૂ. મહોપાધ્યાય. શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે **"તપગુણ ઓપેરે રોપે ધર્મને ગોપે નવિ જિન આણ,આશ્રવ લોપેરે કુવિકોપે કદા,પંચમ તપસીરે જાણ" ધનધન૦** અહીં પ્રભાવક તપસ્વીને પાંચ વિશેષણો આપવામાં આવ્યા છે.

**૧ તપ ગુણ ઓપેરે**–ધર્મથી (ગુણથી) ધર્મી આત્મા શોભે પણ કેટલીકવાર વિવેકને વરેલા ધર્મી આત્માની ઉત્તમતાથી ધર્મ શોભી ઊઠે છે. તપ એ ગુણ ઉપર ઓપ ચઢાવે છે. ગુણોને દેદીપ્યમાન કરે છે. તપથી ગુણો શોભે છે. અહીં તપસ્વીને તપગુણને દીપાવનારા કહ્યાં જિનાજ્ઞા મુજબ અને વિવેક પૂર્વક કરાતો ઉગ્રતપ પ્રભુશાસનની ઉન્નતિનું કારણ બને છે. અકબર બાદશાહના સમયમાં દિલ્હીમાં ચંપાશ્રાવિકાએ ઉગ્ર તપથી શાસન પ્રભાવના કરી. એ રીતે તપગુણને દીપાવ્યો. હિંસક મુસ-

લમાન બાદશાહ ચંપાબાઈના દેવગુરુની શ્રદ્ધાથી નીતરતા ઉત્તરને સાંભળી અને એની તપ કરવાની ઉત્તમ વિવેક ભરી રીતભાત જોઈ આશ્ચર્ય પામી ગયો. પરિણામે હિંસક મટી અહિંસાવાદી બન્યો. આ તપ દેવગુરુના પ્રભાવથી કરી શકુ છું. આવો વિવેક ભર્યો ઉત્તર આપવાની ઉત્તમતાથી તપસ્વીની ચંપાબાઈ પ્રભાવક બની.

૨ રોપે ધર્મને—તપગુણને દીપાવનારા પ્રભાવક તપસ્વીઓ યોગ્ય આત્માઓમાં ધર્મ પ્રત્યે બહુમાન પ્રગટ કરાવી તેઓને ધર્મમાં સ્થાપનારા બને છે. બીજા અધર્મ ન પામી જાય એવી તકેદારી રહેવી એ પણ ઘણી દુષ્કર છે તો પછી બીજાઓને ધર્મમાં રોપવાની વાત કેટલી કઠીન ગણાય ? એ માટે ઘણી યોગ્યતા જોઈએ. સાવચેતી અને સાવધાની જોઈએ અનુપમ સમતાગુણના ધારક તપસ્વીઓથી જ આ બનવું શકય છે.

૩ ગોપે નવિ જિન આણ–તપ ગુણને દીપાવનારા તેમજ બીજાઓને ધર્મમાં સ્થાપનારા પાંચમા તપસ્વી પ્રભાવક જિનેશ્વરદેવની આજ્ઞાને ગોપવતા નથી, કારણ કે જિનાજ્ઞાને બાજુએ રાખી ગમે તેવો ઉગ્રતપ કરવામાં આવે તો પણ તે આરાધના નથી. તેમજ તેનાથી શાસન પ્રભાવના થઈ શકતી નથી. એ તપ વાસ્તવિક તપ ગણાતો નથી. માત્ર કાયાને તપાવનાર બને છે. કર્મનિર્જરા કે પ્રભુશાસનની પ્રભાવનાના લાભો આજ્ઞા રહિત તપથી મળી શકતા નથી.

૪ આશ્રવ લોપે રે– તપસ્વી પ્રભાવકને અશુભ

આશ્રવો પ્રત્યે અરૂચિ પ્રગટ થવાના કારણે આશ્રવ-પાપને સેવતા નથી.

૫ નવિ કોપે કદા—ખાટા ખરાબ ઓડકારો આવે તો માનવું પડે છે કે અજીર્ણ થયું છે. તેમ ક્રોધ એ તપનું અજીર્ણ છે. તપ કરનાર ક્રોધથી ધમધમે, વાત-વાતમાં એના મગજનો પાવર ચઢી જાય તો એને તપ પચ્યો નહિ પણ ફૂટી નીકળ્યો કહેવાય. તપના પરિણામે થવી જોઈતી કષાયો અને કર્મની ક્ષીણતાના અભાવે વાત-વાતમાં તપી જનારા તપસ્વી શાસનની નિંદા કરાવે છે. તપ ગુણના યોગે ખુદ શ્રીનેમનાથપ્રભુએ અઢાર હજાર મુનિઓમાં મહર્ષિ ઢંઢણ અણગારની તેમજ શ્રીમહાવીર પ્રભુએ ચૌદ હજાર સાધુઓમાં ધન્ના અણગારની સ્વમુખે પ્રશંસા કરી હતી.

**ઉત્તમ કોટીનો તપ :**

જે તપનો તાપ માત્ર શરીરનેજ તપાવનારો નહિ પરંતુ સાથે સાથે કર્મ અને કષાયોને તપાવી સુકવી નાખવાનું કામ કરતો હોય, અશુભ ધ્યાન ટાળતો હોય તેવા તપને જૈનશાસનમાં ઉત્તમ કોટીનો તપ કહેવામાં આવ્યો છે. ઈચ્છાઓનો નિરોધ એ તપનું ખાસ સ્વરૂપ છે. અણાહારીપણાના અભ્યાસ માટે તપ એ સફલ ઉપાય છે. અહિંસાવ્રતના સંપૂર્ણ પાલન માટે સુવિશુદ્ધ ચારિત્રની જરૂર છે. ચારિત્રને શુદ્ધ બનાવવા માટે શુદ્ધતપ ઉપયોગી છે. અને તપને સુવિશુદ્ધ બનાવવા ઈચ્છાઓના નિરોધની ભાવના સતત ભાવ્યા વિના ચાલે નહિ.

**તપનું અજોડ સામર્થ્ય :**

મોટા-મોટા અભેદ્ય અને દુર્ધર પર્વતોને કોણ ભેદી શકે ! એ પર્વતોને ઈન્દ્રના વજ્રથી જ ભેદી શકાય તેમ કઠોર કર્મોને ભેદવા માટે વજ્ર સમાન તપનો આશ્રય કરવામાં આવે તો જ સફળતા મળે. ક્ષમા સહિત તપનું આરાધન ચીકણા કર્મોની પણ ક્ષણવારમાં નિર્જરા કરે છે. નિરાશંસ ભાવે કરેલા તપના ફલ તરીકે ઠેઠ મોક્ષ સુધીના સુખો મળે છે. લબ્ધિઓ અને સિદ્ધિઓ એનાથી પ્રગટ થાય છે. દુઃસાધ્ય કાર્યો સુસાધ્ય બને છે. દૂર રહેલી ઈચ્છિત વસ્તુઓ તપના અભાવે ખેંચાઈને આવે છે. દુશ્મનો પણ મિત્ર બની જાય છે. વિષય કષાયના તાપ શમી જાય પાપ ક્ષીણ થાય છે. તપથી મનોહંસ આત્મધ્યાનના માન-સરોવરમાં રમણ કરે છે. મોહમૂઢતા ચાલી જાય છે. સંયમ સુંદરીના આકર્ષણ માટે તપ એ કામણ છે. અને ચિંતિત વસ્તુ આપવા માટે ચિંતામણી રત્ન સમાન છે. જિનમતની શ્રદ્ધાના અનુપાન સાથે સેવેલું તપ રૂપ ઔષધ આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપેલા હઠીલા કર્મ રોગને જડમૂળથી નાબુદ કરે છે. તપ એ સુખનો ખજાનો છે. માટે જ મહાપુરુષો ઘોષણા કરે છે કે તપ એ સમગ્ર જિનાગમનું પરમ રહસ્ય છે.

**તપ કરતાં આટલી ભૂલો ન કરો :**

તપ કરતાં અસમાધિ કરાવનારા સ્થાનો ન સેવો. તપની ચાર પ્રકારે સમાધિ શ્રીદશવૈકાલિકસૂત્રમાં આ પ્રમાણે બતાવી છે.

चउव्विहा खलु तवसमाहि भवइ-तंजहा नो इहलोगट्ठाए तवमहिट्ठिज्जा नो परलोगट्ठाए तवमहिट्ठिज्जा नो कित्तीवन्नसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा नन्नत्थ निज्जरट्ठाए तवमहिट्ठिज्जा चउत्थं पयं भवइ भवइ एत्थ सिलोगो। विविहगुणतवोरए अ निच्चं भवइ निरासए निज्जरट्ठिए। तवसा धुणइ पुराण पावगं रओ सया तव समाहिए॥ १॥

સમ્યક્તપની આરાધના કરનારા પુણ્યશાળીઓએ તપથી ઉપશમ સુખની પ્રાપ્તિ માટે અને અસમાધિને અવકાશ ન મળે તે હેતુથી તપની સમાધિના ચાર સ્થાનોને અવશ્ય સેવવા જોઈએ.

૧ આ લોકના સુખ ધન, સ્ત્રી કે પુત્ર વગેરે ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ માટે તપ ન કરવો જોઈએ. તપથી માગો તે મળે છતાં આ વસ્તુઓની માગણીથી તપને લાંછન લાગે છે.

૨ પરલોકમાં પૌદ્ગલિક ઈચ્છીત સુખ મળે એ હેતુથી તપ ન કરવો. આવા સુખોની આશંસા પૂર્વકના તપથી રીદ્ધિ-સિદ્ધિ મળે પણ એ આત્માને આર્તરૌદ્ર-ધ્યાન કરાવી મહાદુઃખમાં પાડે છે. તાત્કાલિક સમાધિ ફલને તેમજ પરિણામે મોક્ષના મહાન ફલને આપવાના સામર્થ્યવાળો તપ તુચ્છ ફળ ખાતર વેડફાઈ જાય છે.

૩ લોકોમાં કીર્તી પ્રશંસા બોલબાલા થાય, માન મળે તે ઈરાદાથી કે પૂજાની અપેક્ષા રાખી તપ ન કરવો.

૪ કર્મનિર્જરાના આશય સિવાય બીજો કોઈ પણ આશય તપ આચરવામાં ન જોઈએ. આ ચાર સમાધિ સ્થાનોને સાચવનારા પુણ્યાત્માઓ તપથી અપૂર્વ સમાધિ સુખને પ્રાપ્ત કરે છે.

## માયાદિ શલ્યોથી તપને કલંકિત ન કરો :

આજે તપ કરનારા પુણ્યશાળીઓ ઘણા છે. પણ તપ કરનારે પોતાની શક્તિનું માપ કાઢવું. જોઈએ તપની સાથે આવશ્યક ક્રિયાઓ સારી રીતે કરી શકાય એ ધ્યાનમાં રાખવું જોઈએ. બીજી ક્રિયાઓમાં ખામી ન આવે એ રીતે કરેલો તપ શોભી ઉઠે છે. અભ્યંતર તપથી નિરપેક્ષ એકલા બાહ્ય તપની પણ પ્રભુ શાસનનાં કોઇ કિંમત નથી. અભ્યંતરતપના લક્ષ્ય પૂર્વક કરાતી નવકારશીની જે કિંમત આ શાસનમાં આંકી છે તે વિવેક વગરના મોટા-મોટા તપની આંકી નથી. એ જ રીતે શલ્ય સહિત કરેલો તપ પણ નિષ્ફળ માન્યો છે.

**ससल्लो जइवि कट्ठुग्गं घोरं वीर तवं चरे ।**
**दिव्वं वाससहस्सं वि तओ तं तस्स निष्फलं ॥१॥**

કષ્ટ સહિતનો, ઉગ્ર એટલે કડક અને ઘોર એટલે વધુ કડક તેમજ વીરતા ભર્યો તપ શલ્યસહિત કરવામાં આવે, માયાશલ્ય, નિયાણશલ્ય, અને મિથ્યાત્વશલ્યથી કલંકિત થાય તો તે તપ ફળતો નથી. લક્ષ્મણા સાધ્વીએ પચાસ વર્ષસુધી ઉગ્ર તપ કર્યો પરંતુ માયાશલ્યના પાપે

એ તપ નિષ્ફળ ગયો. બે ઉપવાસના પારણે બે, ત્રણના પારણે ત્રણ, ચારના પારણે ચાર, પાંચના પારણે પાંચ. પારણામાં વિગઈ વાપરવાની નહિ એ રીતે દશ વર્ષસુધી તપ તપ્યો. ત્યારબાદ બે વર્ષસુધી ઉપવાસનો, બે વર્ષસુધી શેકેલા અનાજથી આયંબીલ, સોળ વરસસુધી માસ ખમણના પારણે માસખમણ અને વીસ વર્ષસુધી આયંબીલ એ રીતે પચાસ વર્ષનો તપ પ્રતિક્રમણાદિ સર્વક્રિયાઓ અપ્રમત્તપણે કરવાપૂર્વક પ્રસન્ન મનથી કરવા છતાં જે પાપના પ્રાયશ્ચિત તરીકે તપ કર્યો તે પાપની લેશ માત્ર શુદ્ધિ થઈ નહિ પરંતુ દીર્ઘ સંસારમાં અસંખ્ય ભવો સુધી દુઃખદ રીતે રખડવું પડ્યું. મિથ્યાત્વશલ્યથી તામલીતાપસનો ઘોર તપ તુચ્છ ફલ આપનારો બન્યો. તામલી તાપસે સાઈઠ હજાર વર્ષ સુધી છઠના પારણે છઠ કર્યા. પારણામાં એકવીસ વાર ધોયેલા ભાત કે સૂકી લીલફૂલ સિવાય કશું જ લીધું નહિ છતાં એની ઘોર તપશ્ચર્યા કરતા વિવેક પૂર્વકનો નવકારશીનો તપ વધી જાય. તામલીતાપસે કરેલા ઘોર તપ જેટલા તપથી સમકિતદૃષ્ટિ સાત આત્માઓ મોક્ષના મહાન ફળને મેળવી શકત એમ મહાપુરુષો ફરમાવે છે. તામલીતાપસમાં અજ્ઞાનતા હતી. મિથ્યાત્વ હતું. અણાહારીપદનો ખ્યાલ એને ન હતો. તેથી બીજા દેવલોકના ઈંદ્રપણાનું મામુલી ફળ મળ્યું. એ ફળ મોક્ષના મહાફલની આગળ નિષ્ફળ જેવું ગણાય. અણાહારી પદના ધ્યેય વિના તપનું વાસ્તવિક ફળ ન મળે એ વાત પણ ભૂલવા જેવી નથી. અણાહારી પદનો ખ્યાલ કેટલો રહે છે તે તપાસતા રહેવું જોઈએ.

નિયાણુશલ્યથી બ્રહ્મદત્તચક્રવર્તીના પૂર્વભવમાં સંભૂતિ મુનિનો કઠોર તપ કલંકિત થયો. નિયાણાના પ્રતાપે તપના ફલ તરીકે પછીના ભવમાં ચક્રવર્તીની રિદ્ધિ મળી ધર્મની પ્રાપ્તિ દુર્લભ થઈ.ત્યાં આર્તધ્યાનમાં મૃત્યુ થયું અને સાતમી નરકના અતિથિ બન્યા. ધર્મ પાસે માગીએ તે મળે પણ મળેલી એ સામગ્રી આત્માને ભયંકર આર્તધ્યાનમાં પાડી મહાદુઃખને દેનારી બને છે. ચિત્રમુનિ અને સંભૂતિમુનિ હસ્તીનાપુરના ઉદ્યાનમાં કાયોત્સર્ગ ધ્યાને ઉભા હતા. ચક્રવર્તી સનતકુમાર વંદનને માટે પરિવાર સાથે આવ્યા. ચિત્રમુનિને વંદન કરી સંભૂતિમુનિને વંદન કરતાં ચક્રવર્તીના સ્ત્રીરત્નના અત્યંત સુકોમળ માથાના વાળની લટ મુનિના ચરણને અડી. કોમળ સ્પર્શથી મુનિનું ચિત્ત ચલાયમાન થયું. મનમાં રાગોત્પત્તિ થઈ અને ત્યાં નિયાણું કર્યું કે મારા આ તપના ફલ તરીકે પરલોકમાં આવું સ્ત્રીરત્ન મને પ્રાપ્ત થાઓ. ખરેખર! મહાફલ આપનારા તપને ઘોર દુઃખ સર્જનારી સંસાર સામગ્રી માટે વેચી દીધો. સંભૂતિમુનિ અનશન કરી મરણ પામ્યા. દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા. વિષયાસક્ત બની કરૂણ હાલતમાં મૃત્યુ પામી છેવટે સાતમી નરકના દુઃખોમાં પટકાયા. માયાદિ શલ્યથી કલંક્તિ બનેલા તપના કારમા પરિણામો સાંભળી તપનું આચરણ કરનારા મહાનુભાવોએ પોતાના નિર્મળ તપને કોઈ પણ શલ્યથી કલંકિત ન કરવો.

---

## તીર્થયાત્રા :

તીરથની આશાતના નવી કરીએ.................
આશાતના કરતાં થકા ધન હાનિ
હાંરે ભૂખ્યા ન મળે અન્ન પાણી
હાંરે વળી કાયા તે રોગે ભરાણી
હાંરે નહિ શરણું કોય...તીરથની........

સંસારની ચારે ગતિમાં આત્મા ઘણું રઝળ્યો, રખડયો, ભટકયો, એ ભ્રમણનો અંત તીર્થયાત્રા વિના કયાંથી આવે? કર્મની રજથી આત્મા ઘણો લેપાયો એ લેપ યાત્રિકોની પગની રજના સ્પર્શ વિના કયાંથી ઉતરે? ધનનો દુર્વ્યય ઘણો કર્યો, તીર્થભક્તિમાં ધનનો સદ્વ્યય કર્યા વિના સંપત્તિ સ્થિર કેમ થઇ શકશે? અને તીર્થપતિ શ્રીજિનરાજની પૂજા વિના માનવ પૂજ્ય પદવી કયાંથી પામી શકશે..?

### તીર્થ કોને કહેવાય?

પ્રાતઃસ્મરણીય તીર્થંકરભગવંતોના મહાસંયમી મહાતપસ્વી મહાપુરૂષોના ચ્યવન–જન્મ–દીક્ષા–કેવળજ્ઞાન અને નિર્વાણનીભૂમિઓ, સાધનાધામો, વિહાર તથા દેશના ભૂમિઓ, તે તારકોના પાદસ્પર્શથી પવિત્ર થયેલ ગિરિ, ગુફા, ઉપવનાદિ સ્થાનોમાં તે મહાપુરૂષોની પુણ્યસ્મૃતિ નિમિત્તે ચરણ પાદુકાઓ સ્થપાય છે. સુંદર સ્તૂપો રચાય છે. મહાન ચૈત્યો બનાવાય છે, તે બધાને સ્થાવર તીર્થ કહેવાય.

પ્રથમ ગણધર અથવા ગણધરોએ રચેલું દ્વાદશાંગ-પ્રવચન, રત્નત્રયી અથવા એ પ્રવચનનો આધાર સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકા રૂપ **ચતુર્વિધસંઘ**-આ છે **જંગમતીર્થ.**

અનંતદુઃખથી ભરેલા આ સંસારસાગરથી તારે તે તીર્થ. આપણા જૈનતીર્થો વિશ્વમાં પોતાની આગવી વિશેષતા ધરાવે છે. જનત[illegible]ી પવિત્રતા, સ્વચ્છતા, યાત્રા કરવાની વિધિ, રીત, પ્રભુભકિતના પ્રકારો અલૌકિક હોય છે. યાત્રિકના આત્માને અદ્ભુત શાંતિ, ઉચ્ચ આત્મપ્રકાશ, અનેરો આત્માનંદ, પાપનો હ્રાસ, દુર્ગુણોનો નાશ અને સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે. એની પાછળ કયું મહાન રહસ્ય છુપાયેલું છે એ જાણી લો! તમારા હૃદયપટ પર કોતરી નાંખો!

શ્રી તીર્થંકરાદિ મહાપુરૂષોએ આત્મધ્યાનની જવલંત સાધના અને પ્રાણીમાત્રના કલ્યાણની સેવેલી ભાવનાથી તીર્થભૂમિના વાતાવરણને, રજેરજને ખૂબજ ભાવિત-વાસિત કર્યા હોય છે. એ સાધનભૂમિમાં મહાપુરૂષોના પાદસ્પર્શથી સર્જાયેલી પવિત્રતાથી એ ક્ષેત્રમાં-તીર્થક્ષેત્રમાં પગ મૂકનારને ઓછી વધતી અસર થયા વિના રહેતી નથી. **સામાન્ય રીતે** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની જબ્બર અસરો વિશ્વપર થતી રહે છે એમાં વિશિષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર... વગેરેની અસર ઉંડી થાય છે.

જે યાત્રિકો વિધિપૂર્વક અને તીર્થયાત્રાના મહાન ઉદ્દેશોને સમજીને યાત્રા કરે છે તેઓ શાસ્ત્રે વર્ણવેલા

તીર્થયાત્રાના મહાન લાભો અચૂક મેળવી જાય છે.

જૈનતીર્થોના ચરણોમાં રાજરાજેશ્વરોએ, મહામંત્રીઓએ, શાહ સોદાગરોએ, અને રંકમાં રંક માનવોએ પણ તન–મન–ધન અને પ્રાણ–સર્વસ્વનું અર્પણ કર્યું છે.

જૈનતીર્થો સૃષ્ટિસૌંદર્ય અને શિલ્પકળાના ભંડારો તો છે જ, ઉપરાંત આધ્યાત્મિક પ્રેરણાના ધામો છે. રસાધિરાજ શાંતરસના જીવંત સ્મારકો છે. વગર વાચાએ ખડાં ખડાં મૌન દ્વારા હજારો ઉપદેશો આ તીર્થો આપે છે. ખરેખર! જૈનશાસનના ભવ્ય ભૂતકાળની ગૌરવગાથાના મહાનગ્રંથો છે.

ભગીનીભોગ, બાલહત્યા, ઋષિઘાત વગેરે એવું કોઈ પાપ નથી કે જેનું પ્રાયશ્ચિત તીર્થયાત્રાથી ન થતું હોય!

શરીરનો મેલ, શરીરનો થાક–ભૂખ કે તરસ દૂર કરનારા આ લૌકિક તીર્થો નથી પણ આત્માપર લાગેલા **ચીકણા કર્મનો મેલ**, આત્માને લાગેલો **ભવભ્રમણનો થાક**, અને આત્માને **વળગેલી વિષયોની તૃષાના** ત્રિવિધતાપને શમાવનારા આ લોકોત્તર તીર્થો છે જયાં તપ–ત્યાગના, ભાવના–ભક્તિના, દાન–પૂજાના અને પરમાત્માના ધ્યાનના ફુવારાં ઉછળે છે.

## આવા તીર્થોની યાત્રા કઇ રીતે કરશો?

તીર્થધામોમાં જવા માત્રથી તરી શકાતું નથી, તેમજ તીર્થયાત્રાના લાભો–મહાન ફળો મળી જતાં નથી, વિધિ-

પૂર્વક તીર્થયાત્રા થવી જોઈએ, મન-વચન-કાયાની પવિત્રતા જાળવવી જોઈએ, તીર્થયાત્રાનો મુખ્ય હેતુ વિસરવો ન જોઈએ.

સાંસારિક પ્રવૃત્તિ છોડી તીર્થમાં ગયા પછી તીર્થ અને તીર્થપતિની ભક્તિ દ્વારા આત્માનો નિસ્તાર થાય એવું કંઈક પામવું, જીવનના પાપ પખાળી પવિત્ર થવું. મહાન આરાધક સાધાર્મિક આત્માઓનો પરિચય પામવો તથા તેમની સેવાભક્તિનો લાભ લેવો, આત્મ શુદ્ધિ, શ્રદ્ધાની નિર્મળતા, દઢતા, શાસનની પ્રભાવના વગેરે તીર્થયાત્રાના મહાન ઉદ્દેશો છે

તીર્થયાત્રા માટે ઘરમાંથી પગ બહાર મૂકો ત્યારથી દઢ નિર્ધાર કરો કે-તીર્થની સહેજ પણ આશાતના ન થાય તેની તો પહેલી કાળજી રાખીશ. એટલું જ નહિં, આત્માનું કલ્યાણ થાય એવું કંઈને કંઇ પામીને આવીશ. જૈન-શાસનનું ગૌરવ વધે એ રીતે યાત્રા કરીશ.

તીર્થોના શાંત પવિત્ર એકાંત સ્થાનોમાં શ્રીવીતરાગ પરમાત્માની ઉત્તમદ્રવ્યોથી, ઉચ્ચ ભાવોથી પૂજા-સ્તુતિ સ્તવનાદિ ભકિત કર્યા પછી ચિત્ત એવું નિર્મળ અને સબળ બની જાય છે કે, એ અવસરે તમે ધારશો તે આત્મ પરાક્રમ કરી શકશો. તમારા જીવનમાં ડગલે અને પગલે નડતો, તમારી પ્રગતિને રૂંધતો-જે કોઈ દોષ કાઢવાનો સંકલ્પ કરશો અને જે કોઇ સદ્ગુણ મેળવવા ધારશો તે બેશક મેળવી શકશો.

તીર્થયાત્રાના મહાન ઉદ્દેશો ભૂલી જઇ કેટલાક દેહના પૂજારીઓ તીર્થધામમાં પણ દેહસેવામાંથી ઉંચા નથી આવતા, બહારના સૃષ્ટિસૌંદર્યને નિહાળવામાં, હવા-પાણીની લહેર માનવામાં પડી જાય છે. આત્મોદ્ધારક સ્થાનો ને હરવા ફરવાના, મોજ મજા માનવાના સ્થળો બનાવી દે છે. આવા આત્માઓ તીર્થનો કશો લાભ તો મેળવી શકતા નથી, બલ્કે તીર્થની આશાતનાઓ કરી ઘોર પાપો બાંધી જાય છે.

તીર્થ તારવાની શક્તિ ધરાવે છે પણ આપણે તરવાની લાયકાત કેળવવી પડે. વીતરાગની આજ્ઞા મુજબ વર્તનારા યાત્રિકો તીર્થનું આલંબન પામી અવશ્ય તરી જાય છે.

આપણે ત્યાં છ-રીના પાલન પૂર્વક કરવામાં આવતી યાત્રા, શ્રેષ્ઠ યાત્રા ગણાય છે. એના મહાન લાભો શબ્દોથી વર્ણવી શકાય એમ નથી.

"છ"રી : ૧. એકાહારી ૨. સચિત પરિહારી ૩. ભૂમિસંથારી ૪. બ્રહ્મચારી ૫. પાદ વિહારી ૬. સમ્ય ત્વધારી.

૧. એકાહારી :-

યાત્રામાં ભોજનની ગૌણતા હોય તો જ પ્રભુ ભકિતની પ્રધાનતા થાય, ભકિતમાં પૂરતો સમય કાઢી શકાય. ખાવા પીવાના ટંક વધારે એટલે ચિત્તમાં વિક્ષેપો ઉભા થાય. દર્શન-પૂજનાદિ એકગ્રતા પૂર્વક ન થઈ શકે. ઓછામાં ઓછો એકાસણનો તપ તો જોઈએ.

૨. સચિત્ત ત્યાગ :-

કાચાં ફળો, સરબતો, આઈસ્ક્રીમ વગેરે સચિત્ત વસ્તુઓનો ત્યાગ ખાસ જરૂરી, અભયદાન દાતા પરમાત્માની યાત્રા માટે નીકળેલા યાત્રિકે જીવોને શક્ય તેટલું અભયદાન આપવું જ જોઈએ.

૩. ભૂમિશયન:-

સંથારાપર સુંવું, અનાદિની શરીરની સુકોમળતા કાઢવા માટે આ પ્રયોગ સુંદર છે. આત્મ સાધનાના વેગને દેહમમત્વ બ્રેક લગાવે છે. ભૂમિશયન એ પ્રમાદને કાઢવાનું અને અપ્રમત્તતા કેળવવાનું એક અમોઘ સાધન છે.

૪. બ્રહ્મચર્યનું પાલન:-

બ્રહ્મ એટલે આત્મા. આત્મચર્યામાં રમવું તે બ્રહ્મચર્ય. આત્મચર્યા સિવાયની જે કાંઈ પ્રવૃત્તિ તે અબ્રહ્મચર્ય છે. આ બ્રહ્મચર્ય ખૂબ ઉચ્ચ કક્ષાનું છે. એ સ્થિતિને પ્રાપ્ત કરવા વિષય ત્યાગ–વાસના ત્યાગરૂપ પ્રથમકક્ષાના બ્રહ્મચર્યનું પાલન યાત્રિક માટે અતિ આવશ્યક છે. પરમાત્મા સાથે ધ્યાન દ્વારા એકતા સાધવામાં ખૂબજ સહાયક છે. એથી કાયિક પવિત્રતાને પણ ટેકો મળે છે. બ્રહ્મચર્યની નવવાડોનું કાળજીપૂર્વક પાલન થવું જોઇએ. દૃષ્ટિદોષ વગેરે કુટેવો આપણને પાપ ન બંધાવી જાય એ ખાસ લક્ષમાં લેવું.

૫. પાદ વિહાર :-

આપણી તીર્થયાત્રાના પ્રાણ જયણા–ધર્મ છે. શક્ય તેટલો વાહનોનો ઓછો ઉપયોગ કરી પગે ચાલીને યાત્રા

કરવામાં જયણા ધર્મનું વધુ પાલન થાય છે. પૂર્વકાળમાં વાહનોની સગવડ ઓછી હતી ત્યારે યાત્રાનો મહિમા ઘણો જ હતો. જીવનનો એક મંગલ પ્રસંગ ગણાતો. આ અવસર્પિણી કાળમાં ભરત મહારાજાથી " છરી " પાળતા સંઘની પ્રણાલીકા ચાલુ છે. સામગ્રીવાળા કે સામગ્રી વિનાના યાત્રિકોને ખાન–પાન, ધર્મધ્યાન, વગેરેની અનુકૂળતા આપનારને સંઘવીનુ બિરૂદ અપાતું હતું અને તીર્થમાળ પહેરાવાતી હતી. આત્મકલ્યાણની ભાવનાથી તીર્થયાત્રા કરવાની અભિલાષાવાળા યાત્રિકને તીર્થ તરફ પગલું માંડતા જ કર્મક્ષય ચાલુ થાય છે.

૬. સમ્યક્ત્વધારણ:–

સમ્યક્ત્વ એટલે દેવગુરૂ ધર્મ પ્રત્યે શ્રદ્ધા–રૂચિ. સઘળી ધર્મકરણીનો એ પાયો છે. સમ્યક્ત્વ વગર ગમે તેટલું જ્ઞાન પણ અજ્ઞાનરૂપ છે. અને કઠોર ચારિત્ર પણ કાયાને કષ્ટરૂપ છે.

પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે યાત્રા પંચાશકમાં છ કર્તવ્ય બતાવ્યા છે તે પ્રત્યેક યાત્રિકે શક્તિ મુજબ કરવાં જોઈએ.

૧ દાન, ૨. તપ, ૩. ઉચિત દેહભૂષા, ૪. વાજિંત્ર વગાડવા, ૫. સ્તુતિ સ્તોત્ર, ૬. નૃત્ય–કાવ્ય–રથયાત્રાદિ, આ કર્તવ્યોથી યાત્રા ચિરસ્મરણીય અને અનુમોદનીય બને છે. **યાત્રા દરમિયાન નીચે મુજબ ત્રણે પ્રકારની પવિત્રતા જાળવો.**

## ૧. માનસિક પવિત્રતા:

સ્થાવર–જંગમ તીર્થો પ્રત્યે મનમાં અખંડ શ્રદ્ધા રાખો. અનેક સ્થળોમાં ફરવાનું થશે ત્યાં નવું નવું ઘણું જોવા મળશે, પણ વિષય કષાયની વૃત્તિથી મનને મલિન ન થવા દેશો. અશુભ વિચારો કરવા મન ટેવાયેલું છે પણ યાત્રામાં જે સાધર્મિકોનો મહાપુણ્યે ભેટો થયો છે એમનું અશુભ ન જ ચિંતવશો. મનને સમજાવો, " ઘરની બહાર નીકળ્યા છીએ, થાય તેટલું સહન કરો, બીજાને અનુકુળતા આપો તો મનની પવિત્રતા અખંડ રહેશે."

## ૨. વાચિક પવિત્રતા:

સંઘવીના, યાત્રિકોના, વ્યવસ્થાપકોના અવર્ણવાદ ન બોલશો. નિંદા–કુથલીને તિલાંજલી આપો. સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથાનો ત્યાગ કરો. શકય તેટલું મૌન પાળો. પ્રભુના ધ્યાનમાં એથી એકાગ્રતા આવશે. બોલવાથી ઘણી શક્તિઓ ખર્ચાય છે માટે જરૂર પુરતું જ બોલો. તમારી જીભ પર તમારો સંપૂર્ણ કાબુ રાખો. જીભ ખાઈને અને બોલીને બે રીતે બગાડો કરે છે માટે બે રીતે કંટ્રોલ રાખો. તીર્થ, તીર્થપતિ અને પૂર્વના મહાપુરૂષોના ગુણાનુવાદથી જીભને પાવન કરો.

## ૩. કાયિક પવિત્રતા:

તીર્થયાત્રામાં કાયાથી પવિત્ર આચરણ જ કરવું. પ્રભુ પૂજામાં, સાધર્મિકોની સેવામાં, એમને દરેક રીતે મદદ

કરવી વગેરે લાભોમાં જ કાયાનો ઉપયોગ કરશો. સંસારની વેઠમાં કાયાને ખૂબ ઘસી નાંખી છે. થોડો ઘસારો મહાન ધર્મ ખાતર આપો. કાયાને શીલથી સુવાસિત રાખો. નાટક, સિનેમા જોવા, જુગાર, પત્તાબાજી ખેલવી, પાન-બીડી વગેરે વ્યસનો સેવવાં વગેરે પાપાચરણ યાત્રા કાળમાં ન સેવશો. આહારની ચર્ચા, તપ-ત્યાગ અને નિયમિતતાવાળી રાખશો.

**તીર્થયાત્રાનો મર્મ:**

**હરિગીત છંદ**

**શ્રી તીર્થયાત્રા સંઘરજથી રજ ટળે દુષ્કર્મની,**
**શ્રી તીર્થમાર્ગે ગમન કરતા ભ્રમણ ટળતું ભવથકી,**
**શ્રી તીર્થક્ષેત્રે દ્રવ્યવ્યયથી સંપદાઓ થિર થતી,**
**શ્રી તીર્થપતિને પૂજતા પૂજક બને ત્રિભુવનપતિ.**

**તીર્થયાત્રાના લાભ અપાર:-**

પાપવર્ધક આરંભ સમારંભ બંધ થાય છે. ધનની સાચી સફળતા થાય છે. શ્રી તીર્થંકરદેવને પણ પૂજનીય શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘનું સુંદર વાત્સલ્ય થાય છે. સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. સ્વજનોનું આત્મહિત થાય છે. જિર્ણ જિનાલયોના ઉદ્ધાર થાય છે. જિનશાસનની અનુપમ કોટિની પ્રભાવના થાય છે. જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય છે. તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે. સંસાર અલ્પ થાય છે. પરમપદ-મોક્ષ નજીક આવે છે. મોક્ષપદ

ન પમાય ત્યાંસુધી મોક્ષ સાધક સામગ્રીયુક્ત સદ્ગતિ મળે છે. અનેક જીવો બોધિબીજ પામે છે.

તીર્થયાત્રાના આ અપાર લાભો હૃદયસ્થ બનાવી તીર્થસન્મુખ ડગલું ભરી આપણે સહુ આ દુર્લભ લાભોને પ્રાપ્ત કરીએ !

શાશ્વત તીર્થાધિરાજની આવી મહાન યાત્રાનો પુણ્ય-યોગ મલ્યા પછી વ્હાલા સાધર્મિકબંધુઓ, તીર્થયાત્રા સંઘમાં "છ" રીનું પાલન ચૂકશો નહિ.

---

## ખાતાં ખાતાં કેવળજ્ઞાન

ધાન્યના ધનેરા બની ચૂકેલા આપણને તપની વાત કડવી લાગે છે. ખાવું એ દેહનો ધર્મ છે પણ અનાદિ અભ્યસ્ત આહારસંજ્ઞા અને ક્ષુધાવેદનીય અને મોહનીય કર્મના ઉદયથી આત્મા એમાં રસ અનુભવી રહ્યો છે. પોતાનું અણાહારી સ્વરૂપ તદ્દન ભૂલી ગયો છે. કુરગડુ મહામુનિ, ૫૦૦ તાપસ મુનિવરો...વગેરે મહાપુરૂષોએ ખાતાં ખાંતાં કેવળજ્ઞાન લીધું આપણને ખાતાં ય કયાં આવડે છે ? (૧) શાસ્ત્રે છ કારણે ખાવાનું કહ્યું છે એ કારણે જ આપણે ખાઈએ છીયે ? (૨) આત્માના અણાહારી સ્વરૂપનો વિચાર કરી દેહને ભાડું આપવા માટે ખાઈએ છીયે ? (૩) જીભડીને કશી દલીલ ,ખટાવતા નથીને ? (૪) સુપાત્રમાં દાન આપીને ખાઈએ છીયે ? (૫) એંઠા મોંઢે બોલતા નથી ને ? (૬) ભાણામાંથી ભાવતી એકાદ વસ્તુનો ત્યાગ કરીયે છીયે ? (૭) ખાવા બેસતા પહેલા ધન્ના શાલિભદ્રાદિ મહાપુરૂષોને યાદ કરીએ છીયે ? (૮) અભક્ષ્ય–અનંતકાયનો ત્યાગ છે ને ? (૯) થાળી ધોઇને પીઈએ છીયેને ? આ બધું કરીયે તો કંઈક ખાતા આવડ્યું કહેવાય !

# સફળતાનાં સોપાન :

[ જૈન શાસનમાં સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ક્રિયાને મોક્ષનો માર્ગ કહ્યો છે, પણ જ્ઞાન મેળવ્યા બાદ સમ્યક્ક્રિયાની આરાધનામાં કેટલીકવાર અનેક વિક્ષેપો આવે છે. આ માટે સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ક્રિયારૂપ આરાધનાની સફળતાના માર્ગનું અહીં નિરૂપણ થયું છે. આરાધનામાર્ગમાં આવતાં દોષોને ટાળવા મુમુક્ષુ જીવોએ આ લેખ લક્ષ્યપૂર્વક વાંચવો જરૂરી છે. સં.]

## સત્ક્રિયાથી રાગાદિની મંદતા :

ખેદ વગેરે આઠ દોષવાળું ચિત્ત મોક્ષમાર્ગની સાધનામાં પ્રતિકૂળ છે. સાધનામાં સફળતાનો આધાર ચિત્તની સ્થિરતા અને પવિત્રતા ઉપર છે. ખેદ આદિ દોષોથી ચિત્તની સ્થિરતા પવિત્રતા ઘવાય છે. માટે તે દોષોને બરાબર સમજી તેને પ્રયત્ન પૂર્વક દૂર કરવા એ પ્રત્યેક સાધકનું કર્તવ્ય બને છે. ખેદ આદિ ચિત્તના દોષોના પરિહારપૂર્વક થતી ક્રિયા. સત્ક્રિયા બને છે. રાગદ્વેષના પરિણામોને મંદ પાડવાનું તથા નિર્બીજ કરવાનુ સામર્થ્ય સત્ક્રિયામાં જ છે અને રાગાદિની મંદતાવાળા આત્મામાં જ ધર્મના ઉંડા બીજ પડે છે. દોષોના પરિહાર વિના અને ચિત્તની એકાગ્રતા વિના કરેલી ક્રિયા ક્વચિત્ રાગ–દ્વેષની મંદતા દેખાડે છે પરંતુ રાગાદિને નિર્બીજ કરવાની તાકાત તેમાં હોતી નથી તેથી નિમિત્ત પામીને ફરી તીવ્ર રાગદ્વેષ વગેરે દોષોનો હુમલો આત્મા ઉપર થાય છે. અને ક્રમશઃ આત્માનું અધઃપતન સર્જાય છે.

જિનેશ્વરદેવોએ ફરમાવેલા સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, તીર્થયાત્રા, મંત્રજાપ આદિ ક્રિયાનુષ્ઠાનો આત્મ શુદ્ધિ કરનાર છે. આ અનુષ્ઠાનોને આચરવા છતાં આપણને એમાં રસનો અનુભવ ન થતો હોય તો તેમાં કારણ ચિત્તના દોષોને દૂર કરવા માટેની આપણી બે-કાળજી છે. દોષોને ટાળવા પૂર્વક શુભક્રિયાઓ થાય તો રાગદ્વેષની તીવ્રતા ઘટે છે, મંદતા આવે છે. ચિત્તમાં પરમશાંતિનો હજ અનુભવ થાય છે.

**ચિત્તના આઠ દોષો :**

**૧ ખેદ દોષ-થાકવાળું ચિત્ત :** મુસાફરીથી થાકેલા મુસાફરને થાકના યોગે બીજી પ્રવૃત્તિ ગમતી નથી તેમ ખેદ દોષથી પૂર્વક્રિયાના થાકને લીધે નવી ક્રિયામાં ઉત્સાહ જાગતો નથી. કદાચ થાકેલા ચિત્તથી કોઈ શુભક્રિયા શરું કરવામાં આવે તો પણ એ ક્રિયાની સમાપ્તિસુધી ચિત્તની એક સરખી એકગ્રતા ટકતી નથી. ખેતીમાં (ધાન્યના પાકમાં) પાણીની જેટલી આવશ્યકતા માનવામાં આવે છે, તેટલી જ શુભક્રિયામાં ચિત્તની એકાગ્રતા આવશ્યક માનવામાં આવી છે.

**૨. ઉદ્વેગ દોષ-આળસુ ચિત્તઃ-** કષ્ટ સાધ્ય ક્રિયા જોઈ ને ચિત્ત આળસુ બને છે. આળસુ ચિત્તથી ક્રિયા કરવામાં સુખનો આનંદનો અનુભવ થતો નથી. ઉદ્વેગવાળા આત્માને વાસ્તવમાં શુભક્રિયા પ્રત્યે વિદ્વેષ હોય છે તેથી શુભક્રિયામાં તે વેઠ ઉતારે છે. આ દોષ ભાવિમાં યોગીકુલમાં જન્મનો બાધક બને છે.

૩. ક્ષેપ દોષ-અદ્ધર ચિત્ત:- એટલે કે વચમાં વચમાં ચિત્તને ચાલુ ક્રિયામાંથી અન્ય બાબતોમાં લઈ જવું. આ ક્ષેપદોષમાં ચિત્તનું શુભક્રિયામાં એક સરખું સ્થૈર્ય ન હોવાના કારણે શુભક્રિયા દ્વારા ઈષ્ટફળ સિદ્ધ થતું નથી. જેમ ડાંગરના રોપાને એક ક્યારામાંથી ઉખેડી બીજા ત્રીજા ચોથા ક્યારામાં રોપવામાં આવે તો એ પાંગરવાને બદલે સૂકાઈ જાય છે. એના ઉપર ફળ બેસતું નથી. કારણ કે એનાં મૂળિયાં ક્યારામાં સ્થિર થવાં જોઈએ તે થતાં નથી. તેમ ચિત્ત પણ વચમાં વચમાં બીજે ફરતું રહે તો ક્રિયામાં ચિત્તની સળંગ ધારા ટકે નહિ તેથી ક્રિયા નિરસ અને નિષ્ફળ બને.

૪. ઉત્થાન દોષ-અસ્વસ્થતા ભર્યું ચિત્ત:- એટલે કે ચિત્તની અપ્રશાંતવાહિતા. મદોન્મત પુરુષના ચિત્તની જેમ ચિત્ત અશાંત રહે, જેથી ક્રિયામાં શુભઅધ્યવસાયરૂપ ફળ જન્મી શકતું નથી એનું પરિણામ એ આવે છે કે કાંતો ક્રિયાનો સર્વથા ત્યાગ કરી દેવાય અથવા લોકાપવાદની બીકે ક્રિયા થાય.

૫. ભ્રાંતિ દોષ-વિપર્યસ્ત ચિત્ત:-જેમ ભ્રમથી છીપમાં ચાંદીની બુદ્ધિ થાય છે તેમ આ દોષનાં કારણે અમુક ક્રિયા કરી કે ન કરી, અમુક સૂત્ર બોલ્યા કે ન બોલ્યાનો કશો જ ખ્યાલ ન રહે શું કર્યું અથવા શું ન કર્યું એના ચોક્કસ સંસ્કારના અભાવે ક્રિયાદ્વારા ઈષ્ટફળની સિદ્ધિ થઈ શકતી નથી.

૬. અન્યમુદ્-જે ધર્મક્રિયા ચાલતી હોય તે સિવાયની બાજી ધર્મ પ્રવૃત્તિમાં ચિત્તનું ખેંચાણ. તેમાં આનંદ

**અને આદર.** અન્ય ક્રિયામાં ચિત્તના આકર્ષણથી ચાલુ ક્રિયા પ્રત્યે અનાદર સૂચિત થાય છે. આ અનાદર ધર્મમાં મહાવિઘ્નરૂપ છે. અનર્થનો હેતુ છે. દૂરંત સંસારનો સર્જક છે. આ અનાદરભાવને અંગાર વૃષ્ટિની ઉપમા આપી છે અને તે ચાલુ અનુષ્ઠાનોના શ્રેષ્ઠ ફળનો ઉપઘાત કરે છે.

**૭. રોગ દોષ–મનનો ભંગ અથવા મનની પીડા:-** આ દોષવાળા મનથી ક્રિયા કરવામાં ક્રિયા માત્રની રૂચિ નાશ પામી જાય છે. ક્રિયાનું કોઇ સુંદર ફળ અનુભવી શકાતું નથી અર્થાત્ ક્રિયા વાંઝણી બને છે.અનુષ્ઠાનને સફળ બનાવવા આ દોષ દૂર કરવો જોઈએ.

**૮ આસંગ દોષ–જે અનુષ્ઠાન કરવા માંડયું તેમાં જ એકાંતે સુંદરતાની કલ્પના કરી વારંવાર તેમાં જ રૂચિ અને આસક્તિ કેળવી તેનું જ સેવન કર્યા કરવું:**–આ પણ એક દોષ છે કારણ કે શાસ્ત્રવિધિ તો કોઈ પણ અનુષ્ઠાનને અનાસંગભાવે સેવવાની છે. તે રીતે ગુણસ્થાનોમાં ક્રમિક પ્રગતિ સાધી શકાય છે અભિષ્વંગ વિના આચરેલું અનુષ્ઠાન, શાસ્ત્રે કહેલા પ્રધાન ફળને આપનારૂં બને છે. આસંગ દોષથી **શ્રી ગૌતમ સ્વામીજીનો** ગુરુભક્તિનો ગુણ–રાગ તે જ ગુણસ્થાનકમાં સ્થિરતા કરાવનારો થયો, પરંતુ મોહના નાશદ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવનારો ન થયો.

**સાધનામાં અનુકૂળ ચિત્ત:-** ઉપર કહેલા ખેદાદિ દોષોથી રહિત તેમ જ **શાંત** કે જેમાં સુખ દુઃખની લાગણીઓના બહુ ઉછાળા ન હોય, રાગ દ્વેષ કે મોહની અતિમાત્રા ન

હોય અને ઈચ્છાઓ પરિમિત હોય. દા. ત. સારી રીતે દમેલું ઈન્દ્રિયોના વિષયોથી પરાઙ્મુખ, ઉદાર-વિશાળતા ભર્યું, માતા પિતા, કળાચાર્ય, દીન, દુઃખી, અંધ, તપસ્વી અતિથિ વિગેરેને ઔચિત્ય પૂર્વક દાનની બુદ્ધિવાળું, ગંભીર-સાગરની જેમ અતિઉંડું. ચિત્તમાં પડેલી કોઈપણ વાતને બીજાઓ ન જાણી શકે એવું, ઉત્સુકતા આતુરતા વિનાનું, ધીર-સેંકડો આપત્તિઓમાં પણ નિર્ભય, પરાર્થનિયત-સતત પરોપકારની ભાવનાથી ભરેલું, સંક્લેશવર્જિત-કષાયોની કલુષિતતા વિનાનું, ક્ષમાથી ભરેલું, સુસ્વપ્નને દેખવાવાળું-સફેદ અને સુગંધી પુષ્પો, વસ્ત્ર, છત્ર, ચામર, જિનમંદિર, જિનમૂર્તિ વગેરેના સ્વપ્ના દેખતું અને સાગરનાં મોજાની જેમ ગુણ ગુણથી ઉછળતું ચિત્ત સાધનામાં અનુકૂળ મનાયું છે.

આ પ્રમાણે ચિત્તના દોષોનું અને ગુણોનું સ્વરૂપ જાણ્યા પછી દોષોના નિવારણ માટે તેમજ ગુણોની ખીલવટ માટે પ્રયત્ન કરવાની પ્રારંભિક રીત એ છે કે ક્રમશઃ એક એક દોષને ટાળવાના દૃઢ સંકલ્પપૂર્વક ઓછામાં ઓછું અઠવાડિયા સુધી તે તે દોષ કોઈપણ અનુષ્ઠાનમાં ન સેવાય તેની ખૂબ સાવધાની રાખવી. એ રીતે અભ્યાસમાં આગળ વધવાથી દોષોના નિવારણનું કાર્ય સુગમ બનતું જાય છે એ જ રીતે ગુણોની ખીલાવટના અભ્યાસમાં પણ પ્રયત્ન કરવાથી ચિત્ત ચોક્કસ રીતે કેળવાય છે અને પરિણામે શ્રીનમસ્કારમહામંત્રનો જાપ ચૈત્યવંદન, વ્યાખ્યાનશ્રવણ, શાસ્ત્રવાંચન, સામાયિક, પ્રતિક્રમણ આદિ સઘળાં શુભ અનુષ્ઠાનો રસપૂર્વક આરાધી શકાય છે તેથી તે અનુષ્ઠાનો ભાવ અનુષ્ઠાન બને છે અને તેનું સાનુબંધ (ઉત્તરોત્તર અધિક અધિક) ફળ પ્રાપ્ત થાય છે.

## જ્ઞાન દીપ :

[આજે જ્ઞાનવિજ્ઞાનની વાતો ઘણી થઈ રહી છે પરંતુ તે સમ્યગ્જ્ઞાન ન હોવાથી પરિણામ કટુતામાં પરિણમે છે. સમ્યગ્જ્ઞાન વિના વાસ્તવિક વિકાસ થઈ શકતો નથી. સુવિશદ્ શૈલીમાં દૃષ્ટાંતો સહિત સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ અહીં પથરાયો છે. સં.]

જ્ઞાનવિજ્ઞાનનો આ યુગ ગણાય છે. આજે અક્ષરજ્ઞાન વધવા માંડયું છે, વાંચન અને લેખન પ્રગતિશીલ બન્યું છે. વાક્ચાતુર્ય ખીલ્યું છે અને નવી નવી વૈજ્ઞાનિક શોધોએ માનવમનને આશ્ચર્યમુગ્ધ કર્યું છે, ખૂબ જ આકર્ષ્યું છે.

પણ ભીતરમાં ડોકિયું કરીને જુઓ! આંતરિક જીવનશુદ્ધિ ઘસાતી જાય છે. સાત્ત્વિક વિચારોનું પૂર ઓસરતું જાય છે. સદાચાર ઘટતો દેખાય છે. તપોબળ ક્ષીણ થતું જાય છે. પ્રામાણિકતા બહુ જ દુબળી પડવા માંડી છે. અહંભાવનું તાડવ વ્યાપી રહ્યું છે. ધર્મની અવગણના થઈ રહી છે. પરલોકદષ્ટિ વિસરતી જાય છે.

જીવનના જે પ્રાણ, હીર કે નૂર ગણાય તેનું બલિદાન થતું દેખાય છે.

જે જ્ઞાન-વિજ્ઞાન જીવનમાં શુભ વૃત્તિનો સંચાર કરે, સદાચારની મધુરતા લાવે, વિચારોમાં સાત્ત્વિકતા પ્રગટાવે, પ્રામાણિકતાનું બળ આપે, વિનય-વિવેકની જ્યોત જગાવે, ત્યાગનું ખમીર ખીલવે, પરમાર્થ અને પરોપકારનું જોમ આપે, સૌજન્યની સુવાસ મહેકાવે, તપનું તેજ રેલાવે,

તત્ત્વનો પ્રકાશ પાથરે, તેનો તો આજે દુકાળ પડવા માંડયો છે. આ છે આજના જ્ઞાન-વિજ્ઞાનના પ્રત્યક્ષ ફળો....અદૃશ્ય ફળો, પરલોકમાં મળનારા કટુફળો જોવા માટે દિવ્યચક્ષુઓ જોઈએ તે આપણી પાસે નથી.

**સુખનો, શાંતિનો, સમાધિનો. પ્રસન્નતાનો સાચો અનુભવ કરવો છે?**

**સદ્‌વિચારથી અને સદાચારથી જીવવું છે? હા, તો સાચા જ્ઞાન-વિજ્ઞાનને શોધો, ઓળખો અને જીવનસ્પર્શી બનાવો.**

મુંબઈમાં થોડા સમય પહેલાં એક ઘટના બની ગઇ. એક ભાઇને ડબા ઝારવાનો વ્યવસાય. એક દિવસ એને ત્યાં મહેમાન આવ્યા. બીજી બાજુ એક ભાઇ ડબા ઝારવા લાવ્યો. એમાં સફેદ રંગના સાકર જેવા ગાંગડા હતા. ડબા મૂકીને તે ભાઈ પૈસા લેવા પાછો ગયો.

આ બાજુ જમી પરવારીને ઓસરીમાં ટહેલતા મહેમાને એક ગાંગડો સાકર સમજી મોંમાં મૂકયો.

તરત જ તમ્મર ખાઇને મહેમાન ભોંય પર ઢળી પડયાં. થોડીવારમાં તો એમના રામ રમી ગયા. પ્રાણ પંખેરું ઊડી ગયું.

કારણ એ ગાંગડા સાકરના ન હતા પણ કોઈ ભયંકર જીવલેણ ઝેરી પદાર્થના હતા.

વસ્તુને ઓળખવાની ભૂલ કોઈવાર ભયંકર ભૂલ બની જાય છે. માણસને આ રીતે સીધો મૃત્યુના મોંમાં ધકેલી દે છે.

આપણે જો જ્ઞાન-વિજ્ઞાનને ઓળખવામાં ભૂલ કરશું તો આપણો ધર્મ-સંસ્કૃતિ મૃત્યુના મોંમાં મૂકાશે.

જ્ઞાન-વિજ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે. એનો મહિમા અને ઉપયોગિતા સૌને માન્ય છે. સમ્યગ્જ્ઞાન વિનાનો ક્રિયાવૈભવ કે દયાદિગુણો એકડાં વગરનાં મીંડા જેવાં છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ-આ નવતત્ત્વોમાં વિશ્વવ્યવસ્થાનો વિચાર સમાઇ જાય છે. આ નવે તત્ત્વોને યથાર્થ સ્વરૂપે જાણવા તે સાચું જ્ઞાન. એ જ્ઞાન જ્યારે વિશિષ્ટકોટિનું બને ત્યારે વિજ્ઞાન કહેવાય છે.

તત્ત્વચિંતકોએ સમ્યગ્જ્ઞાન-વિજ્ઞાનને સૂર્ય, અમૃત, આભૂષણ, પરબ, અંજન, યાન, સાગર અને શરદ-પૂનમના ચંદ્ર વગેરેની ઉપમાઓ આપીને એ જ્ઞાન વિજ્ઞાનનું મહત્ત્વ અને ઉપયોગિતા આપણને સમજાવી છે.

રાત્રિનો અંધકાર સૂર્યના પ્રકાશથી નષ્ટ થાય છે, તેમ અનંત અનંતકાળથી આત્મામાં વ્યાપી થયેલા અજ્ઞાન અંધકારને દૂર કરનારૂં સમ્યગ્જ્ઞાન સૂર્યથી જરાય ઉતરતું નથી.

ભૂખનું દુઃખ ભોજનથી ટળે છે તેમ આપણને દીર્ઘ-કાળથી લાગેલી વિષયોની ભયંકર ભૂખ વિષયો મેળવવાથી કે ભોગવવાથી શમશે ખરી ? જ્ઞાનામૃતના ભોજન વિના કદી કોઈની એ ભૂખ ટળી નથી. જ્ઞાનામૃતના મધુર સ્વાદ પછી જ વિષયોમાં સુખની કલ્પના નાબૂદ થાય છે.

વિષયોની કટુતા સમજાય છે. વિષય-સુખની ઈચ્છાનો અંત આવી જાય છે અને વિષયનો ત્યાગ સહજ બની જાય છે.

હીરા, માણેક કે મોતીના અલંકારોથી લોકો ભલે આ નશ્વર દેહને શોભાવે પણ એ દેહ અને દાગીનાનું મહત્ત્વ જેને લીધે છે એ આત્મા તો જ્ઞાન ઘરેણાથી શોભે છે.

ગ્રીષ્મઋતુમાં પરબનું પાણી તરસ્યા માણસની આંતરડી ઠારે છે. એ જ રીતે વાસનાના ખેસિતમ તાપથી સંતપ્ત આત્માને જ્ઞાન પરબના પાણી વિના કોણ શીતળતા આપી શકે, તેમ છે?

અંજનનો ગુણ છે આંખોનું તેજ વધારવાનો. આપણા આંતર ચક્ષુઓને તેજસ્વી બનાવનાર અંજન છે સમ્યગ્જ્ઞાન.

આપણા આંતરચક્ષુઓ છે સંવેગ અને વિરાગ.એ ચક્ષુઓ ઉપર વળી ગયેલી છારી સમ્યગ્જ્ઞાન રૂપ અંજનથી દૂર કરવાની છે. તે પછી જ તેજસ્વી બનેલી એ આંતરચક્ષુઓથી મોક્ષમાર્ગને આપણે સ્પષ્ટ જોઇ શકીશું અને ઝડપભેર ડગલાં ભરી શકીશું.

દુનિયામાં હીરા, માણેક, સોનું, રૂપું અને કરંસી નોટોની બોલબાલા છે. મનુષ્યોનો બાહ્ય વ્યવહાર એનાથી ચાલે છે એટલે પુદ્ગલાનંદી જીવોએ એને કીંમતી ધન માન્યું. મોક્ષમાર્ગમાં એ ધનનું કશું મૂલ્ય નથી. આત્માના સર્વ કાર્યોમાં સમ્યગ્જ્ઞાન વિના એક ડગલુંય ભરી શકાતું નથી તેથી જ્ઞાની પુરૂષો કહે છે–'જ્ઞાન સમો કોઇ ધન નહિ, આત્માર્થી જીવો જ્ઞાનને જ અમૂલ્ય ધન દેખે છે.

જ્ઞાનને **નેત્ર–દિવ્યનયન** પણ કહ્યું છે. જેને આંખ મળી છે એને ભલે આંખની કિંમત ન હોય અથવા ઓછી કિંમત સમંજાતી હોય પણ અંધજનને એની કિંમત પૂરેપૂરી સમજાય છે. **જ્ઞાનનયન** માટે પણ એવું જ છે. જન્મથી અંધને કોઇ પ્રયોગથી અંધત્વ મટી જાય અને અચાનક નેત્ર ખુલી જાય ત્યારે જે આનંદ થાય છે એથી અધિક આનંદ અજ્ઞાનનાં અંધાપાથી અથડાતા અને પીડાતા આત્માને જ્યારે સાચું જ્ઞાન મળે છે ત્યારે થાય છે. માટે જ્ઞાન એ આત્માની દિવ્ય આંખો છે.

જ્ઞાનને **સાગર** સાથે પણ સરખાવાય છે. સાગરનું તળિયું કોઇ શોધી શકતું નથી. એ અગાધ અને અતુલ હોય છે. સાગરની વિશાળતા, મર્યાદાશીલતા, એનો અખૂટ જલ-સંચય, આશ્રિત જલજંતુઓને શાતા આપવી....વગેરે વિશે-ષતાઓ સાથે શ્રુત–જ્ઞાનની અનેક વિશેષતાઓ મળતી આવે છે. એથી શ્રુતને સાગરની ઉપમા વરેલી છે.

આ રીતે સાચું જ્ઞાન–વિજ્ઞાન ઘણું મહિમાશાળી છે, આત્માનું સર્વસ્વ છે, જીવન વિકાસનું પ્રથમ સોપાન છે.

આત્મા, ધર્મ, કર્મ વગેરે તત્ત્વોની ઓળખ, હેય, ઉપાદેય તત્ત્વોનું પૃથક્કરણ, આશ્રવ સંવરનો તેમજ પુણ્ય પાપનો ભેદ જ્ઞાનથી સમજાય છે. સમ્યગ્જ્ઞાન પાપની ભયા-નકતા સમજાવી સંવર નિર્જરાની રૂચિ જગાડે છે.સમ્યક્દર્શન ગુણને નિર્મળ બનાવે છે તેમ જ સમ્યક્ચારિત્રમાં સ્થૈર્ય લાવે છે. માટે જ એને **બીજો સૂર્ય** અને **ત્રીજું લોચન** કહ્યું છે.

સમ્યગ્જ્ઞાનનાં પ્રકાશમાં વિષયોની આસક્તિ અને કષાયોની પરવશતા આત્મામાં કેવી મલિનતા લાવે છે તેનું સ્પષ્ટ દર્શન થાય છે. પ્રાપ્ત થયેલું જ્ઞાન જો સમ્યગ્જ્ઞાન હોય તો વિષયોની આસક્તિ ઘટે, કષાયોની પકડ છૂટે શુભક્રિયાનો આળસ ખસે અને એમાં ઉલ્લાસ જાગે. સદાચરણરૂપે પરિણમે ત્યારે જ મનાય કે એ સમ્યગ્જ્ઞાન હતું. સાચું જ્ઞાન ક્રિયારૂચિ જગાડે જ અને જ્ઞાનપૂર્વકની ક્રિયાને જ સાચી ક્રિયા કહી શકાય. સુવિશુદ્ધ જીવન જીવવાની પ્રેરણા ન આપે વિરતિના માર્ગે પ્રયાણ કરવાની ભાવના ન જગાડે તો એ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કેમ મનાય? કહ્યું છે—

**જ્ઞાનસ્ય ફલં વિરતિઃ** જ્ઞાનના ફળરૂપે વિરતિભાવ જાગવો જ જોઈએ. પચ્ચક્ખાણ કરવા પૂર્વક પાપક્રિયાથી નિવૃત્તિ અને શુભક્રિયામાં પ્રવૃત્તિ એ વિરતિનું લક્ષણ છે. એકલા જ્ઞાનથી સંતોષ ન માની લેવાય તેમ એકલી ક્રિયાઓથી પણ કાર્યસિદ્ધિ ન થાય. કારણકે ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાન નિરપેક્ષ ક્રિયા બન્ને મિથ્યા બની જાય છે. અર્થાત્ તેનું વાસ્તવિક ફળ મળતું નથી. સમ્યગ્જ્ઞાન પૂર્વક શુભક્રિયા થાય તો ચિત્તની પ્રસન્નતા, વૈરાગ્યભાવ, કષાયોનો ઊપશમ, સમતાનો અનુભવ, આત્મરમણતા વગેરે ફળો તત્કાળ મળ્યા વિના રહેતા નથી. પરંપરાએ મોક્ષફળ તો નિશ્ચિત જ છે.

મહાપુરુષોએ શુભક્રિયા વગરના એકલા–કોરા જ્ઞાનને પાંગળું કહ્યું છે. પછી ભલે તે દ્વાદશાંગીનું જ્ઞાન કેમ ન હોય? અને જ્ઞાન વગરની જડક્રિયાને આંધળી કહી છે. જ્ઞાન–ક્રિયાના

સહયોગથી-સુમેળથી ધર્મ પૂર્ણતા પામે છે. મોક્ષસાધક પ્રત્યેક યોગની આરાધના પ્રાણવાન બને છે. આ હકિકત નીચેના દૃષ્ટાંતથી સમજાશે.

કોઈ જંગલમાં ભયંકર દાવાનલ સળગ્યો. વધતાં જતાં દાવાનલમાં એક આંધળો અને એક પાંગળો (લંગડો) ફસાઈ પડયા. બન્નેને દાવાનલથી બચવું હતું. નિર્ભયસ્થાને પહોંચવાની તાલાવેલી હતી. સંયોગોની વિષમતા પારખી બન્ને સમજી ગયા. સંપી ગયા અને બન્નેએ સહકાર સાધ્યો. આંધળાના પગ સાજા હતા. પાગળાની આંખો સાજી હતી. પાંગળો આંધળાના ખભે બેઠો અને આંધળાએ પાંગળાના માર્ગદર્શન મુજબ ઝડપથી ચાલવા માંડયું. બન્ને દાવાનલથી બચી ગયા. અને ક્ષેમકુશળ ઈષ્ટનગરે પહોંચી ગયા.

આ દૃષ્ટાંત આપણને એ સત્ય સમજાવી જાય છે કે સંસાર એ જંગલ છે. વિષયકષાયની લાગણીઓ દાવાનલ સમાન છે. જ્ઞાનરહિત જીવ આંધળો સમજવો. ક્રિયારહિત જીવ પાંગળો સમજવો જ્ઞાન ન હોય તો માર્ગ સૂઝે નહિ, જ્ઞાનના પ્રકાશમાં માર્ગ સ્પષ્ટ દેખાય પણ જો ક્રિયા ન કરે તો પ્રયાણ થઈ શકે નહિ. પંથ કપાય નહિ. માટે જ **જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** કહ્યું છે. જ્ઞાન અને ક્રિયા પક્ષીની બે પાંખો કે રથના બે ચક્રો જેવા બન્ને એક સરખા ઉપયોગી છે. બન્નેનો આદર કરાય તો ઈષ્ટ સિદ્ધ થાય.

શ્રી જિનેશ્વરદેવોએ બતાવેલા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયાના મહામાર્ગને સૂક્ષ્મબુદ્ધિથી સમજવાની પહેલી જરૂર

છે. કેટલીકવાર સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનનું મિશ્રણ કરી નાખવામાં આવે છે. જ્ઞાન–જ્ઞાનની ધૂનમાં મિથ્યાજ્ઞાનને વળગી પડીને એનું જ મહત્વ વધારવામાં આવે છે.

શ્રી જિનેશ્વરદેવનું એક એક વચન જ્ઞાન–વિજ્ઞાનમાં મહાસાગર છે. એક એક વચનને જીવનમાં યથાર્થપણે જીવીને અનંત અનંત આત્માઓ સિદ્ધ બુદ્ધ અને મુક્ત થયા છે. આપણે પણ જિનવચનના સહારે સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં મોક્ષનો સત્પુરુષાર્થ આરંભી ભાવિમાં અનંતસિદ્ધોની હરોળમાં બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીએ.

---

## મંત્રીશ્વર વસ્તુપાલની ભવ્ય ભાવના

શાસ્ત્રાભ્યાસો જિનપતિનતિઃ સંગતિઃ સર્વદાર્યૈઃ,
સદ્વૃત્તાનાં ગુણગણકથા દોષવાદે ચ મૌનમ્ ।
સર્વસ્યાપિ પ્રિયહિતવચો ભાવના ચાત્મતત્વે,
સમ્પદ્યન્તાં મમ ભવ ભવે યાવદાપ્તોઽપવર્ગઃ ॥

મહામંત્રીશ્વર વસ્તુપાલે દરરોજ ભાવેલી આ ભવ્ય ભાવના પ્રત્યેક જૈન માટે આદર્શ–આરિસો છે. એમાં તમારા પ્રતિબિંબને સ્પષ્ટપણે જોઈ શકશો. તમારામાં રહેલા માલિન્યને જોઈ દૂર કરી શકશો.

**ભાવના :** જ્યાં સુધી મને અપવર્ગ–મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રત્યેક ભવમાં (૧) શાસ્ત્રનો અભ્યાસ–શ્રવણ મનન–પરિશીલન (૨) પરમતારક અરિહંત પરમાત્માને નમસ્કાર (૩) હંમેશ આર્ય પુરુષોનો સત્સંગ–સમાગમ (૪) સચ્ચારિત્રપાત્ર પુરુષોના ગુણ સમૂહનું ગાન–કથન (૫) કોઈના પણ દોષ બોલવામાં મૌન (૬) સર્વને પ્રિય અને હિતકર વચન (૭) અને આત્મતત્વનું ચિંતન, આત્મસ્વરૂપમાં રમણતા, પ્રાણીમાત્રના હિતની ભાવના, આત્મતત્વમાં થતા ષટ્કારકોની વિચારણા પ્રાપ્ત થાઓ!

# ધર્મામૃત :

( અહિં પૂજ્ય મહારાજશ્રીએ ધર્મવિષયક અનેક પ્રશ્નોના સચોટ ઉત્તરો આબાલ ગોપાળ સમજી શકે તે રીતે આપ્યા છે. ધર્મના અંગો સ્વરુપ--હેતુ–ફળ અને બીજી ઘણી બાબતો સુંદર રીતે સ્પષ્ટ કરી છે. આ પ્રશ્નોત્તરી દ્વારા ધર્મનો મર્મ સમજી વાંચકો ધર્મપુરુષાર્થમાં વેગવાન બને એ જ અભિલાષા.--સં. )

પ્ર. ધર્મનું સ્વરૂપ શું ?

ઉ. ચિત્તશુદ્ધિ.

પ્ર. દાન, પૂજા, સામાયિક, સ્વાધ્યાય, પ્રતિક્રમણ, પૌષધ, તીર્થયાત્રા આ બધા અનુષ્ઠાનો ધર્મ નહિ ?

ઉ. ખરાં. પણ તે વ્યવહારધર્મ. એ બધાની આરાધના ચિત્તશુદ્ધિ, જીવશુદ્ધિરુપ નિશ્ચયધર્મની પ્રાપ્તિ માટે છે.

પ્ર. ચિત્તશુદ્ધિ રાખીએ તો પછી દાન પૂજા વગેરે કરવાની જરૂર ખરી ?

ઉ. હા, ખાસ જરૂર. ચિત્તશુદ્ધિ રસ્તામાં પડી નથી. કાજળના ઘરમાં જઈ–રહીને તદ્દન નિર્લેપ રહેવું એ અશક્ય છે. એમ સંસારની જંજાળમાં રહીને ચિત્તને રાગાદિ ભાવોથી અલિપ્ત રાખવું દુઃશકય છે ( કોઈ અપવાદ મળે ) દાન-પૂજાદિ અનુષ્ઠાનોનાં વિધિપૂર્વક સેવનથી જ ચિત્તશુદ્ધિ સુલભ બને છે. દાનપૂજાદિ ચિત્તશુદ્ધિને લાવી આપનાર કારણ ધર્મો છે. તે અવશ્ય સેવવા જ જોઈએ ઘણાં

માણસો દાન પૂજાદિ અનુષ્ઠાનો સેવે છે પણ ચિત્તશુદ્ધિનું ક્યેય ચૂકી જાય છે. એ પણ ખોટું છે. ચિત્તશુદ્ધિના લક્ષને સતત આંખ સામે રાખી દાન-પૂજાદિ અનુષ્ઠાનધર્મો સેવાય તો જ એ શુદ્ધધર્મ, પરિપૂર્ણ ધર્મ કહેવાય.

પ્ર. 'ચિત્તશુદ્ધિ' નું સ્વરૂપ શું ?

ઉ. વિષયની વાસના અને કષાયોની લાગણીની મંદતા તેમજ રાગદ્વેષાદિ મળ ઘટવાથી પ્રાપ્ત થતી ચિત્તની નિર્મળતા, ધર્મના દાન-શીલ વગેરે અંગો તથા પૂજા-પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો વ્યવહાર ધર્મ કહેવાય. એ અનુષ્ઠાનોના આરાધન દ્વારા કર્મમળનો હ્રાસ કરી મોક્ષના બીજરૂપ સમ્યગ્દર્શનાદિ ફળોને આપનારી જીવશુદ્ધિ એ નિશ્ચયધર્મ છે. ચિત્તશુદ્ધિ-જીવનશુદ્ધિ રૂપ ધર્મની પ્રાપ્તિ ન થાય તો એવા દાનાદિ ધર્મરૂપ બની શકતા નથી. નિશ્ચયધર્મના લક્ષ વિના કરાતાં દાનાદિ અનુષ્ઠાન નિષ્ફળ ગયાના દાખલા શાસ્ત્રમાં આવે છે. અભવ્યના આત્માઓ નવપૂર્વ સુધી ભણે છે. માખીની પાંખ પણ ન દુભાય એવું નિર્મળ ચારિત્ર પાળે છે. ઘોરાતિઘોર તપ તપે છે છતાં એની કાણી કોડી કે કડવી બદામ જેટલી પણ કિંમત શાસ્ત્રે આંકી નહિ. ધર્મને-સુકૃતને મલીન કરનારા દોષોથી અને ધ્યેયથી ભ્રષ્ટ કરનારા આકર્ષણોથી સાવધ ન રહ્યા તો ધર્મનો દેખાવ રહેશે પણ ધર્મ હાથમાંથી ચાલ્યો જશે.

પ્ર. ધર્મને દૂષિત-મલિન કરનારા દોષો કયા છે ?

ઉ. પ્રમાદ-શૈથિલ્ય, ક્રોધ, માન, માયા, લોભ, કદાગ્રહ

ધર્મ કર્યા પછી પશ્ચાત્તાપ, દંભ, અવિધિ ત્રસગારવાદિ, કુગુરૂસંગતિ, પ્રશંસા કીર્તિની ઇચ્છા વગેરે દોષો ધર્મને-સુકૃતને મલીન કરનારા છે.

પ્ર. ધર્મનું મૂળ શું ? અર્થાત્ ધર્મનો હેતુ-ઉત્પત્તિનું કારણ શું ? એટલે કે ધર્મ કયાંથી ઉત્પન્ન થયો ?

ઉ. ચારે ગતિમાં થઈ રહેલા જિનધર્મની પાછળ કારણભૂત **વીતરાગસર્વજ્ઞનું** વચન છે. વ્યાપાર વણજમાં જેટલી ચોપડાની કિંમત, મોક્ષમાર્ગમાં એથીય અધિક શાસ્ત્રોની-વીતરાગ સર્વજ્ઞના વચનની કિંમત છે.

પ્ર. વીતરાગ સર્વજ્ઞના વચન ઉપર આટલો બધો ભાર શા માટે મૂકો છો ?

ઉ. સદ્ધર્મની પ્રાપ્તિ માટે વચનની ખાત્રી કરવી પડે વીતરાગસર્વજ્ઞ પુરૂષનું વચન અવિસંવાદિ-સત્ય જ હોય છે. તેથી તેઓ જે ધર્મ બતાવે તે સત્ય જ હોય. છદ્મસ્થોનું વચન વિસંવાદિ હોઈ શકે તેથી તેમનું કથન અસત્ય પણ ઠરે. ગૌતમસ્વામી મહારાજા ચાર જ્ઞાનના સ્વામી હતા છતાં છદ્મસ્થ હતા. એમનાથી ફેરફાર બોલાઈ ગયું તો આનંદશ્રાવક પાસે મિચ્છામિદુક્તડં માગ્યો. વિત-રાગસર્વજ્ઞનું વચન જ કષ, છેદ અને તાપની પરીક્ષામાં પાર ઉતરી શકે.

પ્ર. ધર્મનું ફળ શું ?

ઉ. ધર્મના અનેક ફળો છે. ધનના અર્થીને ધન મળે. કામસુખના અર્થીને કામસુખ મળે, સ્વર્ગના અર્થીને સ્વર્ગ મળે અને મોક્ષના અર્થીને મોક્ષ મળે. મોક્ષ પ્રાપ્ત ન થાય

ત્યાંસુધી ઉત્તરોત્તર શ્રેષ્ઠ જન્મ અને ધર્મસામગ્રી આપવાનું સામર્થ્ય ધર્મમાં છે.

પ્ર. કેટલાક માણસો કહે છે, 'ધર્મ' પરભવનું ભાતું છે. વહેલો મોડો કરીશું. સંસાર-વ્યવહાર ચલાવવા માટે વેપાર ધંધો કર્યા વિના ચાલે એવું છે? આ માન્યતા બરાબર છે?

ઉ. ના, ધર્મ શ્વાસે શ્વાસનું ભાતું છે. આ ભવ અને પરભવનું ભાતું છે. ધર્મનું રોકડીયું ફળ મળે છે. ધર્મનો ભાવ ચિત્તમાં ધારણ કરો અથવા ધર્મનું અનુષ્ઠાન કરો કે તરત જ ધર્મ પોતાનો પ્રભાવ બતાવે છે. 'ચિત્ત પ્રસન્નતા' એ ધર્મનું તત્કાળ મળતું ફળ છે. કાલાંતરે દુર્ગતિના દ્વાર બંધ, સદ્ગતિની પ્રાપ્તિ, પુણ્યાનુબંધીપુણ્યનો યોગ, સુખ સૌભાગ્ય અને યશ આદિ ધર્મના ઉત્તમોત્તમ ફળો મળે છે. સંસાર વ્યવહાર તો કર્મયોગે જીવના લમણે ચોંટેલો છે જ. એમાંથી છૂટવા આ માનવ ભવમાં ધર્મ કરવાને બદલે ધર્મને જીવનમાં કયાંય સ્થાન ન આપવું એ મોહાન્ધતા છે.

પ્ર. ધર્મનું તત્કાળ મળતું ફળ કયારે અનુભવાય?

ઉ. ધર્મક્રિયાઓ સાથે ધ્યાન પણ ધર્મનું થાય. ધર્મક્રિયાઓ વીતરાગની આજ્ઞાપૂર્વક થાય. વિધિપૂર્વક થાય. ત્યારે સરોવરમાં પાણીનું, પ્રાસાદમાં પ્રતિમાનું અને આંખમાં કીકીનું જેટલું મહત્વ છે તેટલું જ ધર્મક્રિયાઓમાં ધર્મધ્યાનનું મહત્વ છે. એવો ધર્મ ધર્મના તાત્કાલીક ફળોનો અનુભવ અચૂક કરાવે છે.

પ્ર. ધર્મમાં અર્થ, કામ, સ્વર્ગ, મોક્ષ વગેરે અનેક ફળો આપવાની શકિત શી રીતે મનાય?

ઉ. શું એકજ વસ્તુ અને કાર્યો ન કરી શકે ? જુઓ— અગ્નિ ટાઢ દૂર કરે છે, રસોઈનું અને બાળવાનું કાર્ય કરે છે. પાણી તૃષા છીપાવે છે. મેલ દૂર કરે છે. એક જ સ્ત્રી પતિના અનેક કાર્યો છે. શયન વખતે રંભાનું, સેવાના અવસરે દાસીનું, ભોજન સમયે માતાનું, સલાહ આપવાના પ્રસંગે મંત્રીનું, ધર્માચરણમાં સહાયક બનવાનું, પતિનો ઉપાલંભ સહન કરવાના સંયોગોમાં પૃથ્વીની જેમ ક્ષમા ધારણ કરવાનુ કાર્ય કરે છે. કેવલજ્ઞાની મહાપુરૂષોએ કહેલો ધર્મ તો અચિન્ત્યપ્રભાવશાળી છે. એક નિષ્ઠાપૂર્વક ધર્મ આચરનારને ધર્મથી મળતાં અનેક લાભાનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

પ્ર. ધર્મથી મળતા સુખસાધનોમાં અને અધર્મથી મળતા ધનાદિ સુખ સાધનોમાં કાંઈ તફાવત ખરો ?

ઉ. હા, ઘણો તફાવત છે. શુદ્ધ **ધર્મથી** બંધયેલા પુણ્યાનુબંધીપુણ્યથી મળતાં ધન વગેરે સુખસાધનો મેળવવામાં કષ્ટ નહિ ભોગવતા આસક્તિ થાય નહિ, ભોગવવામાં કોઈ વિઘ્ન કે અંતરાય ઊભો થાય નહિ.એ સામગ્રી અને એનો ભોગવટો જોઈને બીજાને ઈર્ષ્યા થાય નહિ. ભોગવ્યા પછી અંતે દુર્ગતિ નહિ. એનો ત્યાગ કરવામાં વિલંબ નહિ. આત્માને એનો રાગ મુંઝવે નહિ. **અશુદ્ધધર્મથી** બંધાયેલા પાપાનુબંધીપુણ્યથી મળતા ધનાદિ સુખસાધનોમાં કષ્ટનો પાર નહિ ભોગવતી વખતે અંતરાય કે ઈર્ષ્યાનો પાર નહિ, આસક્તિની કોઈ સીમા નહિ. ભોગવ્યા પછી અંતે દીર્ઘકાળ દુર્ગતિની

મુસાફરી કરવી પડે. ટુકમાં ધર્મથી મળતું દુન્યવી સુખ સમાધિવાળું કહેવાય. અધર્મથી મળતું સુખ ઉપાધિવાળું ગણાય. ફળની આંશસા-કામના વિના શુદ્ધરીતે ધર્મ આરાધનાર સમાધિવાળું સુખ મેળવી જાય છે.

પ્ર. ધર્મના ફળ તરીકે આલોક પરલોકના સુખ માગે તો કાંઈ વાંધો ખરો? કારણ ધર્મનો સ્વભાવ એ સુખ આપવાનો છે.

ઉ. હા. મોટો વાંધો. ધર્મ ભલે એના સ્વભાવ મુજબ સુખ સુમૃદ્ધિ કે સૌભાગ્ય આપે. પણ આપણે માગવાનું નથી, એ રીતે ભીખારવેડા કરીને મેળવેલી સામગ્રી ઠારવાને બદલે આપણને બાળશે. ચંદનનું લાકડું ભલે સ્વભાવે શીતલ હોય પણ એમાંથી અગ્નિ ઉત્પન્ન થાય તો બાળ્યા વિના ન રહે. ધર્મ કરતાં ફળની આશંસા રાખવાથી ધર્મ દૂષિત થાય છે. ધર્મ પાસે માગેલું ફળ મળે તોય અહિં ભોગવવાનો સમય કેટલો? બહુ થોડો. માનો કે ધર્મનું ફળ માગ્યું અને ૫૦ વર્ષનો વયે ધન વગેરે મળ્યું, આયુષ્ય ૫૧ વર્ષનું હતું તો એને સુખ કેટલું? એથી સંતોષ ખરો? વેપારીને જે વેપારમાં ૫-૨૫ લાખ જેવો માતબર નફો થવાનો હોય એ વેપારમાં થોડી ગફલત કે ઉતાવળના કારણે ૫-૨૫ હજારનો જ નફો હાથમાં આવે. તો એ વેપારી શું માને? કેવો અફસોસ કરે? ધર્મનાં ફળ તરીકે ભૌતિક-તુચ્છ સુખો માગવાથી ધર્મ આરાધનાનો ખરો ફોર્સ માર્યો જાય છે. ફળના ટકા કપાતા જાય છે.

જે મામુલી સુખ મળે તે પણ વિષયસુખના રાગને વધારી મૂકે છે અને દીર્ઘકાળ દુઃખમય સ્થિતિ સર્જાય છે. જીવમાત્રને દુઃખના અંશ વિનાનું, શાશ્વત અને સ્વાધીન સુખ જોઈએ છે. એ માટે આશંસા વિના ધર્મ કરવો જોઈએ. ધર્મ ખાત્રી આપે છે કે એક જ નિષ્ઠાએ પૂર્વક ધર્મ કરનારને હું સર્વ કાંઈ આપવા બંધાયેલો છું.

શેઠના બે નોકરમાંથી એક પગાર વધારવાની ધૂનમાં શેઠના કામમાં કચાસ રાખે છે. અને શેઠનું માથું ખાય છે પગાર વધારો 'પગાર વધારો.' જયારે બીજો નોકર પગાર વધારવાની વાત કે પરવા કર્યા વિના નિયમિત કામ કર્યે જાય છે, તો શેઠની કૃપા કયા નોકર પર ઉતરે ?

શેઠના હૃદયને કોણ જીતે ? શેઠ કોને પગાર વધારે? ધર્મ પાસે ફળ માગ માગ કરનારનોકર જેવો છે. અને ફળનીઆશંસ વિના ધર્મ આરાધનાર, એ નિષ્ઠાએ શેઠની આજ્ઞા મુજબ કામ કર્યે જનાર બીજા નોકર જેવા છે.

પ્ર. આટઆટલો ધર્મનો ઉપદેશ અપાય છે. છતાં ધર્મની ઈચ્છા કેમ નથી જાગતી ?

ઉ. (૧) જન્મ જન્માંતરથી બીજી ઇચ્છાઓ અને સંસ્કારોને લઈને જીવો આવ્યા છે. (૨) કર્મ ઘણાં ચિકણાં હોય છે. (૩) ધર્મ નહિ કરનારાઓની સંખ્યા ઘણી છે. તેમના સંસર્ગથી ' ધર્મ નહિ કરીએ તો ચાલશે ' એમ મન મનાવી લેવાય છે. ધર્મની ઈચ્છા જાગે એ માટે પ્રયત્ન નથી.

પ્ર. ધનની જેવી તીવ્ર ઇચ્છા જાગે છે તેવી ધર્મની કેમ નથી જાગતી ?

ઉ. ધન અને ધનના લાભો પ્રત્યક્ષ દેખાય છે. ધર્મ પરોક્ષ છે. જેને જ્ઞાનચક્ષુ અને વિવેકચક્ષુથી ધર્મના ફળો દેખાય છે તેને ધન અને પ્રાણ કરતા પણ વધુ કિંમતી લાગે છે. ધર્મ કરવો ખૂબ ગમે છે. પણ એવા ઉત્તમ જીવો જગતમાં હંમેશ માટે બહુ ઓછી સંખ્યામાં હોય છે,

પ્ર. ધર્મ જેવી કોઈ ચીજ ન માનીએ તો ?

ઉ, આ વિશ્વ ઉપર સૂર્ય અને ચંદ્ર ન હોય તો ? ફક્ત એક જ દિવસ આ પૃથ્વી ઉપર સૂર્ય અને ચંદ્ર ન ઉગે તો ચોમેર ગાઢ અંધકાર વ્યાપી જાય. ચોરી, જારી અને લૂંટના પાપો ફાટી નીકળે. સૂર્ય–ચંદ્ર નિયમિત ઉગે છે તે પણ ધર્મના જ પ્રભાવે. માટે સૂર્યચંદ્રની હાજરી કરતાં વધુ મહત્તા ધર્મની સાબિત થાય છે. પાંચમા આરાના છેડે ધર્મ જ્યારે વિચ્છેદ જશે ત્યારે અગ્નિની વર્ષા થશે, સર્વત્ર મત્સ્યગલાગલ ન્યાય પ્રવર્તશે.

પ્ર. ધર્મની પ્રાપ્તિ શાથી થાય ?

ઉ. કર્મ લઘુતાથી.

પ્ર. ધર્મ આરાધનામાં પ્રમાદ કેમ થાય છે ?

ઉ. પરલોક ભુલાઈ ગયો છે. માત્ર આ લોક ઉપર દૃષ્ટિ ચોંટેલી છે.મૃત્યુ ભૂલાઈ ગયું છે. મૃત્યુને સમજનાર આત્મા સમાધિ મૃત્યુની તૈયારીવાળું ધાર્મિક જીવન જરૂર બનાવી શકે. ધર્મમાં પ્રમાદ એટલે પુરુષાર્થની ખામી. ધર્મની રુચિમાં ખામી. ધર્મના જ્ઞાનમાં ખામી. જ્ઞાન રુચિ–ઈચ્છાને પ્રબળ

બનાવે છે, ઈચ્છા પુરૂષાર્થને વેગ આપે છે. પ્રમાદને કાપે છે. પ્રમાદના આલંબનો ઝાઝા છે અને નબળા આલંબનો તરફ ઢળી પડવા જીવ ટેવાઈ ગયો છે.

પ્ર. ધર્મને સરખાવવો હોય તો કોના જેવો કહેવાય?

ઉ. ધર્મ તુંબડા જેવો કહેવાય. તરે અને તારે. ધર્મને **સો ટચના સોના** જેવો કહેવાય. સોનાના આઠ ગુણો ધર્મ સાથે બરાબર ઘટી શકે છે. ધર્મ **દીવા** જેવો કહેવાય. મોહ અજ્ઞાનનું ગાઢ અંધકાર હટાવી વિવેકરૂપી પ્રકાશ આપે છે. ધર્મ **અચિન્ત્ય ચિંતામણી** જેવો કહેવાય. આપણે ન ધારેલી અમૂલ્ય વસ્તુ આપે છે. ધર્મને **માતાની માતા, પિતાનો પિતા, બંધુનો ય બંધુ અને મિત્રનોય મિત્ર** કહેવાય. આપણને વત્સલ માતા, હિતસ્વી પિતા, સ્નેહાળ બંધુ અને નિઃસ્વાર્થી મિત્ર મળે છે, તે ધર્મના જ પ્રભાવે. ધર્મને **માતાના દૂધ** જેવો કહેવાય. દુનિયામાં દૂધ ઘણા છે પણ માતાના દૂધની તોલે એકે ન આવી શકે. એ એકજ દૂધ એવું છે કે જે બાળકને પચવામાં હલકું અને અદ્ભૂત ગુણકારી હોય છે. ધર્મને **પવન** જેવો કહેવાય. પવન આંખે દેખાતો નથી પણ એના કાર્યથી-ફળથી એની હયાતી સાબીત થાય છે. કોઈ જેમ ધનવાન માણસનું ધન બંગલા રૂપે, બગીચા રૂપે, દાન રૂપે, ઉપયોગ રૂપે દેખાય છે. તેમ ધર્મ ફળરૂપે દેખાય. ધર્મને **કલ્પવૃક્ષ** કહેવાય. કલ્પવૃક્ષ હંમેશ સુંદર ફળો આપ્યા જ કરે છે. કેળનું ઝાડ એકવાર ફળ આપી નાશ પામી જાય છે.

પ્ર. ધર્મીઆત્મા મારૂં દુઃખ દૂર થાઓ એ ઈચ્છા રાખી શકે?

ઉ. ના, ન રાખી શકે. પોતાનું દુઃખ દૂર થાઓ એ ઈચ્છા આર્તધ્યાન રૂપ છે. પાપ દૂર થાઓ એ ઇચ્છા, બીજાના દુઃખ દૂર થાઓ એ ઈચ્છા ધર્મધ્યાન છે. દુઃખનું કારણ પાપ છે. પાપ હેય છે. એને દૂર કરવાની ઈચ્છા ધર્મધ્યાન છે. દુઃખ કર્મના ઉદયે આવે છે એને ભોગવી લેવાથી કર્મક્ષય થાય છે માટે સમજુ આત્માઓ દુઃખને આવકારે છે. પ્રભુ પાસે દુઃખ સહન કરવાની શક્તિ માગે છે..

પ્ર. ધર્મના અનુષ્ઠાનોમાં, સુપાત્ર દાનમાં ન્યાયનીતિથી મેળવેલું ધન–દ્રવ્ય વાપરવું એવું શાસ્ત્ર ફરમાન છે. આજે ધનની કે દ્રવ્યની શુદ્ધિ મુશ્કેલ છે. તો શું ધર્મ માર્ગે એ ધન ન ખરચવું? ખરચવાની ભાવનાને દબાવી દેવી? પાપ માર્ગે ખરચવું? એવા ધનની શુદ્ધિ કંઈ રીતે કરવી?

ઉ. મનની શુદ્ધિથી.

પ્ર. મનની શુદ્ધિ કંઈ રીતે થાય?

ઉ. જે ધન કે દ્રવ્ય, દાન–પૂજાદિ ધર્માનુષ્ઠાનોમાં વાપરું છું તેમાં નૈતિકદૃષ્ટિએ જેનો જેટલો હક્ક હોય તેટલો લાભ એને મળો. ન્યાયદૃષ્ટિએ મારા ભાગનું જેટલું ધન હોય તેટલો જ લાભ મને મળો. આ રીતે મનની શુદ્ધિ કરીને પછી અશુદ્ધ ધન ધર્મમાર્ગે વાપરી શકાય.

---

ધર્મ રહસ્ય :

અહિંસક બનતા જવું. ઇન્દ્રિય દમન કરવું. સત્ય બોલવું.

# વિનાશના ચાર માર્ગો :

[ આજે વિદ્યાર્થી જીવન વિશેષ વગોવાતું જાય છે. વિદ્યાર્થીનું જીવન ધોરણુ નીચે ઉતરતું જાય છે. સંસ્થાઓમાં ભણુતા વિદ્યાર્થીઓ પાસે શિક્ષણુ, સંસ્કાર, શિસ્ત, વિનય, વિવેક, સદાચાર જેવા ગુણોની અપેક્ષા માતા-પિતા વડિલો કાર્યવાહકો અને સંસ્થાના દાતાઓ રાખતા હોય છે. પણુ તે હેતુ બહુ ઓછો સફળ થતો જોવાય છે. પૂ. મહારાજશ્રીએ સં.૨૦૧૯ના પોષ વદિ ૦))ના રોજ પાલીતાણુા ખાતે એક શિક્ષણુસંસ્થાના વિદ્યાર્થીઓ સમક્ષ 'વિનાશના માર્ગો' પર એક મનનીય પ્રવચન આપેલું તેનું સારભૂત અવતરણુ અહિં અપાય છે.-સં.]

**કેચિદજ્ઞાનતો નષ્ટાઃ કેચિન્નષ્ટાઃ પ્રમાદતઃ ।**
**કેચિદ્ જ્ઞાનાવલેપેન કેચિન્નષ્ટૈસ્તુ નાશિતાઃ ॥**

આજે ચોમેર વિકાશ નિકાસ અને વિકાસની વાતો એકી અવાજે થઈ રહી છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વિકાસના જ સૂર જોરશોરથી બજી રહ્યા છે અને વિકાસની કહેવાતી યોજનાઓ પણુ ઘડાઈ રહી છે. મનુષ્ય સ્વભાવમાં વિકાસની ભાવનાના બીજ સહજ રીતે પડેલાં છે એટલે સાચી કે ખોટી યોજનાઓ ઘડાતી રહે એમાં કાંઇ નવાઈ નથી.

પરંતુ વાસ્તવમાં વિકાસ શું ? એના સાચા ઉપાયો શું ? વિકાસમાં વિઘ્નો કયા છે ? વગેરે પ્રશ્નો આપણી સામે ઉપસ્થિત થયા વિના રહેતા નથી. એકવાર એ પ્રશ્નોને

બાજુએ રાખીએ તો પણ જ્યારે ક્યારે ય મનુષ્યે વિકાસની સાચી દિશામાં પગલાં ભર્યા પછી વિનાશના માર્ગોથી સાવધ રહેવું ખૂબજ અનિવાર્ય છે. નહિતર પેલી આંધળી ડોસીને જેમ ઘણી ઘણી મહેનતને અંતે પણ હાથ ઘસવાં સિવાય બીજુ કાંઈ જ ન મળે. દ્રરિદ્ર માણસના મનોરથો મનમાં જ જાગે છે ને મનમાં જ લય પામે છે એમ યોજનાઓ યોજનારૂપે રહેવાની એ કદીજ સક્રિય ન બની શકે.

**આંધળી ડોસી:**

એક આંધળી ડોશી દળણું દળી રહી હતી. બીજી બાજુ ઘરનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. એક કુતરૂં ઘરમાં પેસી ગયું અને બધો જ લોટ સફાચટ કરી ગયું. તમેજ કહો ! આટઆટલી મહેનત કર્યા પછી છેવટે ડોશીના હાથમાં શું આવ્યું ? ચપટી લોટ પણ હાથમાં આવ્યો નહિ. ડોશી બિચારી હાથ ઘસતી રહી તેમ વિકાસના પ્રયત્નો સાથે જાણે–અજાણે વિનાશના ભોગ બની જવું સહજ છે, માટે જ વિનાશના માર્ગોથી સાવધ રહેવામાં બુદ્ધિમત્તા છે. મહાપુરૂષોએ આપણને કરૂણા બુદ્ધિથી 'વિનાશના ચાર માર્ગો' બતાવી દીધા છે. જેથી આપણે સહેલાઇથી સાવધ રહી શકીયે.

## વિનાશનો પહેલો માર્ગ. અજ્ઞાન

'અજ્ઞાન અને અંધારૂં સરખુ' એમ કહેવત છે. અંધારામાં માણસ અથડાય છે, ઠોકર વાગે છે, પડે છે, તેમ અજ્ઞાનથી માણસને પાર વગરનાં કષ્ટો વેઠવા પડે છે.

તમારા મા–બાપે અજ્ઞાનથી તમે નાશ ન પામો એ માટે અહિં ભણવા મોકલ્યા છે ને ? વિદ્યાર્થીજીવન એટલે અજ્ઞાનની સામે કમર કસવાનું જીવન. તમને આ સંસ્થામાં વ્યાવહારિક જ્ઞાન, સ્કૂલનું જ્ઞાન મળે છે. ધાર્મિક જ્ઞાન અને સંસ્કાર પણ મળે છે. તમે સારી રીતે ભણી શકો, સંસ્કારી બનો એ માટે ભાગ્યશાળીઓએ અહિં જિનમંદિર પાઠશાળા, ખાવા–પીવાનો, રહેવાની બધી સગવડો રાખી છે, ઉપદેશકોએ ઉપદેશ આપી આ સંસ્થા શા માટે સ્થાપી એ જાણો છો? વ્યાવહારિક શિક્ષણ તો તમે બીજે પણ મેળવી શકત પણ એ ખાતર આ સંસ્થા નથી. જીવનમાં તત્વનો પ્રકાશ પાથરનાર ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક સંસ્કાર મળે એ મહાન ઉદ્દેશ સંસ્થાની સ્થાપના પાછળ છે. તમે અહિં મળતી સગવડોના માત્ર રસિયા ન બનશો. કેવળ વ્યાવહારિક શિક્ષણનું લક્ષ ન રાખશો. સગવડ જ્ઞાનપ્રાપ્તિમાં સહાયક છે. તેમ પ્રમાદી બનાવવામાં પણ તેટલી જ સહાયક છે, ઘણીવાર એવું પણ બને છે કે, ગુરૂકુલો કે બોર્ડીંગોમાં મળતી અનુકૂળતાથી ટેવાયેલા વિદ્યાર્થીઓને પોતાના ગામડાના ઘરમાં, ખાનપાનમાં, માતા-પિતા કે ભાઈ–ભાંડુઓમાં ગોઠતું નથી. એ બધા સાથે એ એકમેક થઈ શકતો નથી. કેટલીવાર માબાપને એ પુત્રની આશા સુદ્ધાં છોડી દેવી પડે છે.

ધાર્મિક શિક્ષણ અને સુસંસ્કાર પ્રાપ્ત કરી સંસ્થાનો મૂળભૂત ઉદ્દેશ સફળ કરવો એ જવાબદારી તમારા શિરે

છે એ ભૂલતા નહી. આપણાં ગુરૂકુલો, વિદ્યાપીઠો, શિક્ષણ સંસ્થાઓમાં કેટલીક ખામીઓ પ્રવેશી જવાના કારણે આપણે આપણું ગૌરવ–ઉચ્ચ સ્થાન ગુમાવી બેઠા છીએ. આ ભારતભૂમિ વિદ્યા અને સંસ્કૃતિનું મહાધામ ગણાતું હતું. ફોરનર્સો– પાશ્ચાત્ય સ્કોલરો પણ અહિં આવીને અનેક પ્રકારની વિદ્યા–કળાઓ મેળવતા અને અહિની આર્યસંસ્કૃતિ, કુટુંબયોજના, મર્યાદાશીલ દામ્પત્યજીવન, વિનય–વિવેક ન્યાયપાલન, સદાચાર, પરોપકાર, અધ્યાત્મભાવના તેમજ ધર્મસ્થાનો, તીર્થસ્થાનો જોઇને મુગ્ધ થતા. આજે આપણે પશ્ચિમ તરફ આંધળી દોટ માંડી છે પણ આપણે પાછા વળી આપણા ગૌરવને પુનઃ પ્રાપ્ત કરવા સાચું શિક્ષણ સાચી સંસ્કૃતિને જીવનમાં જીવવી અને જીવાડવી પડશે.

## વિનાશનો બીજો માર્ગ. પ્રમાદ

વિદ્યાર્થી જીવનનું મુખ્ય કર્તવ્ય છે જ્ઞાન પ્રાપ્તિ અને વિનયધર્મનું પાલન. એ કર્તવ્ય અદા કરવામાં પ્રમાદ વિઘ્નરૂપ છે. અમે ગામડામાં જઈએ છીએ ત્યાં ઘણાં માણસો જીવનમાં કરવા યોગ્ય કાર્યો કરી લેવા તત્પર છે. પરંતુ શું કરવું એનું એ લોકોને જ્ઞાન નથી. શહેરમાં આવીએ છીએ તો સુશિક્ષિત ગણાતા માણસો પ્રમાદના કારણે પોતાની ફરજો બજાવવામાં સુકૃતનાં–પરોપકારના કાર્યોમાં સાવ બેદરકાર હોય છે. આ રીતે અજ્ઞાન અને પ્રમાદ પોતાનું સામ્રાજ્ય જમાવીને બેઠા છે, માટે અત્યારથીજ જીવનમાં પ્રમાદને પેસવા ન દેશો.

તમે પેલા પ્રમાદી–આળસુ શેઠની વાત સાંભળી હશે ? પ્રમાદના કારણે શેઠની અઢળક સંપત્તિ ચોરો ઉઠાવી ગયા અને જિંદગી સુધી શેઠ દરિદ્રતાના દાસ બની ગયા.

**આળસુ શેઠ :**

વાત એમ બની કે શેઠના ઘરના છાપરાપર ચોર લોકો ચઢી આવ્યા. બાકોરાં પાડવા માટે નળીયા આઘા-પાછા કરવા લાગ્યા. નળીયાના અવાજથી શેઠાણી જાગી ગયા. ચોરોને આવેલા જાણીને ગાઢ નિદ્રામાં પોઢેલા શેઠને જગાડવા માંડયા. 'શેઠ ! જાગો. છાપરા ઉપર ચોર આવ્યા છે, શેઠ જાગ્યા તો ખરા. છાપરાપર નજર પણ કરી. ચોરો છે એમ જાણ્યું ય ખરૂં પરંતુ શેઠ આળસુના પીર હતાં. પથારીમાં પડયા પડયા કહે છે, તું છાની માની પડી રહેને ? આખા દિવસનો થાક ઉતારવા થોડા આડા પડયા ત્યાં તારો કકળાટ શરૂ થયો. ચોર આવ્યા........ચોર આવ્યા........ જપવા દે. ભલે આવ્યા ચોર. નીચે ઉતરે તો ખરા ખબર લઈ નાખું........'શેઠ પાછા નસ્કોરા બોલાવવા મંડયા.

છાપરે બેઠેલા ચોરો શેઠ–શેઠાણીનો વાર્તાલાપ સાંભળી થોડી વાર ચૂપચાપ બેસી રહ્યા. ફરી શેઠના નસ્કોરા સાંભળ્યા એટલે સહેજ પણ અવાજ ન થાય એ રીતે બાકોરૂં પાડયું અને ઘરમાં દાખલ થયા. પણ જમીનપર પગ મૂકતાં સહેજ ધબકારો થયો. શેઠાણી ચમકયા. જોયું કે ચોર ઘરમાં દાખલ થઈ ગયા છે. આ વખતે તો ટાંટીયો ઝાલીને શેઠને જગાડયાં. શેઠ કહે, 'કેમ વારંવાર જગાડે છે ?

શાંતીથી જપવા દે ને' ! શેઠાણી કહે–'ચોર ઘરમાં આવી ગયા છે. અરે ! તિજોરીવાળા ઓરડામાં પહોંચી ગયા છે.' શેઠ કહે–'હું જાણું છું, આવો ભડ જેવો બેઠો છું પછી તારે શી ચિંતા ? તું તારે નિરાંતે ઉંઘને ! તિજોરી ખોલીને માલમતા લે તો ખરા ! ચામડી ઉતારી નાખું ! ખોખરા કરી નાખું !'

ગરબડ સાંભળીને ચોર થોડી વાર લપાઇ ગયા. શેઠે ફરી ઘોરવા માંડયું એટલે ચોરોએ તીજોરી ખોલી દરદાગીના, રોકડ વગેરેની ગાંસડીઓ બાંધી. શેઠાણીની ઉંઘ કુતરા જેવી હતી. એ પાછા જાગી ગયા. શેઠને પણ જગાડયા...'શેઠ ઉઠો ચોરોએ ધનમાલની ગાંસડીઓ બાંધી.' શેઠ કહે–,જાણું છું.' શેઠાણી કહે–આ ચોરો ધનમાલનો ગાંસડીઓ લઈને ચાલ્યા ય ખરા. હજી પણ પથારીમાં પડયા પડયા શેઠનો જવાબ હતો કે 'હું જાણું છુ" હવે શેઠાણીથી રહેવાયું નહિ એ ધુંધવાયા હતા. શેઠનો ટાંટીયો જોરથી ખેંચ્યો અને મોટા અવાજે ધડાકો કર્યો કે 'ધૂળ પડી તમારા જાણુવામાં............'

શેઠ કહે શેઠાણીને છો ધન લઈ ગયા દૂર.
જાણું જાણું' શું કરો જાણપણામાં પડી ધૂળ.

ત્યારે શેઠ ઝબકયા. ઉભા થયા અને ચોરોને પકડવા દોડયા. હવે શૂરાતન જાગ્યું. બહાર જઈને આમતેમ જુએ છે પણ ચોર તે કાંઈ હવે ઉભા રહે ? એ તો હનુમાન ફાળ ભરી ભાગી છૂટયા હતા. આ....આ શેઠનું મોં પહોળું થઈ ગયું... થોડા પ્રમાદથી શેઠની જિંદગીભર

કમાયેલી લક્ષ્મી ચાલી ગઈ. તમે વિદ્યાર્થીઓ પ્રમાદ કરો તો તમારૂં કાંઈ જ લુંટાવાનું નથી ખરૂં ને? તમે કહેશો કે અમારી પાસે શી મુડી છે? તમે જો આળસ કરશો, પ્રમાદ સેવશો, તો તમે મહાકિંમતી જ્ઞાનધન કમાવી નહી શકો. પહેલા કમાવેલું જ્ઞાનરૂપી ધન જરૂર લુંટાશે. પેલા ધન કરતા આ જ્ઞાનધન મહા કિંમતી છે. તેમજ પ્રમાદથી વિનયની પાત્રતા પણ ગુમાવી બેસશો. પ્રમાદી રખડું વિદ્યાર્થીને પ્રેરણા આપનાર શિક્ષક કડવો લાગશે; પછી એ શિક્ષકનો વિનય નહિ સાચવે પણ અવગણના કરશે.

એક મહાપુરુષે પ્રમાદને ઓળખાવતાં કહ્યું છે કે, 'પ્રમાદો હિ મૃત્યુઃ' પ્રમાદ એ મત્યુ છે. પ્રમાદી માણસ જીવતો હોવા છતાં મરેલો છે.

શ્રી ગૌતમસ્વામી જેવા મહાપુરુષને પ્રભુ મહાવીરદેવે ખાસ એ જ ચેતવણી આપી હતી કે, '**સમયં ગોયમ મા પમાયએ**' હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહિ.' આથી સ્પષ્ટ સમજાય છે કે સાધનાની ઉંચી કક્ષાએ પહોંચ્યા પછી પણ પ્રમાદ પેસી જવાનો પૂરેપૂરો સંભવ છે. અર્થાત્ પ્રમાદ એ વિકાસમાં–પ્રગતિમાં અવરોધ રૂપ છે.

જે વિદ્યાર્થી જ્ઞાન સંસ્કારની પ્રાપ્તિનું ધ્યેય વિસરી જશે તે અહિંની સગવડોમાં સુખશીલીયો અને આળસુ બન્યા વિના રહેશે નહિં. પ્રમાદશત્રુને ખાળવા હંમેશ તમારા ધ્યેયને નજર સામે રાખો.

વિદ્યાર્થી જીવનમાં અધિક પડતી ઉંઘ, મોજશોખ, નાટક-, સિનેમા, શરીર અને વસ્ત્રની ટાપટીપ, રાજકારણ કે અર્થતંત્રની વાતોમાં રસ, છાપાઓનું વાંચન, નવલકથાઓ વાંચવાનો રસ વગેરે પ્રમાદ છે. વિનાશનો જ એ માર્ગ છે. એથી અલિપ્ત રહેશો તો પ્રગતિશીલ વિદ્યાર્થી જીવન જીવી યશના પણ ભાગી બનશો.

## વિનાશનો ત્રીજો માર્ગ. અહંકાર

ખાવું સહેલું છે પણ પચાવવું કઠિન છે. એમ જ્ઞાન મેળવવું સહેલું પણ પચાવવું કઠિન છે. જ્ઞાનનું અજીર્ણ અહંકાર–અભિમાન છે. જ્ઞાનથી અભિમાની બનેલો પોતાનું જ્ઞાન બીજાને આપી શકતો નથી. બીજા પાસેથી નવું જ્ઞાન વગેરે કાંઈજ મેળવી શકતો નથી. મિથ્યાજ્ઞાન અથવા અલ્પજ્ઞાન અભિમાન પેદા કરે છે. કહેવાય છે ને કે 'અધુરો ઘડો છલકાય' સમ્યગ્જ્ઞાન અભિમાનને ઓગાળી દે છે. એ જ્ઞાન જ્યારે પૂર્ણતા પામતું જાય છે, વિશાલ અને ઊંડું બનતું જાય છે ત્યારે હૃદયમાં છીછરી વૃત્તિઓ રહી શકતી નથી. સાચો જ્ઞાની કદી અભિમાની બનતો નથી એ વધુ નમ્ર હોય છે. કલ્પવૃક્ષની જેમ સૌને ફળદાયી લાભદાયી બને છે. માનવતાના સંસ્કારો સાથે અપાયેલું જ્ઞાન માણસને સાચો જ્ઞાની બનાવે છે. ધાર્મિકતાના સંસ્કારોથી વાસિત જ્ઞાન માનવને એક યોગીના પદે આરૂઢ કરે છે.

જ્ઞાન, ધન, યૌવન, સત્તા વગેરે અભિમાન જગાવનારા તત્વો છે. જ્ઞાનને પચાવવાની પાત્રતા વિનય છે. આપણને મળતું જ્ઞાન અહંકાર પેદા ન કરી બેસે તે ખાતર વિનયધર્મનું પાલન પ્રાણની જેમ કરવું જરૂરી છે,

## વિનાશનો ચોથો માર્ગ. કુસંગતિ.

આ માર્ગ સૌથી વધુ ખતરનાક છે. ખરાબ સોબતની અસર જાણે-અજાણે અને તે પણ વાયુવેગે થયા વિના રહેતી નથી. બાલ્યાવસ્થા કે વિદ્યાર્થી અવસ્થામાં એ અસર ખૂબ જલદી થાય છે. કારણ કે જીવન હજી કોરી સ્લેટ જેવું છે. ખરાબ સોબત થતાં થઈ જાય છે પણ પાછળથી ખ્યાલ આવ્યા પછી પણ એની અસરોને જલદી ભૂંસી શકાતી નથી.

મહાન ધર્માત્માઓના, સંસ્કારી મા-બાપના સંસ્કારી છોકરાઓ પણ ખરાબ સોબતે ચઢી જતાં તદ્દન બગડી ગયાના દૃષ્ટાંતો અમે નજરે જોયાં છે, સાંભળ્યાં છે અને વાંચ્યાં છે.

એક જૈન મા-બાપે પોતાના પુત્રના સંસ્કારો માટે ચૌદ-ચૌદ વર્ષ કાળજી કરી. થાય તેટલા પ્રયત્નોથી પુત્રને સંસ્કારી બનાવ્યો. મા-બાપ પોતે પણ ઘણાં ધર્મશીલ હતાં.

પણ કોઈ એવી એક કાળઘડી આવી. સ્કૂલમાં એક સીંધી (નિરાશ્રિત) ના છોકરા સાથે ભાઈબંધી થઈ. ધીરે ધીરે એનો સંપર્ક વધી ગયો. સંસ્કારી જૈન બચ્ચો પણ

માંસભક્ષણની લતે ચઢી ગયો. શરૂમાં ખાનગીમાં ખાતો હતો પણ પછી તો લાજશરમ મૂકાઈ ગઈ. છડેચોક માંસાહારી બની ગયો. મા-બાપે જીવનના છેલ્લા શ્વાસ સુધી પુત્રના અપકૃત્ય પાછળ લોહીનાં આંસુ ટપકાવ્યાં અને નિસાસા નાખી પ્રાણ છોડયા.

સારી સોબતની અસર થાય યા ન પણ થાય પરંતુ ખરાબ સોબતની અસર પ્રાયઃ થયા વિના રહેતી નથી. આંબો અને લીંબડો સાથે વાવો તો આંબામાં કડવાશ આવશે પણ લીંબડામાં આંબાનો ગુણ નહિ આવે.

માટે મિત્રો એવા પસંદ કરજો, એવા સર્કલમાં રહેજો કે જેથી તમારા પવિત્ર જીવનને એક પણ કાળો ડાઘ ન લાગે. જીવનમાં અવગુણ કે અપલક્ષણ પેસી ન જાય. ચેપી દર્દની જેમ ખરાબ સોબતથી સાવધ રહેજો અને હંમેશ તમારા આદર્શને અનુરૂપ ઉચ્ચ વાતાવરણમાં વસજો.

ધર્મ અને ધર્માત્માઓનું આપણા દેશમાં અધિક મૂલ્યાંકન છે તે આ જ કારણે. ધર્મના નિયમો જીવનમાં જીવવાથી અને ધર્માત્માઓના સમાગમથી વિનાશના આરે ઉભેલો માણસ પણ ઉગરી જાય છે.

આ રીતે વિનાશના ચાર માર્ગો તમે જાણ્યા. એથી તદ્દન અલગ-અલિપ્ત રહેલા આજથી દૃઢનિશ્ચયી થજો. તમારી નોંધપોથીમાં એની નોંધ કરી લેજો અને અવારનવાર એનું વાંચન મનન કરજો.

## માધુકરી:

### કલ્પના:

હિંસકમતિ બાદશાહ **અકબર** જગદ્ગુરુ **હીરવિજય-સૂરજી** મહારાજના તપતેજથી અને પ્રભાવક ધર્મોપદેશથી દયામતિ બન્યો. બાદશાહની હિંસાખોર લાગણીએ આશ્ચર્યજનક પલટો લીધો. એની દયાની લાગણીનો પરિચય કરાવતાં એક કવિ કહે છે:-

**દયાદેવીને** ઉદાસ જોઈને કોઈ વ્યક્તિએ પુછયું, 'હે કન્યા ! તું કોણ છે ?

**દયા**—હું દયા—અહિંસા છું.

**વ્યક્તિ**—તું ઉદાસીન કેમ છો ?

**દયા**–મારા માલિક **કુમારપાળ** સ્વર્ગે ચાલ્યા ગયા છે.

**વ્યક્તિ**--તેથી શું થયું ?

**દયા**--માલિકના અભાવે હિંસક લોકો મને હેરાન કરી રહ્યા છે. મારો નાશ કરો રહ્યા છે.

**વ્યક્તિ**--તો હવે તારી શું ઈચ્છા છે ?

**દયા**--મારૂં રક્ષણ કરે એવો કોઇ માલિક–સ્વામી જોઈએ.

**વ્યક્તિ**--જો તારી ઈચ્છા હોય તો સમગ્ર પૃથ્વીના માલિક બાદશાહ **અકબર** પાસે જા. એ તારૂં પાલન કરશે.

કવિનું કહેવાનું તાત્પર્ય એ છે કે **કુમારપાળ** પછી અહિંસાને વ્યાપક રીતે રાજ્યાશ્રય મળ્યો હોય તો બાદશાહ

અકબરના રાજ્યશાસનમાં મળ્યો. આમજનતામાં દયાધર્મની છાપ પડે એ રીતે હિંસાથી પાછા વળી વિશેષતયા દયા-અહિંસાનું પાલન કર્યું હોય તો બાદશાહ અકબરે કર્યું. કવિની કલ્પના સત્કલ્પના છે.

વીરતા :

**દાનવીર કોણ ?** દાન દેવાની વાત-પ્રસંગ ઉપસ્થિત થતાની સાથે જ જેને દાન દેવાનો ઉત્સાહ ચઢે.

**યુદ્ધવીર કોણ ?** યુદ્ધની નોબત વાગે ને જે પોતાની મેળે તલવાર લઈને રણમેદાને દોડી જાય.

**ધર્મવીર કોણ ?** ધર્મ કરવાની તક-અવસર આવે ને જેને ધર્મનો અદમ્ય ઉત્સાહ જાગે. દાનવીર **જગડુશાહ** હતા. ધર્મવીર **કુમારપાલ** હતા. યુદ્ધવીર પણ ઘણા થઈ ગયા. ભગવાન **મહાવીર પરમાત્મામાં** ત્રણે પ્રકારની વીરતા સર્વશ્રેષ્ઠ કોટિની હતી. પ્રભુની **દાનવીરતા** સંવત્સરી દાનમાં દેખાઈ આવતી હતી. **યુદ્ધવીરતા** ગર્ભકાળથી મોહાદિ શત્રુઓ સામે ઝળકી હતી. **ધર્મવીરતા** તો પૂર્વના અનેક ભવોથી ચાલી આવતી હતી. પ્રભુ જેવું દાન, શીલ-તપ કે ભાવ કોઈએ કર્યાં નથી. પ્રભુના અનુત્તર દાન શીલ તપ ભાવનો વિચાર કરે તો પોતાના દાનાદિનો કોઈ ગર્વ કરી શકે તેમ નથી.

## નોળવેલ સુંઘતા રહો :

તમારે સંસારમાં રહેવું પડ્યું છે ? હા, તો ત્યાં રહ્યાં નોળવેલ સુંઘતા રહેવું જાઇએ. માણસ સંસારના વિવિધ

વ્યવહાર કરે છે. એમાં એને રાગદ્વેષનું ઝેર ચઢે જ છે. એ ઝેરની અસરથી મનુષ્યની શુદ્ધ ચેતનાનો નાશ થાય છે અને આ મોહની મૂર્ચ્છામાં આત્માનું ઘણું ઘણું બગડે છે. તો શું કરવું? હતાશ, નિરાશ થઈ બેસી રહેવું? ના, એની સામે કોઈ નક્કર ઉપાય યોજવો.

નોળીયાને સર્પ સામે જ્યારે અથડામણનો પ્રસંગ આવે છે ત્યારે ઝપાઝપીમાં ક્રોધે ભરાયેલો સર્પ વારે વારે નોળીયાને ડંખ મારતો હોય છે. ડંખની ઝેરી અસરથી બચવા નોળીયો જંગલમાં જઈ નોળવેલ વનસ્પતિ સુંઘી આવે છે. એથી સર્પના ડંખની લેશ પણ અસર રહેતી નથી. એજ રીતે હિંમત હાર્યા વિના તમે પણ નિયમિત નોળવેલ સુંઘતા રહો! પણ તમારે સુંઘવાની એ નોળવેલ કંઈ જાણો છો? વીતરાગનું દર્શન પૂજન સદ્ગુરૂનો સહવાસ–સત્સંગ, શાસ્ત્રશ્રવણ......સત્સંગમાં રહેનાર માણસોને રાગદ્વેષના ડંખની ઘાતક અસર નહિ થાય.

## સુંદર સંવાદ:

**ગૌતમસ્વામી**– ભગવંત! શાસ્ત્રશ્રવણથી શું લાભ?

**પ્રભુ મહાવીર**– ગૌતમ! શાસ્ત્રશ્રવણથી જ્ઞાનનો લાભ થાય છે. **જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર બંધ**, નિર્જરા, અને **મોક્ષ**–આ નવે તત્ત્વોની વ્યવસ્થા જાણી શકાય છે.

**ગૌતમસ્વામી**– ભગવંત! જ્ઞાનનું ફળ શું?

**પ્રભુ મહાવીર**– ગૌતમ! જ્ઞાનનું ફળ **વિજ્ઞાન** છે.

જીવાદિ તત્ત્વો વિશેષરીતે જાણવા તે વિજ્ઞાન. હેય-ત્યાગ કરવા લાયક તત્વો કયા ? ઉપાદેય-ગ્રહણ કરવા લાયક તત્વો કયા એની સ્પષ્ટતા પૂર્વક જાણવું તે વિજ્ઞાન.

**ગૌતમસ્વામી**--પ્રભુ ! આ સંસારમાં સર્વજીવોમાં કયો જીવ વધુ દુઃખી છે ?

**પ્રભુ**--ગૌતમ ! અવિરત સમ્યગ્દષ્ટિ જીવ સંસારમાં સૌથી વધુ દુઃખી હોય છે.

**ગૌતમસ્વામી**- પ્રભુ ! એનું શું કારણ ?

**પ્રભુ**--ગૌતમ ! સમ્યગ્દષ્ટિ આત્માને પોતે અવિરતિમાં પડયો છે તેનું પારાવાર દુઃખ છે. વળી ચારે ગતિમાં જીવોની વેદનાઓ દુઃખો શ્રુતજ્ઞાનના બળે એ જાણે છે, એથી પણ એ દુઃખી દુઃખી થાય છે. ધનવૈભવથી મહાસુખી છતાં ધર્મના અભાવે જીવોને દુઃખી દરિદ્ર જોઈને એના દિલમાં ભારે ભાવ અનુકંપા ઉછળે છે.

**ગૌતમસ્વામી**- પ્રભુ ! સમક્તિદષ્ટિ નારકીને મહાવેદના કહી મિથ્યાદષ્ટિ નારકીને અલ્પવેદના કહી એનું શું કારણ ?

**પ્રભુ**—ગૌતમ ! સમક્તિદષ્ટિની એ મહાવેદના ક્ષેત્રકૃત કે પરમાધામીકૃત નહિ પરંતુ એ જીવને ત્યાં કોઈ નિમિત્તથી જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવ દેખાય એથી પશ્ચાત્તાપ કરે કે, 'અરે ! મેં જિનવચન માન્યા નહિ. પ્રમાદને વશ પડયો. આરંભ-સમારંભમાં ચકચૂર બન્યો.' આ વિચાર એને મહાવ્યથા કરાવે છે. વ્યવહારમાં ચોર અને શાહુકારની શાખ

જુદી જુદી હોય છે. કોઇ કારણસર ચોર અને શાહુકાર બન્ને પકડાય, રાજદંડ થાય અને જેલમાં પૂરાય ત્યારે જે દુઃખ શાહુ. કારને થશે તે ચોરને નહિ થાય. શાહુકારને પોતાની ઈજ્જત, આબરૂ–કીર્તિ જેમ જેમ યાદ આવશે તેમ તેમ એની મનોવેદના વધશે. ચોરને શું થવાનું હતું ?

ગુરુ–વસ્તુપાલ ! તારા ભાલમાં જિનાજ્ઞા, મુખમાં સરસ્વતી, હૃદયમાં લક્ષ્મી અને શરીરમાં શીલની કાંતિ રહેલી હોવાથી તારી કીર્તિ બ્રહ્મલોક સુધી પહોંચી છે.

વસ્તુપાલ–ગુરુદેવ ! મનુષ્ય જન્મરૂપી વૃક્ષ કોઈ ને ફળ વિનાનો, કોઈને વિષફળ સમાન, કોઈને કિંપાક ફળ સમાન, તો કોઈ ને કલ્પવૃક્ષ સમાન દેખાય છે. તેનું શું કારણ ?

ગુરુ—વસ્તુપાલ ! અનંત પુણ્યરાશિથી આ મનુષ્ય-ભવ પમાય છે. જેઓ આવો મોંઘેરો મનુષ્યજન્મ પામી કશું જ સુકૃત આચરતા નથી તેમને ફળ વિનાનો ગણાય છે.

જેઓ હિંસાદિથી પાપાનુબંધી પાપનું ઉપાર્જન કરે છે, તેઓને આ ભવ પરભવમાં દુઃખરૂપ નિવડતો હોવાથી વિષફળ સમાન ગણાય છે.

જેઓ પાપાનુબંધીપુણ્ય ઉપાર્જન કરે છે તેઓને પ્રથમ સુખ અને પછી નરકાદિ ગતિ આપનાર હોવાથી કિંપાક ફળ સમાન ગણાય છે.

જેઓ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે. તેઓને ઉભયલોકમાં વાંછિત ફળ આપનાર હોવાથી અને પરંપરાએ

મોક્ષસુખ આપનાર હોવાથી કલ્પવૃક્ષ સમાન ગણાય છે.

**અવળીગંગા :**

જે દેશમાં ખાવા અનાજ નથી. જીવન જરૂરિયાતની ચીજોની અછત છે. ત્યાં ચા પાણી, મોજશોખ, નાટક–સિનેમાના ખર્ચા કેટલા ? લાખો કરોડો રૂપીયાના ખર્ચે થીયેટરો બંધાય છે છતાં ખૂબી એ છે કે આજના ભણેલા અને સુધારકોને એ દુર્વ્યય લાગતો નથી. મંદિર બાંધવા માટે સરકાર જગ્યાની મંજુરી નથી આપતી. સરકારને સિનેમા સ્થાનો જરૂરી લાગે છે. એ માટે મંજુરી અપાય છે. એને 'મનોરંજન' એવું મીઠું નામ અપાય છે. પ્રજાની ઉન્નતિ કરનાર મનાય છે; એના રોજ વાજાં વાગે, વરઘોડા નીકળે, હેન્ડબીલ વહેંચાય. એમાં પૈસાનો ધુમાડો નથી લાગતો. ધર્માનુષ્ઠાનમાં નજીવું દ્રવ્ય ખર્ચાય એ ધુમાડો લાગે છે. પૂર્વગ્રહથી જકડાયેલા મુરબ્બીઓને ભલામણ છે કે બુદ્ધિનો ઉપયોગ સત્યાસત્યનો સમતોલપણે વિચાર કરવામાં કરે. અને આત્મા, ધર્મ, સમાજ તેમજ વિશ્વના દ્રોહથી બચે.

**સાધનાની શાળા :**

સંયમ એ તો સાધનાની શાળા છે. સાધનાની કળામાં કુશળતા પ્રાપ્ત કરતાં કરતાં અનેક મુશ્કેલીઓ આવી જાય, કપરી કસોટીઓ થાય એથી હતોત્સાહ કે નિરાશાવાદી બનવાનું નથી. નાનું બાળક ચાલવાનો પ્રયત્ન કરવા જતાં અનેકવાર જમીન પર પડી જાય છે છતાં તે ચાલવાનું બંધ કરતું નથી. પણ ઉત્સાહભેર તેમાં આગળ ધપે છે.

ત્યારે એક દિવસ તે બરાબર બોલતા શીખી જાય છે. એમ સંયમની સાધના પણ ખૂબજ ધીરતાપૂર્વકનો અભ્યાસ અને પ્રયત્ન માંગી લે છે.

સંસારી આત્માઓ દુનિયાદારીના ધ્યેયને પહોંચી વળવા અનેકાનેક કષ્ટ સહન કરે છે, પ્રતિકૂળતાઓ વેઠે છે, રાતે ઉજાગરા અને દિવસે તનતોડ પરિશ્રમ કરે છે.

વારંવાર નિરાશાનું વાતાવરણ સર્જાય છતાં આશાના તાંતણે બંધાઇને પ્રયત્નમાં કદી પાછા પડતા નથી તો પછી મોક્ષાભિલાષી આત્માએ કેવો પુરૂષાર્થ જગાવવો જોઇએ ? જો મોક્ષમાર્ગના સાધકમાં નિરાશા આવે કે ઉત્સાહ ભંગ થાય તો પુરૂષાર્થ પાંગળો જ બની જાય અને મહામાર્ગની મજલમાં મોટો પ્રતિરોધ ઊભો થાય.

એવરેસ્ટના શિખરે પહોંચવાના ધ્યેયવાળો અધવચ હતોત્સાહ કે હતાશ થાય તો કરેલી મહેનત નિષ્ફળ જ જાય મોક્ષમાર્ગની સાધનામાં અંતિમ શિખરનું આરોહણ તો એથીય અઘરૂં છે. એના આરોહણમાં ઉત્સાહની મંદતા અધઃપતનની ખીણમાં ગબડાવી દેશે.

માટે, ઓ સાધક ! ઉત્સાહના દોરને મજબૂત પકડી રાખજે, આશાનું અમૃત સદા પીતો રહેજે, સિદ્ધિના સર્વોચ્ચ શિખરે જરૂર પહોંચીશ.

## વૈરાગ્ય :

આ વિશ્વ અગણિત વસ્તુઓનું સંગ્રહ સ્થાન છે. એ વસ્તુઓનું સ્વરૂપ ચિત્ર-વિચિત્ર છે. વિશ્વના ચોગાનમાં

જીવોની સંખ્યા પણ અનંતની છે. એ જીવોના ભાવો પણ વિચિત્ર પ્રકારના છે. એ વસ્તુઓ અને ભાવોની વિચિત્રતા જોઈ અજ્ઞાન અને અવિવેકી આત્માઓ, રાગ, દ્વેષ, મોહ, કૌતુક, આશ્ચર્ય, ઉત્સુકતા, ઘૃણા, હાસ્ય વગેરેમાં ગરકાવ બની જાય છે. વિચારક વિવેકી આત્માઓને એ વિચિત્રતા જોઈ વૈરાગ્ય જન્મે છે, મમતા ઘટે છે અને ઉપશમ વધે છે.

એક રાજાએ એક વાછરડાને જન્મતો, મોટો થતો, પુષ્ટ થતો જોયો. માતેલો બળદ બનતો જોયો અને ત્યાર-પછી ધીમે ધીમે ક્ષીણ થતો જોયો. આખરે બળદને સાવ ગળીયો થયેલો જોઈ રાજા વૈરાગ્યવાસિત બન્યો. બળદની ક્રમિક પરિવર્તનશીલતા ઉપરથી જગતના તમામ પદાર્થોનું દર્શન પણ પરિવર્તનશીલતા અને ક્ષણભંગુરતાની દૃષ્ટિએ કર્યું. આ વૈરાગ્યમાંથી રાજાને સર્વ ત્યાગનું બળ મળ્યું. રાજપાટ છોડી રાજા ચારિત્રના પંથે ચાલી નીકળ્યો.

બીજો એક રાજા સૈન્ય સાથે યુદ્ધના મેદાને જઈ રહ્યો હતો. રસ્તામાં એક ઘટાદાર આંબાનું વૃક્ષ જોયું. રાજાએ કુતુહલથી આંબાની એક મ્હોર તોડી. સૈનિકોએ રાજાનું અનુકરણ કર્યું. પરિણામે આખો આંબો બેડોલ બની ગયો. એક પણ પાન રહ્યું નહીં. આંબો સાવ ઠુંઠો થઇ ગયો. રાજા યુદ્ધભૂમિથી પાછો ફર્યો. એના મનમાં કોડ હતા પેલા ઘટાદાર આમ્રવૃક્ષની છાયામાં મોજ માણવાના અને આંબાની મંજરી ખાઈ કંઠને કોકિલ કંઠ બનાવવાના.

રાજાએ હજુરિયાને પૂછયું-'પેલું મનોહર આંબાનું ઝાડ કયાં ગયું? આપણે ત્યાં બેસીયે. આરામ કરીયે. હજુરિયો કહે-'રાજન્! આ સામે દેખાય છે તે જ આપનો પ્રિય આંબો.' 'અરે! કેમ આમ સાવ ઠુંઠા જેવો થઈ ગયો?' રાજન્ આપે! એક મહોર તોડી પાછળ એકે એક સૈનિકે મહોર અને પાન ચુંટયા. પછી આ દશા ન થાય?'

રાજાએ એક ગેબી આંચકો અનુભવ્યો. આ પ્રસંગે એને ઉંડા વિચારમાં ગરકાવ બનાવી દીધો. વિચારમાંથી વિવેક જાગ્યો. વિવેકમાંથી વૈરાગ્ય સ્ફૂર્યો-ખરેખર! સંસાર કેવો વિચિત્ર! જ્યાં સુંદર અસુંદર બને છે. શુભ અશુભ બને છે. સરસ નિરસ બને છે, ભવ્ય દેખાતું ભયાનક બને છે. રાજાને સંસાર પ્રત્યેની મમતા સાવ મરી ગઈ. એના અંતરમાં સંયમભાવ ખીલી ઉઠયો. પુત્રને રાજ્ય ભળાવીને એણે ચારિત્ર લીધું.

મહાસતી અંજનાના પુત્ર હનુમાનજીને સૂર્યાસ્તનું દશ્ય જોઈ સમગ્ર સંસાર અસાર લાગ્યો. મહારાજા દશરથને વયોવૃદ્ધ કંચુકીનું (અંતેપુરના દ્વારપાળનું) કરચળીવાળું શરીર જોઈને વૈરાગ્ય પ્રગટયો. રાજર્ષિ પ્રસન્નચંદ્રને માથાના સફેદ વાળ પરથી સંસારની અસારતા સમજાઈ. રાજા ભર્તૃહરિને સ્ત્રીચરિત્રે સંસારની ઓળખ કરાવી. રાજા કીર્તિધરે ચારિત્ર લીધા બાદ રાણીએ પોતાના રાજ્યમાં સાધુ-સંત-સંન્યાસી યોગી બાવાઓને પ્રવેશ કરવાનો સખ્ત નિષેધ કર્યો હતો. કારણ! મહાત્મા કીર્તિધર મુનિ આવીને પોતાના પુત્ર સુકોશલને ઉપદેશ આપી લઈ ન જાય માટે. કીર્તિધર મહામુનિ ત્યાં આવ્યા. રાણીના હુકમ મુજબ

કોટવાળોએ મારપીટ કરીને દરવાજા બહાર ધકેલી મૂકયા. આ દશ્ય સુકોશલે જોયું. પોતાની ધાવમાતાને હકીકત પૂછી. ધાવમાતાએ સત્ય હકીકત કહી. ધર્મપ્રિય સુકોશલને પિતાની વિટંબણા જોઈ સંસારની સ્વાર્થલીલાનો ખ્યાલ આવ્યો. વૈરાગ્યના રંગે રંગાયેલો એનો આત્મા સર્વ ત્યાગના માર્ગે પ્રયાણ કરી ગયો.

આ મહાપુરુષોએ વૈરાગ્યની પારદર્શક દૃષ્ટિથી જગતના તમામ પદાર્થોના, ભોગસુખના, સ્નેહી સ્વજનોના આંતરિક સ્વરૂપને જોઈ લીધું. તમામ વસ્તુઓની બાહ્ય ક્ષણિક ભવ્યતા સાથે એની ભયાનકતા નિહાળી લીધી ત્યારે રાગને ભાગવું પડયું. દ્વેષને દોડવું પડયું. મોહના હાથ હેઠા પડયા. વીતરાગ વ્હાલા થયા. વૈરાગ્યને ટકાવવા, વીતરાગતાને પામવા ત્યાગનો પુરુષાર્થ રામબાણ ઉપાય છે.

**વિવેક :**

કપાસ અને ચાંદીના ઢગલા ચાંદની રાતના શાંત વાતાવરણમાં ભલે સમાન દેખાય પણ વંટોળ વખતે ચાંદીનો ઢગલો જ સ્થિર અને સુરક્ષિત રહેશે. તેમ માનવ માનવમાં પણ હાથ, માથું, શરીર, વસ્ત્ર આભૂષણના બાહ્ય દેખાવથી ભલે સમાનતા દેખાય, પરંતુ સુખદુઃખના ચઢ–ઉતાર વખતે વિવેકી માનવ જ સ્થૈર્ય અને ધૈર્ય ટકાવી શકશે. વિવેક દેખીતા સુખોની પાછળ રહેલા દુઃખોને એવી રીતે દેખાડયા કરે છે કે જેથી પ્રત્યક્ષ દેખાતા વિષય સુખોમાં આત્મા લોભાતો નથી અને એ વિવેક જ દુઃખોની પાછળ કારણભૂત પોતાની જ ભૂલોનું એવી રીતે દર્શન કરાવે છે કે જેથી દુઃખમાં ગભરાટ રહેતો નથી. જુની ભૂલોનું પરિમાર્જન

થાય છે અને નવી ભૂલોનું સર્જન અટકે છે. વિવેક જન્મે છે સદ્‌વિચારમાંથી. સદ્‌વિચાર પ્રાપ્ત થાય છે સત્સંગ અને શાસ્ત્રશ્રવણથી.

ભ્રમ :

ભૌતિકજીવનનો આનંદ ક્ષણજીવી છે. આધ્યાત્મિક સંસ્કૃતિના વારસામાં મળેલ સાત્વિક જીવનનો આનંદ ચિરંજીવ છે. છતાં આર્યદેશમાં આધ્યાત્મિક સંસ્કૃતિના વારસામાં મળેલું સાદું અને સાત્વિક જીવન જીવનારાઓને વિલાસી જીવન જીવતી પશ્ચિમની ગોરી પ્રજા સુધરેલી અને આગળ વધેલી લાગે છે. મોજશોખ–ભોગવિલાસથી ખદબદતું જીવન પશ્ચિમની પ્રજાને કેટલું કંટાળાભર્યું બન્યું છે એ લક્ષમાં લઇ વારસામાં મળેલી આધ્યાત્મિક સંસ્કૃતિથી ગૌરવ અનુભવવાને બદલે આજે આર્યપ્રજાને એ પશ્ચિમના સત્વહીન જીવનનો અભખરો જાગ્યો છે. આપણે તો ઈચ્છીએ કે વારસામાં મળેલા સાત્વિક જીવનને અવગણી ભૌતિકજીવનનાં ભપકામાં અંજાઈ જનારા પામરોની દશા ધોબીનાં કુતરા જેવી ન બનો.

તમારે જીવનમાં સુખ શાંતિ અને સમાધિ જોઈતી હોય તો જીવન જીવતાં કોઈપણ ભૂલ ન થાય એની સતત કાળજી રાખો અને યશની આશા છોડો. કદાચ અપયશ મળશે એમ સમજી રાખો તો શાંતિનો સાગર સદાય તમારા ચરણોને પખાળતો રહેશે.

## મનન મધુ :

### આપણા બે આંતરચક્ષુઓ :

આપણને બે આંખો છે એને ચર્મચક્ષુ કહેવાય. એનાથી બાહ્ય–જડ પદાર્થો આપણે જોઈ શકીયે છીએ.

આપણને બીજા બે આંતરચક્ષુઓ પણ છે. એક છે સંવેગચક્ષુ અને બીજું છે વિરાગચક્ષુ. એને જ્ઞાનચક્ષુ અથવા દિવ્યચક્ષુ પણ કહેવાય છે.

સંવેગ એટલે સંસારના દેવ, મનુષ્યગતિના ઉંચામાં ઉંચા ભોગ–સુખો પ્રત્યે અણગમો, અરુચિ અને માત્ર મુક્તિના–આત્માના અખંડ–આનંદ–અવ્યાબાધ સુખની લગની.

વિરાગ એટલે દુઃખથી અને પાપથી ભરેલા સંસાર પ્રત્યે ઉદ્વેગ. ઉદાસીનભાવ. નિર્મમ ભાવ. સંસારના સુખમાં પણ દુઃખની પરંપરાનું દર્શન. સંવેગ અને વિરાગની આ આંખો જેટલી સતેજ તેટલો મોક્ષમાર્ગ સ્પષ્ટ દેખાય. આપણા અનંતકાળથી બીડાઈ ગયેલા, છારી વળી ગયેલા, ઝાંખા પડી ગયેલા આંતરચક્ષુઓને ખોલવા, સતેજ બનાવવા માટે અકસીર અંજન વાચકપુંગવ ભગવાન ઉમાસ્વાતિજી મહારાજ બતાવે છે કેઃ–

જગત્કાયસ્વભાવૌ સંવેગવૈરાગ્યાર્થમ્ ।

જગતનું અને કાયાનું સ્વરૂપ વિવેકી આત્માઓને સંવેગ અને વૈરાગ્ય વધાનારૂં છે.

સંવેગનું નેત્ર સતેજ બનાવવા જગતને સાચા રૂપે

ઓળખી લો. વિરાગ નેત્રને સતેજ બનાવવા કાયાને બરાબર ઓળખી લો.

જગત એટલે સંસાર. સંસારનું ભીતર જેમ જેમ ઓળખાય તેમ તેમ એનો મોહ છૂટે અને મોક્ષનો અભિલાષ પ્રગટે, મુક્તિનો રાગ ઝળકે. સંસાર એટલે બહારથી આકર્ષક પણ અંદરથી કાતિલ એવું ઝેર. આત્માના પ્રાણને ગુંગળાવી નાખનારૂં પોઈઝન (Poison) સંસાર એટલે કષ્ટ અને દુઃખની બાકી, દુર્ગુણનો સરવાળો, સદ્‌ગુણનો ભાગાકાર, સુખનું મીંડું અને સ્વાર્થના, વિષય–કષાયના નાણાંની લેવડ દેવડનો બજાર.

જેમ જેમ કાયા ઓળખાય તેમ તેમ કાયાની માયા ઘટે. કાયા એટલે રોગનું ઘર. કાચનું વાસણ, નદી કાંઠે માટીનો મઠ, વારંવાર પવિત્ર પાણીથી અને ચંદનાદિ સુગન્ધી દ્રવ્યથી પવિત્ર રાખવા છતાં મેલ અને દુર્ગંધનેજ બહાર કાઢનારી ગટર. કાયા એટલે દગાખોર દુર્જન. લાખો ઉપકાર કરવા છતાં અપકારથી બદલો વાળવા ટેવાયેલી જાત. આવી કાયા ઉપર જીવને સૌથી વધારે વહાલ છે. આ વહાલી કાયાનો રાગ છૂટે તો બીજા પદાર્થોનો રાગ ક્યાં જીવતો રહી શકે ?

મોક્ષનો રાગ પ્રગટયા પછી અને કાયાની માયા છૂટયા પછી જ ધર્મ આરાધનાનો ઉમંગ ઉછળે ! જિનભક્તિનો અનેરો રંગ જામે ! ગુરુપર્યુપાસનાનો રસ છલકે ! તત્વચિંતનમાં મન ચોંટે !

મહાસતી સીતાજીએ જગતને ઓળખ્યું. સનતકુમાર ચક્રવર્તીએ કાયાની દગાખોરી જોઇ લીધી. સંવેગ અને વિરાગની આંખોમાં મહાતેજ ચમકયાં ત્યારે જાણો છો ને કે એ પુણ્યાત્માઓએ રત્નત્રયીની આરાધનાનો કેવો મહાયજ્ઞ માંડયો ?

આપણે જીવન જીવવાનું છે આંતરચક્ષુઓ ખોલીને ! ખુલ્લી રાખીને !! સતેજ બનાવીને !!! એ દિવ્યચક્ષુઓથી જગત અને કાયાની કુટીલતાને જોતા રહીને !!!!

**આપણી ત્રણ અમૂલ્ય ચીજો :**

૧. સમ્યગ્દર્શન ૨. સમ્યગ્દર્શનથી શુદ્ધ જ્ઞાન અને ૩. ચારિત્ર. પ્રાણીમાત્રને જન્મ એ દુઃખનું કારણ છે છતાં આ માનવજન્મમાં મેળવવા લાયક ત્રણ અમૂલ્ય ચીજો મેળવી લેવાય તો જન્મ સુલબ્ધ-સાર્થક-સફળ ગણાય. આ ત્રણ ચીજોમાં જન્મનું, કર્મનું, દુઃખનું, બીજ બાળી નાખવાનું સામર્થ્ય છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર-આ ત્રણે ભેગા મળે તો જ મોક્ષનું સાધન બને. રોગ દૂર કરવા અને આરોગ્ય મેળવવા રોગીને ઔષધ પ્રત્યે શ્રદ્ધા જોઈએ, ઔષધનું જ્ઞાન જોઇએ તેમ ઔષધ ખાવાની અને પથ્યસેવનની ક્રિયા પણ કરવી જ પડે.

એકલું સમ્યગ્દર્શન દેવગતિ જરૂર આપે.

એકલું જ્ઞાન પદાર્થનો બોધ કરાવે.

એકલી ક્રિયાથી શુભ કે અશુભ કર્મનો બંધ અથવા

નિર્જરા થાય પણ મોક્ષનું સાધન તો જ બને કે જ્યારે સમ્યગ્દર્શનાદિ ત્રણે ભેગા થાય.

જો કે જગતના પ્રત્યેક કાર્ય પાછળ ત્રણે વસ્તુઓ કારણ રૂપ છે. **દર્શન, જ્ઞાન, ચારિત્ર–ક્રિયા,** આ ત્રણે હોય ત્યારે જ કોઈ પણ કાર્યસિદ્ધ થાય છે. ચાહે કુંભાર ઘડો બનાવે ! ચાહે વણકર કપડું વણે ! ચાહે કોઈ વૈજ્ઞાનિક કોઈ નવું શોધન–સર્જન કરે. આપણે એ દર્શન, જ્ઞાન, ચારિત્રની વાત નથી કરવી પણ દુઃખના કારણરૂપ **જન્મના બીજને** બાળવામાં ઉપયોગી **સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની** વાત કહેવી છે.

પદાર્થનું સમ્યગ્દર્શન બાહ્યચક્ષુથી થાય તેમ આંતરચક્ષુથી પણ થઇ શકે. આંતરચક્ષુ–શાસ્ત્રચક્ષુથી થતું સમ્યગ્દર્શન શ્રદ્ધારૂપ હશે. જીવનનાં પ્રત્યેક પ્રસંગની, જગતના પ્રત્યેક–પદાર્થની.તત્ત્વની બન્ને સાઈડ બરાબર જુઓ. જેમ એ પદાર્થને બહારથી જુઓ છો. તેમ એની ભીતરમાં પણ જુઓ. એ પદાર્થની પરંપરા જુઓ. ત્રણે કાળની સ્થિતિ જુઓ. માત્ર પદાર્થના બાહ્ય રૂપ–રંગને, ચળકાટને જોશો કે એની વર્તમાન અવસ્થાને જ જોશો તો તમારૂં દર્શન ખોટું ઠરશે. ત્રાજવાના કાંટાની જેમ સમતોલપણે, તટસ્થભાવે એના ગુણદોષ જુઓ. એકે એક પદાર્થને જોવાના અનેક દૃષ્ટિબિંદુ છે. આ લોકની દૃષ્ટિએ જુઓ. આત્માના હિતાહિતની દૃષ્ટિએ જુઓ અથવા એનાથી થનારા લાભ અને નુકશાનની દૃષ્ટિએ જુઓ. વિશ્વનું સાચું દર્શન

કરો ! તમારી જોવાની રીત સાચી હશે તો જ્ઞાન-પદાર્થનો નિર્ણય પણ સાચો થશે અને ત્યારબાદ ક્રિયા-ચારિત્ર પણ સાચું આચરી શકશો.

વીતરાગની પ્રતિમાને સાક્ષાત્ જિનેશ્વરભગવાન તરીકે જુઓ. જેમ ઝવેરી રોજ વહેલી સવારે હીરા-માણેક મોતીની પોટલી ખોલી એના નજીકથી દર્શન કરે છે, ધારી ધારીને જુએ છે, એકાગ્રતાથી એનું ધ્યાન કરે છે. ઝવેરી દિવસો સુધી આમ કરે છે ત્યારે હીરા માણેક, મોતી કેવા પાણીદાર છે એનું માપ નીકળે છે અને એ ઝવેરાતનું મૂલ્ય નક્કી કરી શકાય છે. તેમ ભગવાન જિનેશ્વરદેવની વીતરાગમુદ્રાનું દર્શન રોજ સવારે દેરાસરમાં પ્રભુ પ્રતિમાની નજીક (ગર્ભદ્વાર પાસે) જઈને કરો. એ મૂર્તિના આલંબને ભગવાનના અનંતગુણો, ઉપકારો અને અદ્ભુત સાધનામય જીવનને યાદ કરો. એમાંથી તમારા જીવનમાં ધર્મપુરુષાર્થની પ્રેરણા અને આત્મ-પવિત્રતા મેળવો.

જિનાગમને અરિસા સમાન જુઓ. તમારા પર્વત જેવડા ગુણોને રાઈ જેવા જુઓ અને બીજાઓના નાના નાના ગુણોને પર્વત જેવા મોટા કરીને જુઓ. બીજાના ગુણો અને તમારા દોષો જોવા માટે દૂરબીન જેવા બનો. દૂરબીનમાં વસ્તુ હોય એના કરતા મોટી અને સ્પષ્ટ દેખાય છે. તમારી આંતરચક્ષુની પુતળીઓને હાથીની પુતળી જેવી બનાવો. માણસને હાથી તો મોટો દેખાય, પણ હાથીને માણસ મોટો દેખાય છે કારણ કે એની આંખની પુતળીઓ ઉંધી ગોઠ-

વાયેલી છે તેથી નાનો માણસ મોટો દેખાય છે, તેમ આપણે બીજાનો નાનો ગુણ મોટો દેખી શકીયે અને આપણો નાનો દોષ બરાબર મોટો જોઈ શકીએ. **કાયાને** વિનાશી, અશુચિમય, રોગોનું સ્થાન, ભાડાનું ઘર અને કાચના કુંભ સમાન જુઓ. **અર્થને** અનર્થ મૂળ જુઓ. પારકા-**ધનને** માટી સમાન ગણો. **કુટુંબને** પંખીનો મેળો સમજો. **પરસ્ત્રીને** માતા, બેન કે પુત્રી તરીકે જુઓ. **સર્વજીવોને** મારા આત્મા જેવા ગણો. તમારા મિત્ર તરીકે જુઓ. **કર્મ, કામ, ક્રોધ, માન, લોભ, મદ, હર્ષનેજ** શત્ર રૂપે નિહાળો. **સંસારના સુખને** સોજાની લાલી જેવું નકલી માનો. **સંસારના દુઃખને** આપણીજ ભૂલની સજા માનો. આત્મસુવર્ણને શુદ્ધ કરનાર અગ્નિનો તાપ માનો. સંસારને પ્રતિપળ પરિવર્તનશીલ જુઓ.

ડુંગર દૂરથી રળિયામણા લાગે. નજીક જતાં બિહામણા લાગે તેમ ભોગના પાત્રો-સાધનો અને સુખો દૂરથી રળિયામણા છે પણ જેમ એની નિકટમાં જશો તેમ બિહામણા છે એનો ખ્યાલ કરો !

---


## પુણ્યપાપના પડછાયા કિં. રૂ. ૧-૦૦

(૧) પુણ્યપાપના પડછાયા (૨) પ્રારબ્ધ અને પુરૂષાર્થ (૩) સાત શિખામણ (૪) ચકોરને ટકોર સાનમાં અને (૫) નાંણે નાથાભાઈ આ પાંચ વાર્તાઓમાં ધાર્મિકતા, નૈતિકતા, પુણ્યપાપની ગજબ લીલા, પ્રેમની પોકળતા વગેરે બાબતોનો રસ પ્રવાહ અખંડ પણે વહી રહ્યો છે આ પુસ્તકમાં.

## શુભ-અશુભ કર્મનાં ફળ :

(૧) અજ્ઞાન, અલ્પજ્ઞાન, અને બુદ્ધિની જડતા શાથી થાય ? જ્ઞાનાવરણુકર્મના ઉદયથી, જ્ઞાનની આશાતના કરવાથી.

(૨) બહેરો અથવા શ્રોત્રેંદ્રિયની હીનતાવાળો શાથી થાય ? અચક્ષુદર્શનાવરણુ, જ્ઞાનાવરણુના ઉદયથી અને તદુ-પાંગ નામકર્મના અનુદયથી. તેમજ વિકથા સાંભળી ખુશ થાય. સત્યને અસત્ય અને અસત્યને સત્ય ઠરાવે. બહેરા માણુસની હાંસી કરે, ખીજવે, દીન માણુસોના કરૂણ શબ્દો તથા આજીજી પર ધ્યાન ન આપે, સદ્બોધ તથા શાસ્ત્ર શ્રવણુ ન કરે, આવા કર્મો કરવાથી બહેરાપણું આવે, કાનનો રોગ થાય અને ચૌરિન્દ્રિયપણું પામે.

(૩) શ્રોત્રેન્દ્રિયની મજબૂતી શાથી થાય ? અચક્ષુદર્શના-વરણુ અને જ્ઞાનાવરણુના ક્ષયોપશમથી તથા તદુપાંગ નામ-કર્મના ઉદયથી. વળી શાસ્ત્ર અને સુકથા સાંભળે, યથા યોગ્ય શ્રદ્ધાથી શાસ્ત્રવચન પરિણુમાવે, બહેરાઓની દયા ખાય, તેમને યથાશક્તિ મદદ કરે, ગરીબોની અરજ ધ્યાનમાં લઈ મીઠી વાણીથી સંતોષે, ગુણીજનોના ગુણુ સાંભળી હર્ષ પામે અને કોઇની નિંદા સાંભળે નહિ તો શ્રોત્રેંદ્રિય (કાન) નું આરોગ્ય, સુન્દરતા અને તીવ્રતા પામે તથા પંચેન્દ્રિયપણું મેળવે (કાન મળે તો જ પંચેન્દ્રિય થવાય છે)

(૪) ચક્ષુ ઈન્દ્રિય (આંખ) ની હીનતા શાથી થાય ? અચક્ષુદર્શનાવરણુ અને જ્ઞાનાવરણુના ઉદયથી તેમજ તદુપાંગ

નામકર્મના અનુદયથી. સ્ત્રી પુરુષોનાં સુંદર રૂપ જોઈ વિષય સેવવાની ઈચ્છા કરે. રૂપહીનને જોઈ તિરસ્કાર કરી નિંદા કરે, આંધળાઓની હાંસી કરે તથા ખીજવે, મનુષ્ય અને પશુઓની આંખોને ઇજા કરે અગર ફોડે, પાખંડી રચિત શાસ્ત્રો, પુસ્તકો કે પત્રો વાંચે, નાટક વગેરે જુએ, નેત્રના વિષયમાં–રૂપમાં આસક્તિ રાખે, ક્રૂર દ્રષ્ટિથી જુએ, આંખના ખોટા ચાળા કરે તો આંધળો, કાણો, ટુંકી નજર વાળો, ચુંચળો વગેરે વગેરે આંખના રોળવાળો થાય અને તેઇન્દ્રિયપણું પામે.

(૫) ચક્ષુઇન્દ્રિય (આંખ) ની પ્રબળતા શાથી થાય? અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા તેના ઉપાંગ નામકર્મના ઊદયથી. પૂજનીય સાધુ સાધ્વીઓના દર્શન કરી હર્ષ પામે, ધર્મ પર પ્રીતિ રાખે, વિષય વિકાર ઉપજે એવાં રૂપ દેખી તુરત નજર ફેરવી દે, આંખના રોગીઓની દયા ખાય, સત્શાસ્ત્ર, પુસ્તક અને પત્રોનું પઠન કરે, વિષય ભોગથી આંખને બચાવે તો તેજસ્વી, મનોહર અને લાંબી નજરવાળી આંખો પામે. (આંખ મળે ત્યારેજ ચૌરિન્દ્રિય થવાય છે)

(૬) ઘ્રાણેન્દ્રિય (નાક) ની હીનતા (નાક ન મળે) શા કારણથી થાય છે? અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ઉદયથી તથા તદુપાંગનામકર્મના અનુદયથી. સુગંધી પદાર્થો પર પ્રીતિ હોય, અત્તર, ફૂલ વગેરેનું સેવન કરે, દુર્ગંધ તરફ દ્વેષ હોય, નાક વગરનાની (નકટા કે ગુંગાની)

હાંસી કરે અને તેમ દુઃખી કરે, મનુષ્ય, પશુ અને પક્ષી ઓનાં નાકનું છેદન ભેદન કરે કે કરાવે. તે મુંગો અગર નકટો થાય. બેઈન્દ્રિયપણું પામે.

(૭) ઘ્રાણેન્દ્રિયનું નિરોગીપણું શાથી પામે? અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા તદુપાંગ નામકર્મના ઉદયથી. પરમાત્મા, સાધુ, સાધ્વી, મનુષ્યો અને ગુણીજનની સાથે વિનય રાખે, નમસ્કાર કરે, સુંધી પદાર્થોમાં આસક્ત ન બને, નાક વગરના માણસોને મદદ કરે તો રૂપાળું, રોગ રહિત નાક પામે. (નાક મળે તો જ તેઈન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે.)

(૮) જીહ્વા ઈન્દ્રિયની (ખોડ અથવા જીભ ન મળે શાથી પામે? અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ઉદયથી. દારૂ, માંસ, કંદમૂળ વગેરે અભક્ષ્ય પદાર્થ ખાય, છ જાતના રસવાળા પદાર્થ ઉપર અત્યંત લોલુપતા રાખે, જીભના સ્વાદની ખાતર, વનસ્પતિનો મહાઆરંભ કરે, ખોટો–શાસ્ત્રવિરૂદ્ધ ઉપદેશ આપે તેમજ પાખંડ વધારે, મર્મવાળું જુઠું વચન બોલે, કઠોર અને તીખાં વચન બોલે, જૂઠું બોલે, મુંગાં અને તોતડાની હાંસી કરી ખીજવે, સાધુ સાધ્વી વગેરે ગુણીજનની નિંદા કરે, બીજાની જીભને છેદે, ભેદે અને બીજાના શ્વાસોશ્વાસ રૂંધે તો જીભની ખોડ આવે. તોતડો થાય; મુંગો થાય; એનું બોલ્યુ કોઈને ગમે નહિ, મોઢામાંથી દુર્ગંધ નીકળે અને એકેન્દ્રિયપણું પામે.

(૯) રસનેન્દ્રિયનું આરોગ્ય શાથી મેળવે? અચક્ષુદર્શ-

નાવરણુ અને જ્ઞાનાવરણુકર્મના ક્ષયોપશમથી તથા તદુપાંગ નામકર્મના ઉદયથી. અભક્ષ્ય પદાર્થનો ત્યાગ કરે, સ્વાદિષ્ટ વિવિધ રસોમાં આસક્ત ન બને. સદ્બોધ આપી ધર્મનો ફેલાવો કરે, ગુણુકારી અને સર્વને સુખ દેનારી વાણી બોલે, રસના–જીભ વગરનાને સહાયતા કરે તો રસના (રસનેન્દ્રિય) નિરોગી, મધુર અને લાવણ્યમયી થાય. (જીભ મળે તોજ બેઈન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે.)

(૧૦) હાથની ખામી શાથી થાય? તદુપાંગ નામ-કર્મના અનુદયથી તેમજ બીજાના હાથ છેદે, ખોટાં તોલાં ખોટાં માપ વાપરે, ખોટા લેખ લખે. ખોટાં શાસ્ત્રે બનાવે, ચોરી કરૂ, હુંઠા કે હાથવગરનાની હાંસી કરે, બીજાના હાથને દુઃખ દે; ભેદે, મરડે, મચડે, પક્ષીઓની પાંખ કાપે, તો હાથ વગરનો થાય, હાથની ખામીવાળો થાય.

(૧૧) હાથ મજબૂત અને નિરોગી કયારે થાય? બાહુઅંગ નામકર્મના ઉદયથી તેમજ દાન દે. ખોટી લેણુ દેણુ ન કરે, ખોટા લેખ ન લખે, પવિત્ર ધર્મની વૃદ્ધિ થાય તેવા લેખ લખે, માલિકે નહિ આપેલી વસ્તુઓ હાથમાં લે નહિ, હાથ ન હોય તેને મદદ કરે તો રોગ રહિત અને બળવાન હાથ પામે.

(૧૨) પગની ખામીવાળો શાથી થાય? પાદ અંગ નામકર્મના અનુદયથી. રસ્તો છોડીને ચાલે, હિંસા વિગેરે લે, ધર્મના કાર્યોમાં પીછેહઠ કરે, કાચી માટી, કાચું આપના કામમાં આગેવાની પાણી, લીલોતરી, કીડીઓનાં

દર વિગેરેને પગથી દાબે, નાના મોટા જીવોના પગ તોડે, લૂલાં લંગડાની મશ્કરી કરે, ચોરી છિનાલી વગેરે કુકર્મોમાં પ્રવર્તે તો લૂલો પાંગળો થાય.

(૧૩) પગ મજબૂત શાથી થાય ? પાદઅંગ નામ-કર્મના ઉદયથી. ખોટા રસ્તે જાય નહિ, બીજા જતા હોય તેમને બચાવે, સચિત્ર પદાર્થ ઉપર પગ દે નહિ, લૂલાં લંગડાને સહાય કરે તો રોગ રહિત અને બળવાન પગ પામે.

(૧૪) નિર્ધન–દરિદ્રી શાથી થાય ? લાભાંતરાયના ઉદયથી તથા ઐશ્વર્ય અને ઊચ્ચગોત્રના અનુદયથી. ચોરી દગો અને ઠગાઈથી ધન કમાય, પૈસાદાર પર ખાર રાખે, પૈસાદારને નિર્ધન કરવા ઈચ્છે, મહેનત કરીને લોકો જે કંઈ કમાયા હોય તે લૂંટી લે અને ઘર, અન્ન, વસ્ત્રથી તેમને દુઃખી કરે, ગરીબોને કઠોર વચનો કહે, ખોટાં આળ ચડાવે અને ફસાવે, ગરીબોની આજીવિકાનો ભંગ કરે, સાધુ હોવા છતાં પૈસા રાખે, બીજાની કમાણીમાં પથરાં નાંખે, થાપણ પચાવી પાડે, આ બધાં પાપોથી નિર્ધનપણું મળે છે. બીજાનું ધન અગ્નિમાં બાળે, પાણીમાં ડૂબાડે એમ જે જે રીતે બીજાના દ્રવ્યનો નાશ કરે તે તે રીતે તેનાં દ્રવ્યનો નાશ થાય છે.

(૧૫) પૈસાદાર શાથી થવાય છે ? લાભાન્તરાય કર્મના ક્ષયોપશમથી તથા ઐશ્વર્ય–ઊચ્ચગોત્રના ઉદયથી. ગરીબોની દયા રાખે, તેમને મદદ કરે. બીજાને પૈસાદાર થતો જોઈ હર્ષ પામે. મળેલાં નાણાં પર મમત્વભાવ ઓછો કરી તેમાંથી

દાન પુણ્ય, ધર્મનો ઉદ્યોત, દીનઅનાથને મદદ વગેરે સારાં કામોમાં ધન ખર્ચે તેથી પૈસાદાર થવાય છે.

(૧૬) વાંઝીઓ શાથી થાય છે? અંતરાય કર્મના ઉદયથી. પશુ પંખી અને મનુષ્ય વગેરેનાં અનાથ બચ્ચાંને, જૂ લીખને મારે, ઈંડાં ફોડે, પુત્રવંત ગૃહસ્થોને દેખી દ્વેષ કરે, ગાય ભેંસ વગેરેનાં બચ્ચાને દૂધ પીતાં ખેંચી લે, અગર વેચી નાખો વિયોગ પડાવે, બીયારણુના ગર્ભ (મીંજ) કઢાવે, આ બધાં પાપોથી વાંઝીયાપણું પામે.

(૧૭) પુત્રવંત શાથી થાય? અંતરાયકર્મના ક્ષયોપશમથી. પશુ, પક્ષી, મનુષ્ય વગેરેનાં અનાથ બચ્ચાનું રક્ષણ, પાલણ કરે, અને જિંદગી સુધી તે બાળકો પોતાનો નિર્વાહ કરી શકે તેવાં બનાવે, તો બહુ પુત્રવાન થાય.

(૧૮) કુપુત્રવંત (ખરાબ દીકરાના પરિવાર વાળો) શાથી થાય?

બીજાના દીકરાઓને આડું અવળું સમજાવી મા બાપનો અવિનય કરાવે, પિતા પુત્રના ઝઘડા જોઈ ખુશી થાય, મા બાપ અને છોકરામાં કુસંપ કરાવે પોતાના માત પિતાને દુઃખ આપે, ઋણ (દેવું) અને થાપણ દબાવે તો પુત્રો કુપુત્ર થાય.

(૧૯) સુપુત્રો શાથી થાય?

પોતે માત પિતાની ભક્તિ કરવાનો બોધ કરે, પુત્રોને ધર્મ માર્ગમાં જોડે, સુપુત્રોને જોઈ હરખાય તો સુપુત્રવાળો થાય.

(૨૦) કુભારજા શાથી મળે?

પતિ પત્નીમાં કલેશ કરાવે, વર વહુને કજીયા કરતા

જોઈ હર્ષ પામે, સ્ત્રીઓને ભોળવે, તેને વ્યભિચારિણી બનાવે, સતી સ્ત્રીઓની નિંદા કરે, તેના પર કલંક ચડાવે અને બીજાની સારી સ્ત્રી દેખી દુઃખી થાય તો કુભારજા મળે.

(૨૧) સુભાર્યા ( સતી સ્ત્રી ) શાથી મળે ?

પોતે શીયળ પાળે, વ્યભિચારિણી સ્ત્રીઓના સમાગમમાં ન રહે અને વ્રત ભાંગે નહિ, કુલટા સ્ત્રીઓને સુધારે, સતી સ્ત્રીઓનાં વખાણ કરે, તેમને મદદ કરે, અને વર વહુના વિરોધ મટાડે તો સતી સ્ત્રી મળે.

(૨૨) માનભંગ ( માનહીન ) શાથી થાય ?

અપયશ નામકર્મ અને અનાદેય નામકર્મના ઉદયથી. બીજાનાં માનનું ખંડન કરે, માતા, પિતા, ગુરુ, વૃદ્ધ વગેરેનો વિનય ન કરે, ગરીબ અને બુદ્ધિહીનનો તિરસ્કાર કરે, પોતાના શત્રુનું અપમાન સાંભળી ખુશી થાય, પોતાના મોઢે પોતાનાં વખાણ કરે, પોતાના ગુણની બડાઈ કરે, ગુણવાનનો દ્વેષ કરે, ગુણી જનને બીજાઓ નમતા હોય તો તેને અટકાવે, અને સ્વચ્છંદપણે વર્તે તેથી માન હીન થાય.

(૨૩) માનવંત શાથી થાય ?

આદેય અને યશનામકર્મના ઉદયથી. શ્રી તીર્થંકરદેવ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સમ્યક્દ્રષ્ટિ, જ્ઞાની, ગુણી, ધર્મમાં દીપક સમાન તેમના ગુણ દીપાવે, તેમનો વિનય ભક્તિ કરે, તેમની કીર્તિ સાંભળી રાજી થાય, તેને પોતે વંદના કરે ને બીજા પાસે કરાવે, પોતે ગુણીજન છતાં ગુણો છૂપાવે, હંમેશાં પોતે નમ્ર રહે, તે સન્માન પામે.

(૨૪) રોગી શાથી થાય ?

અશાતાવેદનીય અને અંતરાયકર્મના ઉદયથી. તેમજ રોગીઓને સંતાપે, તેની નિંદા અને હાંસી કરે, ઔષધ દેવામાં અંતરાય નાખે, રોગ વધારી અશાતા ઉપજાવવાનો ઉપાય કરે, અને સાધુમહારાજનાં મલીન વસ્ત્ર દેખી દુગંછા (છિટ છિટ) કરે તો રોગીષ્ટ થાય.

(૨૫) નિરોગી કાયા શાથી મળે?

શાતાવેદનીયકર્મના ઉદયથી તથા અંતરાયકર્મના ક્ષયોપશમથી. ગરીબને, દુઃખી માણસોને રોગી દેખી તેની દયા આણે તથા સુખ ઉપજાવે, સાધુ અને સાધ્વીઓને ઔષધનું દાન દે તો તે નિરોગી થાય.

(૨૬) બળહીન શાથી થાય?

વીર્યાંતરાયના ઉદયથી. ગરીબોને દુઃખ આપે, તેમની સાથે ઝઘડા કરે, તેમને મારે બાંધે અને પોતાના બળનો ગર્વ કરે તો તે નબળો થાય.

(૨૭) બળવાન શાથી થાય?

વીર્યાંતરાયના ક્ષયોપશમથી. ગરીબ અને અનાથ જીવો પર દયા રાખી તેમને શાન્તિ ઉપજાવે, સંકટમાં સહાય કરે અને અન્નવસ્ત્ર વગેરે આનંદથી આપે, તો બળવાન થાય છે.

(૨૮) કાયર શાથી થાય છે?

ભયમોહનીયકર્મના ઉદયથી. બીજા જીવોને ભય ઉપજાવે, ધ્રાસ્કો પાડે, આબરૂ લૂંટે, રાજા, પંચ, ચોર, સૂર્ય, ઝેર, અગ્નિ, પાણી, દેવ, ભૂત, વગેરે ભયંકર વસ્તુઓનું નામ લઈ બીજાને બીવરાવે, પશુઓને ત્રાસદાયક બનાવીને

અથવા ચમકાવીને રાજી થાય તેથી કાયરપણું પામે છે.

(૨૯) શૂરવીર શાથી થાય ?

ભયમોહનીયના અનુદયથી અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી. દીન, દુઃખી, અને અપરાધીને અભયદાન દઈને ભયથી બચાવે અને ઉપદ્રવ મટાડે તો શૂરવીર થાય.

(૩૦) મૂર્ખ શાથી થાય છે ?

જ્ઞાનાવરણના ઉદયથી. વિદ્વાનો અને પંડિતોની હાંસી, નિંદા, અવિનય, આશાતના કરે, જ્ઞાનના ફેલાવામાં અંતરાય નાંખે, જ્ઞાનનાં પુસ્તક અને સાધનોનો નાશ કરે, જ્ઞાનનો તિરસ્કાર કરે, જ્ઞાનની ચોરી કરે, સાચાં શાસ્ત્રોને જૂઠાં બનાવે, જૂઠાંને સાચાં બનાવે, તો મૂર્ખ થાય છે.

(૩૧) પંડિત શાથી થાય ?

જ્ઞાનાવરણના ક્ષયોપશમથી. વિદ્યા દાન આપે, વિદ્યાના ફેલાવામાં તન ધન ખર્ચે, વિદ્વાનોનો મહિમા વધારે અને ધર્મનાં પુસ્તકો તથા સાધનો મફત ફેલાવે તો તે પંડિત થાય.

(૩૨) કુરૂપવાન શાથી થાય ?

અપ્રશસ્ત નામકર્મના ઉદયથી. પોતે રૂપવાળો હોઈને અભિમાન કરે, બીજા સ્વરૂપવાન હોય તેની નિંદા કરે, કદરૂપાની હાંસી કરે, અપમાન કરે અને આળ ચડાવે, વળી બહુ શણગાર સજે તો તે કુરૂપવાન થાય.

(૩૩) સ્વરૂપવાન શાથી થાય છે ?

પ્રશસ્ત નામકર્મના ઉદયથી. પોતાની સુંદરતાનો ગર્વ ન કરે, સુંદર સ્ત્રીઓ વગેરેને વિકાર દ્રષ્ટિથી ન જુએ,

કદરૂપાનો તિરસ્કાર ન કરે, અને શિયળ પાળે તો સ્વરૂપવાન થાય છે.

(૩૪) ધનવાન છતાં ધનનો ઉપભોગ શાથી ન કરી શકે?

ભોગાંતરાય, ઉપભોગાન્તરાયના ઉદયથી. બીજાઓને ખાવા, પીવા, વસ્ત્ર અને આભૂષણનો અંતરાય આપે, પોતે સમર્થ થઈને ભોગ ભોગવે અને આશ્રયે રહેલાને ભોગવવા ન દે, બીજાને ભોગ અને ઉપભોગ ભોગવતા જોઇ બળ્યા કરે, તો ધન મળવા છતાં ભોગવી શકે નહિ.

(૩૫) સુખ વિલાસી શાથી થાય ?

ભોગાન્તરાય, ઉપભોગાંતરાયના ક્ષયોપશમથી. પોતાને મળેલા ભોગ ઉપભોગ ભોગવે નહિ, પોતાને ભોગવવાની વસ્તુઓ દાન પુણ્યમાં તથા સાધર્મીકોને દઈને તેમનું પોષણ કરે, તો ઈચ્છિત ભોગ ભોગવી શકે.

(૩૬) લાંબી આવરદા શાથી પામે ?

દીર્ઘાયુકર્મના ઉદયથી. દ્રવ્ય દઈ કસાઈના હાથમાંથી જીવોને છોડાવે, તે જીવોને ખાન, પાન, સ્થાનની સહાયતા આપે, બંદીવાનને છોડાવે, સંસારના કામ પર ઉદાસીનતા રાખી વર્તે, દયા ભાવ રાખે, ગરીબ અને અનાથને મદદ કરે, સાધુને નિર્દોષ શુદ્ધ આહાર વગેરે આપે તો લાંબી આવરદાવાળો થાય.

(૩૭) ઓછી આવરદાવાળો શાથી થાય ?

અલ્પ આયુષ્યકર્મના ઉદયથી. જીવઘાત કરે, ગર્ભ ગળાવે, આજીવિકાનો નાશ કરે, જૂ, માંકડ વગેરેને મારે,

સાધુને ખરાબ અને દુઃખકારી આહાર વગેરે આપે, શુદ્ધ આહાર લેનાર સાધુને અશુદ્ધ આહારાદિ આપે, અગ્નિ, ઝેર, હથિયાર વગેરેથી જીવોને મારે, તો અલ્પાયુષી થાય.

(૩૮) હંમેશાં ચિન્તાતુર શાથી રહે ?

ભયમોહનીય આદિના ઉદયથી. ઘણા જીવોને ચિંતા ઉપજે એવી વાતો કર્યા કરે તો સદા ચિંતાતુરપણું પામે.

(૩૯) સદા નિશ્ચિંત (ચિંતા રહિત) શાથી રહે ?

ભયમોહનીયના અનુદયથી. બીજાની ચિંતા મટાડે, ધર્માત્મા જીવોને જોઈ ખુશી થાય, દુઃખથી પીડાતા જીવોને સંતોષ ઉપજાવે, તો હંમેશાં નચિંત રહે.

(૪૦) દાસપણું શાથી પામે ?

દાસત્વ આદિ નીચગોત્રના ઉદયથી. નોકરોને બહુ પીડા આપે, તેનાથી બહુ કામ લે, કુટુંબ પરિવાર અને લશ્કરનું અભિમાન રાખે તો તે ઘણા માણસોનો દાસ બને.

(૪૧) માલિક (શેઠ) શાથી બને ?

ઐશ્વર્યાદિ ઉચ્ચ ગોત્રના ઉદયથી. ધર્મી જીવોની અને તપસ્વીઓની વૈયાવચ્ચ કરે, ધર્માત્મા અને દુઃખી માણસોનું પોષણ કરે, બીજાની પાસે ધર્માત્મા જીવોની સેવા ભકિત કરાવે, તેની સેવા કરનારાને જોઈ ખુશી થાય તો તે ઘણા માણસોનો શેઠ બને.

(૪૨) નપુંસક શાથી થાય ?

નપુંસકવેદના ઉદયથી. નપુંસક માણસના નાચ, ગાયન, ઠઠ્ઠા મશ્કરી દેખી ખુશી થાય, પુરુષને બાઈડીનો વેષ પહેરાવી નાચ કરાવે, બળદ, ઘોડા, વગેરે પશુનો

અને માણસના લિંગ છેદન કરે ( ખસી કરે ), નપુંસકની સાથે વિષયનું સેવન કરે, પોતે નપુંસક જેવા ચાળા કરે, સ્ત્રી પુરુષનો મેળાપ કરવાની દલાલી ખાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંન્દ્રિય જીવની હિંસા કરે તો તે નપુંસક થાય.

(૪૩) સ્ત્રી શાથી થાય ?

સ્ત્રીવેદના ઉદયથી. સ્ત્રીસંબંધી વિષયોમાં ઘણો આસક્ત રહે, પુરૂષ છતાં સ્ત્રીનું રૂપ બનાવે, સ્ત્રીઓની જેમ ચાળા કરે, અથવા માયા કપટ કરે તો સ્ત્રી થાય.

(૪૪) નિગોદમાં શાથી જાય ?

સાધારણનામકર્મના ઉદયથી. દેવ, ગુરુ, ધર્મની નિંદા કરે અને કંદમૂળ ખાય તો નિગોદમાં જાય.

(૪૫) એકેંદ્રિય શાથી થાય ?

એકેંદ્રિયનામકર્મના ઉદયથી. પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ, કંદમૂળ, વૃક્ષ, ઘાસ, ફુલ અને પત્રનું છેદન ભેદન કરે તો એકેંદ્રિય થાય.

(૪૬) વિકલેન્દ્રિય શાથી થાય ?

વિકલેન્દ્રિય જાતિ નામકર્મના ઉદયથી.

નિર્દયતાથી ત્રસ જીવોનો ઘાત કરે, અનાજનો ઘણા વખત સુધી સંગ્રહ કરે, ત્રસ જીવ ઉપજે એવી ચીજોનો સંગ્રહ કરી પછી તે જીવોનો ઘાત કરે, મચ્છર, માંકડ, વગેરે જીવોને ટાળવા માટે ધુમાડાં વગેરે કરીને તેને મારે, જેમાં ત્રસ જીવ ઉપજે એવાં બોર વગેરેનું ભક્ષણ કરે, અને ખાળ કુંડી-મોરીમાં પેશાબ કરે તો તે મરીને વિકલેન્દ્રિય જીવ થાય.

(૪૭) આજીવિકા (ગુજરાન) માટે પરદેશ ગમન શા માટે કરવું પડે ?

અંતરાયકર્મના ઉદયથી. ભિખારીઓને બહુ જ તરફડાવીને પછી દાન આપે, નોકરોના પગાર પણ કાલાવાલા કરાવીને આપે, ધર્મ ખાતાનો પૈસો ઘણો વખત ઘરમાં રાખે, ખેપીઆને બહુ રખડાવે તો પરદેશ ભમીને આજીવિકા કરવાનો વખત આવે.

(૪૮) દેશમાં રહી સુખે સુખે ગુજરાન શી રીતે ચાલે?

અંતરાયકર્મના ક્ષયોપશમથી. ધર્માત્મા જીવોને ઘેર બેઠાં આહાર, વસ્ત્ર વગેરે પહોંચાડી મદદ આપે, એમની પાસેથી ધર્મની વૃદ્ધિ કરાવે, પોતે સ્થિરચિત્તે ધર્મધ્યાન કરે એવીરીતે ધર્મ ધ્યાન કરતો હોય તેવા સ્થિર ચિત્ત વાળાનાં વખાણ કરે, તો ઘેર બેઠાં સુખે આજીવિકા મળે.

(૪૯) કપટ કરીને પેટ ભરવું પડે એ શાથી ?

કપટભાવથી ગરીબ માણસોને દાન આપે, મુનિ મહારાજને પ્રેમભક્તિ વગર દાન આપે, ચોર લુચ્ચા વગેરેને પ્રોત્સાહન આપી પોતાની આજીવિકા ચલાવે, એવાઓની પ્રશંસા કરે, પ્રમાણિકપણે ગુજરાન ચલાવનાર ઉપર આળ ચડાવે તો મહામુશીબતે અને કપટ કરી ગુજરાન ચલાવવું પડે.

(૫૦) પ્રમાણિકપણે આજીવિકા કોણ કરે ?

સરળ ભાવથી, વિનય સહિત, ધર્માત્મા જીવને આહાર પાણી વગેરે દે, ગરીબોની રક્ષા કરવા પડે નિર્દોષ આજીવિકા ન મળવાથી ભૂખ તૃષા વગેરે પરિષહ સહન કરવા પડે,છતાં

ખોટા વેપાર ન કરે તો સરળપણે અને સુખે સુખે કમાણી મેળવી શકે.

(૫૧) જાતિસ્મરણજ્ઞાન અને અવધિજ્ઞાન શાથી થાય ?

મતિજ્ઞાનાવરણકર્મના તથા અવધિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી. તપ સંજમ પાળ્યો હોય, જ્ઞાની મહાત્માની સેવા ભક્તિ કરી હોય, જ્ઞાનનો મહિમા અને બહુમાન વધાર્યું હોય, એને જાતિસ્મરણ તથા અવધિજ્ઞાન ઉપજે છે.

(૫૨) વ્રત પચ્ચક્‌ખાણ કેમ ન કરી શકે ?

પ્રત્યાખ્યાનાવરણકર્મના ઉદયથી. બીજાનાં વ્રત ભંગ કરાવે, શુદ્ધ વર્તનારને દોષ લગાડે, બીજાને વ્રત ભાંગતો જોઈ રાજી થાય, વ્રત લઈ પરિણામની ધારામાં સંકલ્પ વિકલ્પ કરે, વારે વારે વ્રત ભાંગે તો વ્રત પચ્ચક્‌ખાણ કરી શકે નહિ.

(૫૩) શીયળવંત શાથી થાય ?

ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી. શિયળ પાળે, શિયળવંતની પ્રશંસા કરે, એને સહાય કરે, વ્યભિચારિઓનો સંગ મૂકી દે, તો શિયળવંત થાય.

(૫૪) શ્રીમંત શાથી થાય ?

ઐશ્વર્ય ઉચ્ચગોત્રના ઉદયથી તથા લાભાંતરાયના ક્ષયોપશમથી. સુપાત્રે શુદ્ધ દાન દેવાથી શ્રીમંત થાય.

(૫૫) માગવા છતાં વસ્તુ મળે નહિ તે કયા કારણથી ?

ધનવાન છતાં દાન દે નહિ અને આશ્રિત જનોને રંકની જેમ આજીજી કરાવે તો.

(૫૬) બાળવિધવા શાથી થાય ?

ઉપભોગાન્તરાય આદિના ઉદયથી. પોતાના પતિને મારી નાંખી વ્યભિચાર સેવવાથી તથા ધણીનું અપમાન કરવાથી.

(૫૭) મરેલા છોકરાં શાથી અવતરે ?

પશુ અને પંખીનાં બચ્ચાં તથા ઈંડા મારવાથી, લીખોને ફોડી નાંખવાથી, ઊગતી વનસ્પતિનાં કુંપળો ચુંટીકાઢવાથી.

(૫૮) પુત્રનો વિયોગ શાથી થાય ?

અંતરાયના ઉદયથી. ગાય, ભેંસનાં બચ્ચાંને દૂધ ન પાય અને પશુ પંખીના બચ્ચાંને મારે તો.

(૫૯) નાનપણુમાં મા બાપ શાથી મરે ?

અંતરાયકર્મના ઉદયથી. શરણે આવેલાનો ઘાત કરે અને માતપિતાનું અપમાન કરે તો.

(૬૦) મુંગો શાથી થાય ?

જ્ઞાનાવરણુ તથા દર્શનાવરણુના ઉદયથી. જુઠી સાક્ષી પૂરે, અને ગુરુને ગાળો દે.

(૬૧) ઉત્તમ જાતિનો મનુષ્ય થઈ ભીખ કેમ માગે ?

અંતરાયના ઉદયથી. માત પિતા અને ગુરુને મારે અને અપમાન કરે તો.

(૬૨) સ્ત્રી મરીને પુરુષ શાથી થાય છે ?

પુરુષ વેદના ઉદયથી. સત્ય, શિયળ, સંતોષ, અને વિનય વિગેરે ગુણો ધારણુ કરવાથી.

(૬૩) દેવ કોણુ થાય ?

દેવાયુ આદિ કર્મોના ઉદયથી. સાધુ, શ્રાવક, તાપસ અને અકામ ( મન વિના ) નિર્જરા કરનાર.

(૬૪) લક્ષ્મી સ્થિર શાથી રહે ?

સાધુ મુનિરાજને દાન દઈને પશ્ચાતાપ ન કરે તો.

(૬૫) તપશ્ચર્યા શાથી ન કરી શકે ?

વીર્યાંતરાયકર્મના ઉદયથી. તપ અને જપ કરવાનું અભિમાન કરે, તથા તપ કરનારને અંતરાય પાડે તો.

---

## પૂ. પં. શ્રી પદ્મ વિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાના માનવંતા મેમ્બરોની નામાવલી.

રૂ. ૫૦૧, શ્રી આદીશ્વર જૈન સંઘ અમદાવાદ–પાલડી.
,, ૩૦૧, શ્વે. મૂ. જૈન સંઘ જ્ઞાનખાતું નડિયાદ.
,, ૨૫૧, શા. માણેકલાલ મોહનલાલ ગિરધરનગર.

### રૂ. ૧૦૧ ભરનાર લાઈફ મેમ્બરો

| | | | |
|---|---|---|---|
| ૧ | શા. | અંબાલાલ અમૃતલાલ | બોરસદ |
| ૨ | ,, | ભાઈલાલ ,, | ,, |
| ૩ | ,, | બાપુલાલ ,, | ,, |
| ૪ | ,, | ચંદ્રવદન સોમચંદભાઈ | ,, |
| ૫ | ,, | અમૃતલાલ બાપુલાલ | ,, |
| ૬ | ,, | મણીલાલ ,, | ,, |
| ૭ | ,, | પોપટલાલ છોટાલાલ | ,, |
| ૮ | ,, | માણેકલાલ કીલાભાઈના કુટુંબીજનો | ,, |
| ૯ | ,, | શ્રી કર્પૂરામૃતસૂરિ જ્ઞાનમંદિર | ,, |
| ૧૦ | ,, | બાપુલાલ મોતીલાલ | નડિયાદ |
| ૧૧ | ,, | રમણુલાલ ડાહ્યાલાલ | ,, |
| ૧૨ | ,, | નટવરલાલ લલ્લુભાઈ | ,, |
| ૧૩ | ,, | અંબાલાલ ખેમચંદ | ,, |
| ૧૪ | ,, | મણીલાલ ભગવાનદાસ હસ્તે કંચનબેન સિહોરવાળા | |

૧૫ ,, કનુભાઇ હીરાલાલ ,,
૧૬ ,, રાજમલ ઉગરચંદ વહોરા થરાદવાળા ,,
૧૭ ,, ચીમનલાલ ભીખાભાઈ આણંદ
૧૮ શ્રી આણંદ જૈન સંઘ ,,
૧૯ ,, દેહરોડ જૈન સંઘ
૨૦ ,, કોસીલાવ જન સંઘ પૂ. જિનપ્રભવિ.મ.ના ઉપદેશથી
૨૧ ,, રાયચંદ જસરાજજી ધાણેરાવ
૨૨ શ્રી ધર્મતીર્થશાંતિ જૈનલાયબ્રેરી ચામુન્ડેરી
૨૩ શા. ટેકચંદ નથમલજી નાણા
૨૪ ,, ચંદુલાલ નાગરદાસ થરાદ
૨૫ શ્રી દશાશ્રીમાળી વીસા શ્રીમાળી જૈનસંઘ માણસા
૨૬ શા. સોમચંદ કુલચંદભાઈ ,,
૨૭ ,, ચીમનલાલ દોલતરામ ,,
૨૮ ,, લીલાચંદ કનૈયાલાલ પુના (ખડકી)
૨૯ ,, શંકરલાલ ખુમાજી ,,
૩૦ ,, નગીનભાઇ ભાઇચંદ સમૌ
૩૧ ,, સાકળચંદ દેવીચંદ બાલી
૩૨ શા. ચંદુલાલ મોહનલાલ મુંબઈ
૩૩ ,, મીશ્રીમલજી શેષમલજી રાણીગામ
૩૪ ,, પુખરાજ હીરાચંદજી રાંકા સાદડી
૩૫ અ.સૌ. ભીખીબેન તારાચંદ બાપુચંદ નિપાણી
૩૬ ,, પુષ્પાબેન પોપટલાલ પ્રેમચંદ કરાડ
૩૭ શ્રી રાજકાવાડ જૈનસંઘ હ. ચંદુલાલ હઠીસિંગ પાટણ
૩૮ ,, સરીયદ જૈનસંઘ હ. ઉત્તમલાલ લહેરચંદ સરીયદ

૩૯ શા. ધારશીભાઈ માણેકચંદ સુરેન્દ્રનગર
૪૦ ,, રતનશી જેઠાભાઇ સાંગલી
૪૧ ,, કસ્તુરચંદ સરુપચંદ પાટણવાળા મુંબઈ
૪૨ શ્રી મસૂર જૈન સંઘ મસૂર
૪૩ શા. રાયચંદ નાનચંદ મુંબઇ
૪૪ ,, બંસીલાલ અંબાલાલ ઝવેરી ખંભાતવાળા ,,
૪૫ ,, તાનુબેન ભીખુલાલ ચેતગામ
૪૬ ,, ભભુતમલ પુનમચંદજી પાડીવ
૪૭ ,, ચીમનલાલ બકોરદાસ ગાંધી સરસપુર–અમદાવાદ
૪૮ ,, પેપટલાલ કેશવલાલ ગાંધી ,, ,,
૪૯ ,, ભોગીલાલ ,, કડોવાળા ,,
૫૦ ,, શાંતિલાલ સોમચંદ ચોકસી (ભાણાભાઇ) ખંભાત
૫૧ ,, પ્રેમચંદ માલાજી પૂ. ભાવ વિ. મ. ની પ્રેરણાથી
૫૨ ,, હિંદુમલ જિતરાજ રાઠોડ કોલ્હાપુર
૫૩ ,, પોપટલાલ છગનલાલ માણુસા
૫૪ ,, મોતીલાલ જીવરાજભાઇ મુંબઈ
૫૫ ,, જીવરાજ નાનચંદ ચા વાળા સુરત
૫૬ એક સદ્‌ગૃહસ્થ. રત્નસુંદર વિ. મ. દેવસુંદર વિ. મ. ની દીક્ષા નિમિત્તે દેપલા
૫૭ અ. સૌ. હેમલતા ચંદ્રકાંતભાઈ માંઢા
૫૮ શા. રતનલાલ નાગરદાસ વક્તા અમદાવાદ
૫૯ નાપાડ શ્વે. મૂ. જૈન સંઘ નાપાડ (આણંદ)

**દસવર્ષીય**

૬૦ શા. ગગલદાસ હાલચંદ થરાદવાળા અમદાવાદ

**પંચવર્ષીય**

૬૧ સૂરજબેન ચુનીલાલ અંબાલાલ પટેલ નડિયાદ

## પદ્મપ્રકાશનને મળેલું નવું દાન

(૧) ૫૦૧, પૂ. મુનિરાજશ્રી **મિત્રાનંદ વિ. મ.**ના સદુપદેશથી ૧1 લાખના ખર્ચે નડિયાદમાં બંધાયેલા શ્રી મણીલાલ છોટાલાલ સુતરીયા જૈન ઉપાશ્રયનું, કલકત્તા નિવાસી **શેઠશ્રી સવાઇલાલ કેશવલાલ પ્રેસીડેન્સી** મેજીસ્ટ્રેટના શુભ હસ્તે તા. ૧--૫--૭૧ ના રોજ ઉદ્ઘાટન થયેલ તે પ્રસંગે ભવ્ય સમારંભનું પ્રમુખપદ શોભાવનાર આણંદ નિવાસી **શેઠશ્રી મણીલાલ નરસીદાસ દોશી** તરફથી સમારંભ પ્રસંગે ઉપાશ્રયમાં રૂ. ૧૫૦૧ ના દાનની જાહેરાત સાથે પદ્મ પ્રકાશનના સાહિત્ય સંરક્ષણ માટે ૫૦૧, ની જાહેરાત થઈ હતી.

(૨) ૫૦૧, ઉપર્યુક્ત ઉપાશ્રયમાં સમવસરણાકાર સિંહાસન પધરાવવાની નડિયાદ નિવાસી **સુતરીયા ચંપકલાલ ઝવેરભાઈ** સુપુત્રો શ્રીમનહરભાઈ,દાદુભાઈ તથામહેન્દ્રભાઈએ ઉછામણીથી આદેશ લીધો. તે પ્રસંગે પદ્મ પ્રકાશનને રૂ. ૫૦૧ નું દાન જાહેર કર્યું હતું 'પદ્મ પ્રકાશન' બંને દાતાઓનો આભાર માને છે.

## પૂ. પં. શ્રી પદ્મ વિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાને આર્થિક સહકાર આપવાના પ્રકારો

રૂ. ૨૫૧, આપનારનો કોઈ પણ એક પુસ્તકમાં ફોટો મૂકાશે.

રૂ. ૧૦૧, „ લાઈફ મેમ્બર ગણાશે.

રૂ. ૫૧, „ દશવર્ષીય „ „

રૂ. ૨૫, „ પંચવર્ષીય „ „

રૂ. ૧૧, „ દ્વિવર્ષીય „ „

* મેમ્બરોના નામ દરેક પુસ્તકમાં છપાશે.
* દરવર્ષે છપાતા પુસ્તકો મેમ્બરોને ભેટ મળશે.
* સંસ્થાના કાર્યાલયો બોરસદ–અમદાવાદ બે ઠેકાણે છે.
* નાણાં ભરનારને બન્ને સ્થળેથી પાકી પહોંચ મળશે.
* ઉપર્યુક્ત કોઈ પણ પ્રકારે સંસ્થાને આર્થિક સહકાર આપો સંસ્થાને સમૃદ્ધ બનાવો. **સુંદર ધાર્મિક વાંચન મેળવો.**

રૂ. ૫૦૦૧ જેવી માતબર રકમનું દાન કરી જેઓ પૂ. પં. શ્રી પદ્મ વિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાના પ્રાણદાતા બન્યા છે.

ધર્માનુરાગી
શાહ ચીમનલાલ ભીખાભાઈ
આણંદ

ધર્માનુરાગિણી
કલાવતીબેન ચીમનલાલ
આણંદ

## પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા - બોરસદના

### સુંદર-સુઘડ-સ્વચ્છ અને રસમય ધાર્મિક પ્રકાશનો :

- પદ્મસૌરભ રૂ. ૧-૨૫
- ભાગ્યના ખેલ ૧-૨૫
- દીવાદાંડી ભા. ૧ ૧-૫૦
- પદ્મપરિમલ ૧-૫૦
- પુણ્યપાપના પડછાયા ૧-૦૦
- આત્મદર્પણ ભેટ
- સંયમના સૌંદર્ય ભેટ
- મહાસાગરનાં મોતી ૧-૭૫
- પંચસૂત્ર-પ્રથમસૂત્ર ૦-૨૫
- કથીર અને કંચન ૧-૭૫

### આગામી પ્રકાશન :

- દીવાદાંડી ભા. ૨ રૂ. ૧-૭૫

પદ્મ પ્રકાશનનો ૧૦ પુસ્તકનો કિં. ૧૦-૨૫ નો સેટ ખરીદનારને દીવાદાંડી ભા. ૨ ભેટ મળશે.

ટાઈટલ : ન્યુ સીટી પ્રેસ, અમદાવાદ